૧૧નું સત્તા૦ થાય. ત્યારપછી હાસ્ય ૬ અને પુ૦વેદનો એકસાથે ક્ષય કરે તેથી ૪ ના બંધે ૪ નું સત્તા૦ થાય. સ્ત્રીવેદે શ્રેણી માંડનારને ૧૩ના સત્તા૦ માંથી નપુંવેદનો ક્ષય થતા ૧૨નું સત્તા૦ હોય. ત્યારપછી સ્ત્રીવેદનો ક્ષય અને પુ૦વેદનો બંધવિચ્છેદ એક સાથે કરે. તેથી ૪ ના બંધે ૧૧નું સત્તા૦ થાય. પછી હાસ્ય ૬ અને પુ૦વેદનો એકસાથે ક્ષય કરે. તેથી ૪ ના બંધે ૪નું સત્તા૦ થાય. પુ૦વેદે શ્રેણી માંડનારને ૧૩ના સત્તા૦માંથી નપું૦ નો ક્ષય થતા ૧૨નું સત્તા૦ થાય, પછી સ્ત્રી૦નો ક્ષય થતા ૧૧નું સત્તા૦ થાય. પછી હાસ્ય ૬ નો ક્ષય અને પુ૦વેદનો બંધવિચ્છેદ એકસાથે થાય. તેથી ૪ ના બંધે ૫નું સત્તા૦ થાય. પછી પુ૦વેદનો ક્ષય થાય એટલે ૪ના બંધે ૪નું સત્તા૦ થાય. ટૂંકમાં નપુંવેદે શ્રેણી માંડનારને ૧૨નું અને ૫નું સત્તા૦ ન હોય, સ્ત્રીવેદે શ્રેણી માંડનારને ૫નું સત્તા૦ ન હોય, પુ૦ વેદે શ્રેણી માંડનારને ૪ ના બંધે ૧૧ નું સત્તા૦ ન હોય.

એટલે નપું૦ વેદે શ્રેણી માંડનારને ૫ના બંધે ૧૩નું જ સત્તા૦ હોય. સ્ત્રીવેદે શ્રેણી માંડનારને ૫ના બંધે ૧૩ નું અને ૧૨નું સત્તા૦ હોય. પુ૦વેદે શ્રેણી માંડનારને ૫ના બંધે ૧૩નું, ૧૨નું અને ૧૧નું એમ ત્રણ સત્તા૦ હોય. નપું૦ વેદે શ્રેણી માંડનારને ૪ના બંધે ૧૧નું અને ૪નું સત્તા૦ હોય. સ્ત્રીવેદે શ્રેણી માંડનારને ૪ના બંધે ૧૧નું અને ૪નું સત્તા૦ હોય. પુ૦વેદે શ્રેણી માંડનારને ૪ના બંધે ૫નું અને ૪નું સત્તા૦ હોય.

૯/૨ ગુણઠાણે સં૦ ક્રોધનો બંધવિચ્છેદ થાય. તેથી ૯/૩ ગુણઠાણે ૩નું બંધ૦ હોય. ત્યાં સમયન્યૂન બે આવલિકા સુધી સં૦ ક્રોધની સત્તા હોવાથી ૪ નું સત્તા૦ હોય, પછી સં૦ ક્રોધનો ક્ષય થવાથી ૩નું સત્તા૦ હોય. ૯/૩ ગુણઠાણે સં૦ માનનો બંધવિચ્છેદ થાય. તેથી ૯/૪ ગુણઠાણે ૨નું બંધ૦ હોય. ત્યાં સમયન્યૂન બે આવલિકા સુધી સં૦ માનની સત્તા હોવાથી ૩ નું સત્તા૦ હોય, પછી સં૦ માનનો ક્ષય થવાથી ૨નું સત્તા૦ હોય. ૯/૪ ગુણઠાણે સં૦ માયાનો બંધવિચ્છેદ થાય. તેથી ૯/૫ ગુણઠાણે ૧નું બંધ૦ હોય. ત્યાં સમયન્યૂન બે આવ૦ સુધી સં૦ માયાની સત્તા હોવાથી ૨નું સત્તા૦ હોય, પછી સં૦ માયાનો ક્ષય થવાથી ૧નું સત્તા૦ હોય. ૯/૫ ગુણઠાણે સં૦ લોભનો બંધવિચ્છેદ થાય. તેથી ૧૦મા ગુણઠાણે અબંધ હોય. ત્યાં સં૦ લોભનું ૧નું સત્તા૦ હોય. ૧૦મા ગુણ૦ ના અંતે તેનો પણ ક્ષય કરે.

## (૮) નામકર્મ :-

### બંધસ્થાનક-૮ :- ૨૩,૨૫,૨૬,૨૮,૨૯,૩૦,૩૧,૧

| | બંધસ્થાનક | પ્રકૃતિઓ | ભાંગા | બંધક |
|---|---|---|---|---|
| ૧. | અપર્યા૦ એકે૦ યોગ્ય ૨૩ | □ ધ્રુવબંધી ૯, તિ૦ ૨, એકે૦, ઔદા૦, હુંડક, સ્થાવર, સૂક્ષ્મ/બાદર, અપર્યા૦, પ્રત્યેક/સાધારણ, અસ્થિર, અશુભ, દુર્ભગ, અનાદેય, અયશ | ૨x૨=૪ | મિથ્યાદષ્ટિ મનુ૦ અને તિ૦ |
| ૨. | (a) પર્યા૦ એકે૦ યોગ્ય ૨૫ | ધ્રુવબંધી ૯, તિ૦ ૨, એકે૦, ઔદા૦, હુંડક, પરા૦, ઉચ્છ્૦, સ્થાવર, બાદર/સૂક્ષ્મ, પર્યા૦, પ્રત્યેક/સાધારણ, સ્થિર/અસ્થિર, શુભ/અશુભ, યશ/અયશ, દુર્ભગ, અનાદેય | ૨૦△ | મિથ્યાદષ્ટિ મનુ૦, તિ૦ અને ઈશાન સુધીના દેવો. |
| | (b) અપર્યા૦ વિકલે૦ યોગ્ય ૨૫ | ધ્રુવબંધી ૯, તિ૦ ૨, વિકલે૦, ઔદા૦ ૨, હુંડક, સેવાર્ત, ત્રસ, બાદર, અપર્યા૦, પ્રત્યેક, અસ્થિર, અશુભ, દુર્ભગ, અનાદેય, અયશ. | ૩ (બેઈ૦, તેઈ૦, ચઉ૦) | મિથ્યાદષ્ટિ મનુ૦ અને તિ૦ |
| | (c) અપર્યા૦ પંચે૦ તિ૦ યોગ્ય ૨૫ | અપર્યા૦ વિકલે૦ યોગ્ય ૨૫ ની જેમ, પણ વિકલે૦ ની બદલે પંચે૦ | ૧ | મિથ્યાદષ્ટિ મનુ૦ અને તિ૦ |

□ ધ્રુવબંધી ૯ = તૈ૦, કા૦, વર્ણાદિ૦ ૪, અગુરુ૦, નિર્માણ, ઉપઘાત.

△ બાદર - પ્રત્યેકમાં સ્થિર ૩- અસ્થિર ૩ ના ૮ ભાંગા. સૂક્ષ્મ અને સાધારણ સાથે યશ૦ ન બંધાય તેથી બાદર સાધારણ, સૂક્ષ્મ-પ્રત્યેક અને સૂક્ષ્મ-સાધારણ દરેકમાં સ્થિર ૨ - અસ્થિર ૨ ના ૪-૪ ભાંગા હોય. તેથી ૮+૪+૪+૪=૨૦ ભાંગા થાય.

| | બંધસ્થાનક | પ્રકૃતિઓ | ભાંગા | બંધક |
|---|---|---|---|---|
| | (d) અપર્યા૦ મનુ૦ યોગ્ય ૨૫ | અપર્યા૦ પંચે૦ તિ૦ યોગ્ય ૨૫ની જેમ, પણ તિ૦ ૨ ની બદલે મનુ૦ ૨ | ૧ | મિથ્યાદષ્ટિ મનુ૦ અને તિ૦ |
| | | | ૨૫ | |
| ૩. | પર્યા૦ એકે૦ યોગ્ય ૨૬ | ધ્રુવબંધી ૯, તિ૦ ૨, એકે૦, ઔદા૦, હુંડક, પરા૦, ઉચ્છ્૦, આતપ/ઉદ્યોત, સ્થાવર, બાદર, પર્યા૦, પ્રત્યેક, સ્થિર/અસ્થિર, શુભ/અશુભ, દુર્ભગ, અનાદેય, યશ/અયશ | ૨x૨x૨x૨=૧૬ | મિથ્યાદષ્ટિ મનુ૦,તિ૦ અને ઈશાનાન્ત દેવો. |
| ૪. | (a) દેવ યોગ્ય ૨૮ | ધ્રુવબંધી ૯, દેવ ૨, પંચે૦, વૈ૦ ૨, ૧લુ સંસ્થાન, સુખગતિ, પરા૦, ઉચ્છ્૦, ત્રસ ૪, સ્થિર/અસ્થિર, શુભ/અશુભ, સુભગ ૩, યશ/અયશ | ૨x૨x૨=૮ | ૧ થી ૮/૬ ગુણ૦વાળા મનુ૦ અને પંચે૦ તિ૦ |
| | (b) નરક યોગ્ય ૨૮ | ધ્રુવબંધી ૯, નરક ૨, પંચે૦, વૈ૦ ૨, હુંડક, કુખગતિ, પરા૦, ઉચ્છ્૦, ત્રસ ૪, અસ્થિર-૬ | ૧ | મિથ્યાદષ્ટિ મનુ૦ અને પંચે૦ તિ૦ |
| | | | ૯ | |
| ૫. | (a) પર્યા૦ વિકલે૦ યોગ્ય ૨૯ | ધ્રુવબંધી ૯, તિ૦ ૨, વિકલે૦, ઔદા૦ ૨, હુંડક, સેવાર્ત્ત, કુખગતિ, પરા૦, ઉચ્છ્૦, ત્રસ ૪, સ્થિર/અસ્થિર, શુભ/અશુભ, દુર્ભગ ૩, યશ/અયશ | ૩x૨x૨x૨=૨૪ | મિથ્યાદષ્ટિ મનુ૦ અને તિ૦ |

| | બંધસ્થાનક | પ્રકૃતિઓ | ભાંગા | બંધક |
|---|---|---|---|---|
| | (b) પર્યા૦ પંચે૦ તિ૦ યોગ્ય ૨૯ | □ ધ્રુવબંધી ૯, તિ૦ ૨, પંચે૦, ઔદા૦ ૨, ૧ સંઘ૦, ૧ સંસ્થાન, પરા૦, ઉચ્છ્૦, એક ખગતિ, ત્રસ ૪, સ્થિર/અસ્થિર, શુભ/અશુભ, સુભગ/દુર્ભગ, સુસ્વર/દુઃસ્વર, આદેય/અનાદેય, યશ/અયશ | ૬x૬x૨x૨x૨x૨x૨x૨x૨= ૪,૬૦૮ | ચારે ગતિના ૧,૨ ગુણ૦વાળા જીવો |
| | (c) પર્યા૦ મનુ૦ યોગ્ય ૨૯ | ○ પર્યા૦ પંચે૦ તિ૦ યોગ્ય ૨૯ની જેમ, પણ તિ૦ ૨ ની બદલે મનુ૦ ૨ | ૬x૬x૨x૨x૨x૨x૨x૨x૨= ૪,૬૦૮ | ૧ થી ૪ ગુણ૦ વાળા ચારે ગતિના જીવો |
| | (d) દેવ યોગ્ય ૨૯ | દેવયોગ્ય ૨૮ + જિન૦ | ૨x૨x૨=૮ | ૪ થી ૮/૬ ગુણ૦ વાળા મનુ૦ |
| | | | ૯,૨૪૮ | |

□ ૧લા ગુણ૦ વાળો આ ૨૯ પ્રકૃતિ બાંધે. ૨જા ગુણ૦વાળો પણ આ ૨૯ પ્રકૃતિ બાંધે, પણ પહેલા પાંચ સંઘયણમાંથી ૧ સંઘ૦ અને પહેલા પાંચ સંસ્થાનમાંથી ૧ સંસ્થાન બાંધે. તેથી તેને ૫x૫x૨x૨x૨x૨x૨x૨x૨=૩,૨૦૦ ભાંગા હોય.

○ ૧ લા ગુણ૦વાળો આ ૨૯ પ્રકૃતિ બાંધે. ૨જા ગુણ૦વાળો પણ આ જ ૨૯ પ્રકૃતિ બાંધે, પણ પહેલા પાંચમાંથી ૧ સંઘ૦ અને પહેલા પાંચમાંથી ૧ સંસ્થાન બાંધે. તેથી તેના ૫x૫x૨x૨x૨x૨x૨x૨x૨=૩,૨૦૦ ભાંગા થાય. ૩જા, ૪થા ગુણ૦વાળા પણ આ ૨૯ પ્રકૃતિ બાંધે, પણ ૧લુ સંઘ૦, ૧લુ સંસ્થાન, સુખગતિ, સુભગ, સુસ્વર, આદેય જ બાંધે. તેથી તેના ૨x૨x૨=૮ ભાંગા થાય.

| | બંધસ્થાનક | પ્રકૃતિઓ | ભાંગા | બંધક |
|---|---|---|---|---|
| ૬. | (a) પર્યા૦ વિકલે૦ યોગ્ય ૩૦ | પર્યા૦ વિકલે૦ યોગ્ય ૨૯ + ઉદ્યોત | ૩x૨x૨x૨=૨૪ | મિથ્યાદૃષ્ટિ મનુ૦ અને તિ૦ |
| | (b) પર્યા૦ પંચે૦ તિ૦ યોગ્ય ૩૦ | △ પર્યા૦ પંચે૦ તિ૦ યોગ્ય ૨૯ + ઉદ્યોત | ૬x૬x૨x૨x૨x૨x૨x૨x૨= ૪,૬૦૮ | ચારે ગતિના ૧,૨ ગુણ૦ વાળા જીવો. |
| | (c) પર્યા૦ મનુ૦ યોગ્ય ૩૦ | પર્યા૦ મનુ૦ યોગ્ય ૨૯ + જિન૦, પણ ૧લુ સંઘ૦, ૧લુ સંસ્થાન, સુખગતિ, સુભગ, સુસ્વર, આદેય જ બાંધે. | ૨x૨x૨=૮ | સમ્યગ્દૃષ્ટિ દેવો અને નારકો. |
| | (d) દેવ યોગ્ય ૩૦ | દેવ યોગ્ય ૨૮ + આહા૦ ૨, પણ સ્થિર, શુભ, યશ જ બાંધે. | ૧ | ૭ થી ૮/૬ ગુણ૦વાળા. |
| | | | ૪,૬૪૧ | |
| ૭. | દેવ યોગ્ય ૩૧ | દેવયોગ્ય ૩૦ + જિન૦ | ૧ | ૭ થી ૮/૬ ગુણ૦વાળા |
| ૮. | અપ્રાયોગ્ય ૧ | યશ૦ | ૧ | ૮/૭,૯,૧૦ ગુણ૦વાળા |

△ - આ ૩૦ પ્રકૃતિ ૧લા ગુણ૦વાળો બાંધે. ૨જા ગુણ૦વાળો પણ આ જ ૩૦ પ્રકૃતિ બાંધે, પણ પાંચમાંથી ૧ સંઘ૦ અને ૫ માંથી ૧ સંસ્થાન બાંધે. તેથી તેને ૫x૫x૨x૨x૨x૨x૨x૨x૨=૩,૨૦૦ ભાંગા હોય.

# નામકર્મના બંધસ્થાનકના ભાંગાનું કોષ્ઠક

| બંધ-સ્થાનક | ક્યા જીવો પ્રાયોગ્ય કેટલા ભાંગા ? | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | એકે૦ | બેઈ૦ | તેઈ૦ | ચઉ૦ | પંચે૦તિ૦ | મનુ૦ | દેવ | નારક | અપ્રાયોગ્ય | કુલભાંગા |
| ૨૩ | ૪ | - | - | - | - | - | .. | - | - | ૪ |
| ૨૫ | ૨૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | - | - | - | ૨૫ |
| ૨૬ | ૧૬ | - | - | - | - | - | - | - | - | ૧૬ |
| ૨૮ | - | - | - | - | - | - | ૮ | ૧ | - | ૯ |
| ૨૯ | - | ૮ | ૮ | ૮ | ૪,૬૦૮ | ૪,૬૦૮ | ૮ | - | - | ૯,૨૪૮ |
| ૩૦ | - | ૮ | ૮ | ૮ | ૪,૬૦૮ | ૮ | ૧ | - | - | ૪,૬૪૧ |
| ૩૧ | - | - | - | - | - | - | ૧ | - | - | ૧ |
| ૧ | - | - | - | - | - | - | - | - | ૧ | ૧ |
| કુલભાંગા | ૪૦ | ૧૭ | ૧૭ | ૧૭ | ૯,૨૧૭ | ૪,૬૧૭ | ૧૮ | ૧ | ૧ | ૧૩,૯૪૫ |

**ઉદયસ્થાનક-૧૨ - ૨૦,૨૧,૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧,૯,૮**

**એકે૦ યોગ્ય ઉદય૦ - ૫ :- ૨૧,૨૪,૨૫,૨૬,૨૭**

| અવસ્થા | ઉદય૦ | પ્રકૃતિ | ભાંગા |
|---|---|---|---|
| વિગ્રહગતિમાં | ૨૧ | ધ્રુવોદયી ૧૨, તિ૦ ૨, સ્થાવર, એકે૦, બાદર/સૂક્ષ્મ, પર્યા૦/અપર્યા૦, દુર્ભગ, અનાદેય, યશ/અયશ | ૫ (બા૦,પર્યા૦,યશ૦-બા૦,પર્યા૦,અયશ૦-બા૦,અપર્યા૦,અયશ૦-સૂ૦,પર્યા૦,અયશ૦-સૂ૦,અપર્યા૦,અયશ૦) |
| ઉત્પત્તિ સમયથી | ૨૪ | ૨૧-તિ૦આનુ૦+ઔદા૦+હુંડક+ઉપઘાત+પ્રત્યેક/સાધારણ | ૧૦ (બા૦ પર્યા૦ને પ્રત્યેક/સાધારણ X યશ/અયશ = ૪. બા૦અપર્યા૦ને પ્રત્યેક/સાધારણ X અયશ = ૨. સૂક્ષ્મને પર્યા૦/અપર્યા૦ X પ્રત્યેક/સાધારણ X અયશ = ૪) |
| બા૦વાયુ૦ને ઉ૦વૈક્રિય કરતા | ૨૪ | ઉપર પ્રમાણે માત્ર ઔદા૦ શરીરની બદલે વૈ૦ શરીર, બા૦-પર્યા૦-પ્રત્યેક-અયશ જ હોય. | ૧ |
| | | | ૧૧ |
| શરીર પર્યાપ્તિ | ૨૫ | ૨૪ + પરાઘાત, પણ પર્યા૦ જ | ૬ (બાદરને પ્રત્યેક/સાધા૦ X યશ/અયશ = ૪ |

| અવસ્થા | ઉદય૦ | પ્રકૃતિ | ભાંગા |
|---|---|---|---|
| પૂર્ણ થયા પછી | | | સૂક્ષ્મને પ્રત્યેક/સાધા૦Xઅયશ = ૨) |
| બા૦વાયુ૦ને ઉ૦વૈ૦ કરતા શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૨૫ | ૨૪ + પરાઘાત | ૧ |
| | | | ૭ |
| ઉચ્છ્૦ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૨૬ | ૨૫+ઉચ્છ્૦ | ૬ (૨૫ના ઉદય૦ ની જેમ) |
| શરીરપર્યાપ્તિએ પર્યા૦ને ઉચ્છ્૦ નો ઉદય ન થયો હોય અને આતપ/ઉદ્યોતનો ઉદય થયો હોય તેને | ૨૬ | ૨૫+આતપ/ઉદ્યોત | ૬ (બાદરને પ્રત્યેક/સાધા૦Xયશ/અયશX ઉદ્યોત=૪. બાદર પ્રત્યેકને યશ/અયશX આતપ=૨) |
| બા૦વાયુ૦ને ઉ૦વૈ૦ કરતા ઉચ્છ્૦ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૨૬ | ૨૫+ઉચ્છ્૦ | ૧ |
| | | | ૧૩ |
| ઉચ્છ્૦ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી આતપ/ઉદ્યોતનો ઉદય થયો હોય તેને | ૨૭ | ૨૫+ઉચ્છ્૦+આતપ/ઉદ્યોત | ૬◆ (૨૬ ના ઉદય૦ની જેમ) |
| | | | કુલ - ૪૨ |

○ ધ્રુવોદયી ૧૨ = તૈ૦, કા૦, અગુરુ૦, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, વર્ણાદિ ૪, નિર્માણ.

□ સૂક્ષ્મ૦ કે અપર્યા૦ ની સાથે યશ૦ નો ઉદય ન હોય. પૃથ્વી૦, અપ્૦, વન૦ ને ૨૧ ના ઉદય૦ના ૫-૫ ભાંગા હોય. તેઉ૦-વાઉ૦ ને યશ૦ નો ઉદય ન હોવાથી ૨૧ના ઉદય૦ના ૪-૪ ભાંગા હોય.

☒ વન૦ સિવાયના સ્થાવર-૪ ને સાધા૦ નો ઉદય ન હોય. તેઉ૦-વાઉ૦ ને યશ૦ નો ઉદય ન હોય. પ્રત્યેક વન૦ને સૂક્ષ્મનો ઉદય ન હોય. તેથી ૨૪ ના ઉદય૦ ના પૃથ્વી૦-અપ્૦ ને ૫-૫ ભાંગા હોય, તેઉ૦-વાઉ૦ ને ૪-૪ ભાંગા હોય, વન૦ ને ૮ ભાંગા હોય.

△ આ અને આગળના ઉદય૦ અપર્યા૦ ને ન હોય. ૨૫ ના ઉદય૦ ના પૃથ્વી૦-અપ્૦ને 3-3 ભાંગા હોય, તેઉ૦-વાઉ૦ ને ૨-૨ ભાંગા હોય અને વન૦ ને ૫ ભાંગા હોય.

☒ સૂક્ષ્મ જીવોને આતપ-ઉદ્યોતનો ઉદય ન હોય. સાધારણ જીવોને આતપનો ઉદય ન હોય. આતપનો ઉદય પૃથ્વી૦ ને જ હોય, શેષ સ્થાવર-૪ ને ન હોય. તેઉ૦-વાઉ૦ ને ઉદ્યોતનો ઉદય પણ ન હોય. તેથી ૨૬ ના ઉદય૦ના પૃથ્વી૦ ને કુલ ભાંગા ૭ હોય, અપ્૦ ને કુલ ભાંગા ૫ હોય, તેઉ૦-વાઉ૦ ને કુલ ભાંગા ૨-૨ હોય, વન૦ ને કુલ ભાંગા ૯ હોય.

⦸ તેઉ૦-વાઉ૦ ને આતપ-ઉદ્યોત-યશ૦ નો ઉદય ન હોય. તેથી તેના વિકલ્પો ન મળે.

◆ ૨૭ નું ઉદય૦ આતપ/ઉદ્યોતના ઉદયવાળુ હોવાથી તેઉ૦-વાઉ૦ ને ન હોય. ૨૭ના ઉદય૦ ના પૃથ્વી૦ને ૪ ભાંગા હોય, અપ્૦ ને ૨ ભાંગા હોય અને વન૦ને ૪ ભાંગા હોય.

## વિકલે૦ યોગ્ય ઉદય૦-૬ :- ૨૧,૨૬,૨૮,૨૯,૩૦,૩૧

| અવસ્થા | ઉદય૦ | પ્રકૃતિ | ભાંગા |
|---|---|---|---|
| વિગ્રહગતિમાં | ૨૧ | ધ્રુવોદયી ૧૨, તિ૦ ૨, વિકલે૦, ત્રસ, બાદર, પર્યા૦/ અપર્યા૦, દુર્ભગ, અનાદેય, યશ/અયશ | ૯ (વિકલે૦૩Xપર્યા૦X યશ/અયશ=૬. વિકલે૦૩Xઅપર્યા૦X અયશ=૩.) |
| ઉત્પત્તિ સમયથી | ૨૬ | ૨૧-તિ૦આનુપૂર્વી+ઔદા૦૨+ હુંડક+સેવાર્ત+ઉપઘાત+પ્રત્યેક | ૯ (ઉપર પ્રમાણે) |
| શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૨૮ | ૨૬+કુખગતિ+પરાઘાત, પણ પર્યા૦ જ | ૬ (વિકલે૦૩Xયશ/ અયશ=૬) |
| ઉચ્છ્૦પર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૨૯ | ૨૮+ઉચ્છ્૦ | ૬ (ઉપર પ્રમાણે) |
| શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઉચ્છ્૦નો ઉદય ન થાય અને ઉદ્યોતનો ઉદય થાય તેને | ૨૯ | ૨૮+ઉદ્યોત | ૬ (ઉપર પ્રમાણે) |
| | | | ૧૨ |
| ભાષા પર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૩૦ | ૨૮+ઉચ્છ્૦+સુસ્વર/દુઃસ્વર | ૧૨ (વિકલે૦૩Xસુસ્વર/ દુઃસ્વરXયશ/અયશ=૧૨) |
| ઉચ્છ્૦ પર્યા૦ પૂર્ણ થયા પછી સ્વરનો ઉદય ન થાય અને ઉદ્યોતનો ઉદય થાય તેને. | ૩૦ | ૨૮+ઉચ્છ્૦+ઉદ્યોત | ૬ (૨૯ના ઉદય૦ની જેમ) |
| | | | ૧૮ |

| અવસ્થા | ઉદય૦ | પ્રકૃતિ | ભાંગા |
|---|---|---|---|
| ભાષા પર્યાપ્તિ પૂર્ણ થયા પછી સ્વર અને ઉદ્યોત બન્નેના ઉદયવાળાને | ૩૧ | ૨૮+ઉચ્છ્૦+સુસ્વર/દુઃસ્વર +ઉદ્યોત | (વિકલે૦૩Xસુસ્વર/ દુઃસ્વરXયશ/અયશ= ૧૨) |
| | | | કુલ-૬૬ |

**સામાન્ય પંચે૦ તિ૦ યોગ્ય ઉદય૦-૬ :- ૨૧,૨૬,૨૮,૨૯,૩૦,૩૧**

| અવસ્થા | ઉદય૦ | પ્રકૃતિ | ભાંગા |
|---|---|---|---|
| વિગ્રહગતિમાં | ૨૧ | ધ્રુવોદયી ૧૨, તિ૦ ૨, પંચે૦, ત્રસ, બાદર, પર્યા૦/અપર્યા૦, સુભગ/દુર્ભગ, આદેય/અનાદેય, યશ/અયશ. | □ ૯ (પર્યા૦ને સુભગ/ દુર્ભગXઆદેય/ અનાદેયXયશ/ અયશ=૮. અપર્યા૦ ને દુર્ભગ-અનાદેય- અયશ=૧) |
| ઉત્પત્તિ સમયથી | ૨૬ | ૨૧-તિ૦આનુ૦+ઔદા૦ ૨+ એક સંઘ૦+એક સંસ્થાન+ ઉપઘાત+પ્રત્યેક | ૨૮૯ (પર્યા૦ ને ૬X૬X૨X૨X૨=૨૮૮, અપર્યા૦ને ૧) |
| શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૨૮ | ૨૬+સુખગતિ/કુખગતિ+પરા૦, પણ પર્યા૦ જ | ૬X૬X૨X૨X૨X૨= ૫૭૬ |
| ઉચ્છ્૦ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૨૯ | ૨૮+ઉચ્છ્૦ | ૬X૬X૨X૨X૨X૨= ૫૭૬ |

□ મતાંતરે સુભગ-આદેય સાથે જ ઉદયમાં આવે, દુર્ભગ-અનાદેય સાથે જ ઉદયમાં આવે. તેથી પર્યા૦ ને સુભગ-આદેય/દુર્ભગ-અનાદેય X યશ/અયશ = ૪ ભાંગા હોય, અપર્યા૦ ને ૧ ભાંગો હોય. તેથી ૨૧ ના ઉદયે કુલ ૫ ભાંગા હોય. એમ આગળ પણ આ મતાંતરે ભાંગાની વિષમતા જાણવી.

| અવસ્થા | ઉદય૦ | પ્રકૃતિ | ભાંગા |
|---|---|---|---|
| શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઉચ્છ્૦નો ઉદય ન થાય અને ઉદ્યોતનો ઉદય થાય તેને | ૨૯ | ૨૮+ઉદ્યોત | ૬X૬X૨X૨X૨X૨= ૫૭૬ |
| | | | ૧,૧૫૨ |
| ભાષાપર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૩૦ | ૨૮+ઉચ્છ્૦+સુસ્વર/ દુઃસ્વર | ૬X૬X૨X૨X૨X૨X૨ =૧,૧૫૨ |
| ઉચ્છ્૦ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી સ્વરનો ઉદય ન થાય અને ઉદ્યોતનો ઉદય થાય તેને | ૩૦ | ૨૮+ઉચ્છ્૦+ઉદ્યોત | ૬X૬X૨X૨X૨X૨= ૫૭૬ |
| | | | ૧,૭૨૮ |
| ભાષાપર્યાપ્તિ પૂર્ણ થયા પછી સ્વર અને ઉદ્યોત બન્નેના ઉદયવાળાને | ૩૧ | ૨૮+ઉચ્છ્૦+સુસ્વર/ દુઃસ્વર+ઉદ્યોત | ૬X૬X૨X૨X૨X૨X૨ =૧,૧૫૨ |
| | | | કુલ ૪,૯૦૬ |

**વૈ૦ શરીર કરતા પંચે૦ તિ૦ ને ઉદયસ્થાનકો-૫ :- ૨૫,૨૭,૨૮,૨૯,૩૦**

| અવસ્થા | ઉદય૦ | પ્રકૃતિ | ભાંગા |
|---|---|---|---|
| શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પૂર્વે | ૨૫ | ધ્રુવોદયી ૧૨, તિ૦ગતિ, પંચે૦,ત્રસ, બાદર, પર્યા૦, | ૨ X ૨ X ૨ = ૮ |

| અવસ્થા | ઉદય૦ | પ્રકૃતિ | ભાંગા |
|---|---|---|---|
| | | સુભગ/દુર્ભગ, આદેય/ અનાદેય, યશ/અયશ, વૈ૦ ૨, ૧લુ સંસ્થાન, ઉપઘાત, પ્રત્યેક | |
| શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૨૭ | ૨૫+સુખગતિ+પરાઘાત | ૨x૨x૨=૮ |
| ઉચ્છ્૦ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૨૮ | ૨૭+ઉચ્છ્૦ | ૨x૨x૨=૮ |
| શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઉચ્છ્૦નો ઉદય ન થયો હોય અને ઉદ્યોતનો ઉદય થાય તેને | ૨૮ | ૨૭+ઉદ્યોત | ૨x૨x૨=૮ |
| | | | ૧૬ |
| ભાષાપર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૨૯ | ૨૭+ઉચ્છ્૦+સુસ્વર | ૨x૨x૨=૮ |
| ઉચ્છ્૦ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી સ્વરનો ઉદય ન થયો હોય અને ઉદ્યોતનો ઉદય થાય તેને | ૨૯ | ૨૮+ઉદ્યોત | ૨x૨x૨=૮ |
| | | | ૧૬ |
| ભાષા પર્યાપ્તિ પૂર્ણ થયા પછી સુસ્વર અને ઉદ્યોત બન્નેનો ઉદય થયો હોય તેને. | ૩૦ | ૨૮+સુસ્વર+ઉદ્યોત | ૨x૨x૨=૮ |
| | | | કુલ ૫૬ |

પંચે૦ તિ૦ ના ઉદય૦ ના કુલ ભાંગા = ૪,૯૦૬ + ૫૬ = ૪,૯૬૨

## સામાન્ય મનુષ્યના ઉદયસ્થાનકો-૫ :- ૨૧,૨૬,૨૮,૨૯,૩૦

| અવસ્થા | ઉદય૦ | પ્રકૃતિ | ભાંગા |
|---|---|---|---|
| વિગ્રહગતિમાં | ૨૧ | પંચે૦ તિ૦ ની જેમ, પણ તિ૦ ૨ ની બદલે મનુ૦ ૨ | ૯ (પંચે૦ તિ૦ ની જેમ) |
| ઉત્પત્તિ બાદ | ૨૬ | ૨૧-મનુ૦આનુ૦+ઓદા૦ ૨ +એક સંઘ૦+એક સંસ્થાન+ ઉપઘાત+પ્રત્યેક | ૨૮૯ (પંચે૦ તિ૦ ની જેમ) |
| શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૨૮ | ૨૬+એક ખગતિ+પરાઘાત | ૫૭૬ (પંચે૦ તિ૦ ની જેમ) |
| ઉચ્છ્૦ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૨૯ | □૨૮+ઉચ્છ્૦ | ૫૭૬ (પંચે૦ તિ૦ ની જેમ) |
| ભાષા પર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૩૦ | ૨૯+એક સ્વર | ૧,૧૫૨ (પંચે૦તિ૦ ની જેમ) |
| | | | કુલ ૨,૬૦૨ |

□ વૈ૦ અને આહા૦ સંયત સિવાય શેષ મનુષ્યોને ઉદ્યોતનો ઉદય ન હોય. તેથી અહીં ઉદ્યોતના ઉદયવાળા ૨૯,૩૦,૩૧ ના ઉદયસ્થાનક ન હોય.

## વૈ૦ શરીર કરતા મનુ૦ ને ઉદયસ્થાનકો - ૫ :- ૨૫,૨૭,૨૮,૨૯,૩૦

| અવસ્થા | ઉદય૦ | પ્રકૃતિઓ | ભાંગા |
|---|---|---|---|
| શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પૂર્વે | ૨૫ | વૈ૦પંચે૦તિ૦ ની જેમ પણ તિ૦ગતિની બદલે મનુ૦ગતિ | △૨x૨x૨=૮ |
| શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૨૭ | ૨૫ + પરાઘાત + સુખગતિ | ૨x૨x૨=૮ |

△ વૈ૦ શરીર કરતા દેશવિરત-સંયતને બધા ઉદયસ્થાનકે સુભગ-આદેય-યશનો એક જ ભાંગો હોય.

| અવસ્થા | ઉદય૦ | પ્રકૃતિઓ | ભાંગા |
| --- | --- | --- | --- |
| ઉચ્છ્૦ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૨૮ | ૨૭+ઉચ્છ્૦ | ૨x૨x૨=૮ |
| ઉ૦ વૈ૦ કરતા સંયતને શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઉચ્છ્૦નો ઉદય ન થયો હોય અને ઉદ્યોતનો ઉદય થાય તેને. | ૨૮ | ૨૭+ઉદ્યોત | ૧ (સુભગ-આદેય-યશ) |
| | | | ૯ |
| ભાષા પર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૨૯ | ૨૭+ઉચ્છ્૦+સુસ્વર | ૨x૨x૨=૮ |
| ઉ૦ વૈ૦ કરતા સંયતને ઉચ્છ્૦ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી સ્વર નો ઉદય ન થયો હોય અને ઉદ્યોતનો ઉદય થાય તેને | ૨૯ | ૨૭+ઉચ્છ્૦+ઉદ્યોત | ૧ (સુભગ-આદેય-યશ) |
| | | | ૯ |
| ભાષા પર્યાપ્તિ પૂર્ણ થયા પછી સ્વર અને ઉદ્યોત બન્નેના ઉદયવાળા સંયતને | ૩૦ | ૨૭+ઉચ્છ્૦+સુસ્વર+ઉદ્યોત | ૧ (સુભગ-આદેય-યશ) |
| | | | કુલ ૩૫ |

## આહારકસંયતના ઉદયસ્થાનકો - ૫ :- ૨૫,૨૭,૨૮,૨૯,૩૦

| અવસ્થા | ઉદય૦ | પ્રકૃતિઓ | ભાંગા |
|---|---|---|---|
| શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પૂર્વે | ૨૫ | વૈ૦ મનુ૦ ની જેમ, પણ વૈ૦ ૨ ની બદલે આહા૦ ૨ અને સુભગ-આદેય-યશ જ | △ ૧ |
| શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૨૭ | ૨૫+સુખગતિ+પરાઘાત | ૧ |
| ઉચ્છ્૦ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૨૮ | ૨૭+ઉચ્છ્૦ | ૧ |
| શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઉચ્છ્૦ના અનુદયે, ઉદ્યોતના ઉદયે | ૨૮ | ૨૭+ઉદ્યોત | ૧ |
| | | | ૨ |
| ભાષા પર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૨૯ | ૨૭+ઉચ્છ્૦+સુસ્વર | ૧ |
| ઉચ્છ્ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી સ્વરના અનુદયે, ઉદ્યોતના ઉદયે | ૨૯ | ૨૭+ઉચ્છ્૦+ઉદ્યોત | ૧ |
| | | | ૨ |
| ભાષાપર્યાપ્તિ પૂર્ણ થયા પછી સ્વર અને ઉદ્યોત બન્નેના ઉદયવાળાને | ૩૦ | ૨૭+ઉચ્છ્૦+સુસ્વર+ઉદ્યોત | ૧ |
| | | | કુલ ૭ |

△ આહા૦ સંયતને દુર્ભગ-અનાદેય-અયશનો ઉદય ન હોય.

## કેવળીના ઉદયસ્થાનકો - ૧૦ :- ૨૦,૨૧,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧,૯,૮

## અતીર્થંકર કેવળીના ઉદયસ્થ૦ અને તેના ભાંગા

| અવસ્થા | ઉદયસ્થ૦ | પ્રકૃતિઓ | ભાંગા |
|---|---|---|---|
| અતીર્થંકર કેવળીને સમુદ્ઘાતમાં કાર્મણકાયયોગમાં વર્તતા | ૨૦ | ધ્રુવોદયી ૧૨,મનુ૦ગતિ,પંચે૦, ત્રસ, બાદર, પર્યા૦, સુભગ, આદેય, યશ. | ૧ |
| અતીર્થંકર કેવળીને સમુદ્ઘાતમાં ઔદા૦ મિશ્ર કાયયોગમાં વર્તતા | ૨૬ | ૨૦+ઔદા૦ ૨+ એક સંસ્થાન ૧લુ સંઘ૦+ઉપઘાત+પ્રત્યેક | ૬ □ (૬ સંસ્થાનના) |
| અતીર્થંકર સયોગી કેવળીને ઔદા૦ કાયયોગમાં વર્તતા | ૩૦ | ૨૬ + ૧ ખગતિ + ૧ સ્વર + પરાઘાત+ઉચ્છ્૦ | □ ૬x૨x૨=૨૪ |
| અતીર્થંકર સયોગી કેવળીને વચન-યોગના નિરોધ પછી | ૨૯ | ૩૦ - સ્વર | □ ૬x૨=૧૨ |
| અતીર્થંકર કેવળીને ઉચ્છ્૦ના નિરોધ પછી | ૨૮ | ૨૯ - ઉચ્છ્૦ | □ ૬x૨=૧૨ |
| અતીર્થંકર અયોગી કેવળીને ચરમ સમયે | ૮ | મનુ૦ગતિ, પંચે૦, ત્રસ, બાદર, પર્યા૦, સુભગ, આદેય, યશ | ૧ |
| | | | કુલ ૫૬ |

□ અતીર્થંકર કેવળી યોગ્ય ૨૬,૩૦,૨૯,૨૮ ના ઉદયસ્થ૦ ના ક્રમશઃ ૬,૨૪,૧૨,૧૨ ભાંગા સામાન્ય મનુષ્યના ઉદયસ્થ૦ માં પણ મળે છે, તેથી તે જુદા ન ગણવા. તેથી અતીર્થંકર કેવળીના ૨ ભાંગા થાય.

## તીર્થંકર કેવળીના ઉદય૦ અને તેના ભાંગા

| અવસ્થા | ઉદય૦ | પ્રકૃતિઓ | ભાંગા |
|---|---|---|---|
| તીર્થંકરકેવળીને સમુદ્‌ઘાતમાં કાર્મણ કાયયોગમાં વર્તતા | ૨૧ | ધ્રુવોદયી ૧૨, મનુ૦ ગતિ, પંચે૦, ત્રસ, બાદર, પર્યા૦, સુભગ, આદેય, યશ, જિન૦ | ૧ |
| તીર્થંકરકેવળીને સમુદ્‌ઘાતમાં ઔદા૦ મિશ્ર કાયયોગમાં વર્તતા | ૨૭ | ૨૧+ઔદા૦૨+૧લુ સંસ્થાન+૧લુ સંઘ૦+ઉપઘાત+પ્રત્યેક | ૧ |
| તીર્થંકર સયોગી કેવળીને ઔદા૦ કાયયોગમાં વર્તતા | ૩૧ | ૨૭+સુખગતિ+સુસ્વર+પરાઘાત+ઉચ્છ્‌વાસ | ૧ |
| તીર્થંકર સયોગી કેવળીને વચનયોગના નિરોધ પછી | ૩૦ | ૩૧ - સુસ્વર | ૧ |
| તીર્થંકર સયોગી કેવળીને ઉચ્છ્‌વાસના નિરોધ પછી | ૨૯ | ૩૦ - ઉચ્છ્‌વાસ | ૧ |
| તીર્થંકર અયોગી કેવળીને ચરમસમયે | ૯ | મનુ૦ગતિ, પંચે૦, ત્રસ, બાદર, પર્યા૦, સુભગ, આદેય, યશ, જિન૦ | ૧ |
| | | | કુલ ૬ |

તીર્થંકર કેવળીના ઉદય૦ના કુલ ભાંગા ૬ છે.

તેથી કેવળીના ઉદય૦ ના કુલ ભાંગા ૨+૬=૮ છે.

મનુષ્યના ઉદય૦ ના કુલ ભાંગા = ૨,૬૦૨+૩૫+૭+૮ = ૨,૬૫૨.

## દેવોના ઉદયસ્થાનકો - ૬ :- ૨૧,૨૫,૨૭,૨૮,૨૯,૩૦

| અવસ્થા | ઉદય૦ | પ્રકૃતિઓ | ભાંગા |
|---|---|---|---|
| વિગ્રહગતિમાં | ૨૧ | ધ્રુવોદયી ૧૨, દેવ ૨, પંચે૦, ત્રસ, બાદર, પર્યા૦, સુભગ/ દુર્ભગ, આદેય/અનાદેય, યશ/અયશ | ૨x૨x૨=૮ |
| ઉત્પત્તિ પછી | ૨૫ | ૨૧-દેવાનુ૦+વૈ૦૨+ઉપઘાત+ પ્રત્યેક+૧લુ સંસ્થાન | ૨x૨x૨=૮ |
| શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૨૭ | ૨૫+પરાઘાત+સુખગતિ△ | ૨x૨x૨=૮ |
| ઉચ્છ્૦ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૨૮ | ૨૭+ઉચ્છ્૦ | ૨x૨x૨=૮ |
| શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી ઉચ્છ્૦ના અનુદયે, ઉદ્યોતના ઉદયે. | ૨૮ | □૨૭+ઉદ્યોત | ૨x૨x૨=૮ |
| | | | ૧૬ |
| ભાષા પર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૨૯ | ૨૭+ઉચ્છ્૦+સુસ્વર○ | ૨x૨x૨=૮ |
| ઉચ્છ્૦ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી સ્વરના અનુદયે, ઉદ્યોતના ઉદયે. | ૨૯ | ૨૭+ઉચ્છ્૦+ઉદ્યોત | ૨x૨x૨=૮ |
| | | | ૧૬ |

| અવસ્થા | ઉદય૦ | પ્રકૃતિઓ | ભાંગા |
|---|---|---|---|
| ભાષા પર્યાપ્તિ પૂર્ણ થયા પછી સ્વર અને ઉદ્યોત બન્નેના ઉદયે | ૩૦ | ૨૭+ઉચ્છ્૦+સુસ્વર+ઉદ્યોત | ૨x૨x૨=૮ |
| | | | કુલ ૬૪ |

△ દેવોને કુખગતિનો ઉદય ન હોય.

□ દેવોને ઉ૦ વૈ૦ શરીરમાં ઉદ્યોતનો ઉદય હોય.

○ દેવોને દુઃસ્વરનો ઉદય ન હોય.

## નારકીના ઉદયસ્થાનકો-૫ :- ૨૧,૨૫,૨૭,૨૮,૨૯

| અવસ્થા | ઉદય૦ | પ્રકૃતિઓ | ભાંગા |
|---|---|---|---|
| વિગ્રહગતિમાં | ૨૧ | ધ્રુવોદયી ૧૨, નરક ૨, પંચે૦, ત્રસ, બાદર, પર્યા૦, દુર્ભગ, અનાદેય, અયશ. | ૧ |
| ઉત્પત્તિ બાદ | ૨૫ | ૨૧-નરકાનુ૦+વૈ૦ ૨+ હુંડક+ઉપઘાત+પ્રત્યેક | ૧ |
| શરીરપર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૨૭ | ૨૫+પરાઘાત+□કુખગતિ | ૧ |
| ઉચ્છ્૦ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૨૮ | △૨૭+ઉચ્છ્૦ | ૧ |
| ભાષા પર્યાપ્તિ પૂર્ણ થયા પછી | ૨૯ | ૨૮+દુઃસ્વર☒ | ૧ |
| | | | કુલ ૫ |

□ નારકીને સુખગતિ નો ઉદય ન હોય.

△ નારકીને ઉદ્યોત નો ઉદય ન હોવાથી તેના ઉદયવાળા ઉદય૦ ન હોય.

☒ નારકીને સુસ્વરનો ઉદય ન હોય.

## નામકર્મના ઉદયસ્થાનકના ભાંગાનું કોષ્ઠક

| ઉદય૦ | ભાંગા | એકે૦ | વિકલે૦ | પંચે૦ તિ૦ | વૈ૦પંચે૦ તિ૦ | મનુ૦ | વૈ૦મનુ૦ | આહા૦ મનુ૦ | તી૦ કેવળી | અતી૦ કેવળી | દેવ | નારક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦ | ૧ | - | - | - | - | - | - | - | - | ૧ | - | - |
| ૨૧ | ૪૨ | ૫ | ૯ | ૯ | - | ૯ | - | - | ૧ | - | ૮ | ૧ |
| ૨૪ | ૧૧ | ૧૧ | - | - | - | - | - | - | - | - | - | - |
| ૨૫ | ૩૩ | ૭ | - | - | ૮ | - | ૮ | ૧ | - | - | ૮ | ૧ |
| ૨૬ | ૬૦૦ | ૧૩ | ૯ | ૨૮૯ | - | ૨૮૯ | - | - | - | - | - | - |
| ૨૭ | ૩૩ | ૬ | - | - | ૮ | - | ૮ | ૧ | ૧ | - | ૮ | ૧ |
| ૨૮ | ૧,૨૦૨ | - | ૬ | ૫૭૬ | ૧૬ | ૫૭૬ | ૯ | ૨ | - | - | ૧૬ | ૧ |
| ૨૯ | ૧,૭૮૫ | - | ૧૨ | ૧,૧૫૨ | ૧૬ | ૫૭૬ | ૯ | ૨ | ૧ | - | ૧૬ | ૧ |
| ૩૦ | ૨,૯૧૭ | - | ૧૮ | ૧,૭૨૮ | ૮ | ૧,૧૫૨ | ૧ | ૧ | ૧ | - | ૮ | - |
| ૩૧ | ૧,૧૬૫ | - | ૧૨ | ૧,૧૫૨ | - | - | - | - | ૧ | - | - | - |
| ૯ | ૧ | - | - | - | - | - | - | - | ૧ | - | - | - |
| ૮ | ૧ | - | - | - | - | - | - | - | - | ૧ | - | - |
| કુલ | ૭,૭૯૧ | ૪૨ | ૬૬ | ૪,૯૦૬ | ૫૬ | ૨,૬૦૨ | ૩૫ | ૭ | ૬ | ૨ | ૬૪ | ૫ |

## સ્થાવર-૫ માં વિશેષથી ઉદયસ્થાનક અને તેના ભાંગા

| ઉદય-સ્થાનક | પૃથ્વી૦ | અપ્૦ | તેઉ૦ | સામાન્ય વાઉ૦ | વૈ૦ વાઉ૦ | વન૦ | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|---|
| ૨૧ | ૫ | ૫ | ૪ | ૪ | - | ૫ | ૨૩ |
| ૨૪ | ૫ | ૫ | ૪ | ૪ | ૧ | ૮ | ૨૭ |
| ૨૫ | ૩ | ૩ | ૨ | ૨ | ૧ | ૫ | ૧૬ |
| ૨૬ | ૭ | ૫ | ૨ | ૨ | ૧ | ૯ | ૨૬ |
| ૨૭ | ૪ | ૨ | - | - | - | ૪ | ૧૦ |
| કુલ | ૨૪ | ૨૦ | ૧૨ | ૧૨ | ૩ | ૩૧ | ૧૦૨ |

એકે૦ ના તે-તે ઉદય૦ ના ભાંગા તેમજ કુલ ભાંગા અને સ્થાવર-૫ ના તે-તે ઉદય૦ના ભાંગા તેમજ કુલ ભાંગામાં ભેદ છે. તેનું કારણ એ છે કે એકે૦ ના ભાંગામાં માત્ર અપુનરુક્ત ભાંગા જ ગણ્યા છે, સ્થાવર-૫ ના ભાંગામાં પુનરુક્ત-અપુનરુક્ત બધા જ ભાંગા ગણ્યા છે.

**સત્તાસ્થાનક - ૧૨ :- ૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૯,૭૮,૭૬,૭૫,૯,૮**

| સત્તા-સ્થાનક | પ્રકૃતિઓ | કોને હોય ? |
|---|---|---|
| ૯૩ | સર્વ | જિન૦ અને આહા૦ ૪ જેણે બાંધ્યુ હોય તેને. |
| ૯૨ | ૯૩-જિન૦ | જેણે આહા૦ ૪ બાંધ્યુ હોય અને જિન૦ ન બાંધ્યુ હોય તેને. |
| ૮૯ | ૯૩-આહા૦૪ | જેણે જિન૦ બાંધ્યુ હોય અને આહા૦ ૪ ન બાંધ્યુ હોય તેને. |
| ૮૮ | ૮૯-જિન૦ | જેણે જિન૦ અને આહા૦ ૪ બાંધ્યુ નથી તેને. ૮૬ ની સત્તા૦ વાળો પંચે૦ દેવ ૨/નરક ૨ બાંધે તેને પણ ૮૮નું સત્તા૦ હોય. |
| ૮૬ | ૮૮-નરક ૨/દેવ ૨ | એકે૦ ને તથાસ્વભાવે દેવયોગ્ય કે નરકયોગ્ય પ્રકૃતિ બંધાતી નથી. પૂર્વબદ્ધ નરક ૨, દેવ ૨ અને વૈ૦ ૪ની પણ ઉદ્વલના થઈ જાય છે. ૮૮ની સત્તાવાળા એકે૦ ને પહેલા નરક ૨ કે |

| સત્તા-સ્થાનક | પ્રકૃતિઓ | કોને હોય ? |
|---|---|---|
| | | દેવ ૨ ની ઉદ્વલના થતા ૮૬નું સત્તા૦ હોય. ૮૦ની સત્તાવાળો એકે૦ પંચે૦માં જઈ દેવ ૨ કે નરક ૨ અને વૈ૦ ૪ બાંધે તેને પણ ૮૬નું સત્તાસ્થાન હોય. |
| ૮૦ | ૮૬-(દેવ ૨/નરક ૨, વૈ૦ ૪) | ૮૬ની સત્તાવાળા એકે૦ ને દેવ ૨/નરક ૨ અને વૈ૦૪ ની ઉદ્વલના થયા બાદ ૮૦નું સત્તા૦ હોય. ૭૮ની સત્તાવાળો તેઉ૦-વાઉ૦માંથી અન્ય એકે૦માં જઈ મનુ૦૨ બાંધે તેને પણ ૮૦નું સત્તા૦ હોય. |
| | ૯૩-(નરક ૨,તિ૦ ૨, જાતિ ૪, સ્થાવર ૨, આતપ ૨, સાધા૦) | ક્ષપકશ્રેણીમાં ૯૩ની સત્તાવાળાને ૯મા ગુણઠાણે નરક ૨, તિ૦ ૨, જાતિ ૪, સ્થાવર ૨, આતપ ૨, સાધારણ-આ ૧૩ પ્રકૃતિનો ક્ષય થતા પણ ૮૦નું સત્તા૦ હોય. |
| ૭૯ | ૯૨-૧૩ | ક્ષપકશ્રેણીમાં ૯૨ની સત્તાવાળાને ૯મા ગુણઠાણે ૧૩ પ્રકૃતિનો ક્ષય થતા ૭૯ નું સત્તા૦ હોય. |
| ૭૮ | ૮૮-(નરક ૨,દેવ ૨, વૈ૦ ૪, મનુ૦ ૨) | ૮૦ની સત્તાવાળો અન્ય એકે૦ તેઉ૦-વાઉ૦માં જઈ મનુ૦ ૨ ની ઉદ્વલના કરે તેને ૭૮નું સત્તા૦ હોય. તેઉ૦-વાઉ૦ જીવો મનુ૦ યોગ્ય પ્રકૃતિ બાંધતા નથી. |
| ૭૬ | ૮૯-૧૩ | ક્ષપકશ્રેણીમાં ૮૯ની સત્તાવાળાને ૯મા ગુણઠાણે ૧૩ પ્રકૃતિનો ક્ષય થતા ૭૬ નું સત્તા૦ હોય. |
| ૭૫ | ૮૮-૧૩ | ક્ષપકશ્રેણીમાં ૮૮ની સત્તાવાળાને ૯મા ગુણઠાણે ૧૩ પ્રકૃતિનો ક્ષય થતા ૭૫નું સત્તા૦ હોય. |
| ૯ | મનુ૦, પંચે૦, ત્રસ, બાદર, પર્યા૦, સુભગ-૩, જિન૦ | તીર્થંકરને ૧૪મા ગુણ૦ના ચરમ સમયે. |
| ૮ | ૯-જિન૦ | અતીર્થંકરને ૧૪મા ગુણ૦ ના ચરમ સમયે. |

## બંધ૦ - ઉદય૦ - સત્તા૦ નો સંવેધ-

| બંધ-સ્થાનક | ભાંગા | બંધક | ઉદય૦ | ભાંગા | એકે૦ | વિકલે૦ | સા૦ પંચે૦ તિ૦ | વૈ૦ પંચે૦ તિ૦ | સા૦ મનુ૦ | વૈ૦ મનુ૦ | સત્તા૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અપર્યા૦ | ૪ | મિથ્યાદૃષ્ટિ | ૨૧ | ૩૨ | ૫ | ૯ | ૯ | - | ૯ | - | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ |
| એકે૦ | | એકે૦, | ૨૪ | ૧૧ | ૧૧ | - | - | - | - | - | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ |
| યોગ્ય | | વિકલે૦, | ૨૫ | ૨૩ | ૭ | - | - | ૮ | - | ૮ | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ |
| ૨૩ | | પંચે૦ તિ૦, | ૨૬ | ૬૦૦ | ૧૩ | ૯ | ૨૮૯ | - | ૨૮૯ | - | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ |
| | | મનુ૦ | ૨૭ | ૨૨ | ૬ | - | - | ૮ | - | ૮ | ૯૨,૮૮,૮૬,૮૦ |
| | | | ૨૮ | ૧,૧૮૨ | - | ૬ | ૫૭૬ | ૧૬ | ૫૭૬ | ૮ | ૯૨,૮૮,૮૬,૮૦ |
| | | | ૨૯ | ૧,૭૬૪ | - | ૧૨ | ૧,૧૫૨ | ૧૬ | ૫૭૬ | ૮ | ૯૨,૮૮,૮૬,૮૦ |
| | | | ૩૦ | ૨,૯૦૬ | - | ૧૮ | ૧,૭૨૮ | ૮ | ૧,૧૫૨ | - | ૯૨,૮૮,૮૬,૮૦ |
| | | | ૩૧ | ૧,૧૬૪ | - | ૧૨ | ૧,૧૫૨ | - | - | - | ૯૨,૮૮,૮૬,૮૦ |
| કુલ | | | | ૭,૭૦૪ | ૪૨ | ૬૬ | ૪,૯૦૬ | ૫૬ | ૨,૬૦૨ | ૩૨ | ૪૦ |

● ૨૩ નો બંધ અપર્યા૦ એકે૦ યોગ્ય છે. તેથી દેવ-નારક-કેવળી-આહા૦ મનુ૦ અને ઉદ્યોતવાળા વૈ૦મનુ૦ ને ન હોય. આમ કુલ ૬૪ + ૫ + ૮ + ૭ + ૩ = ૮૭ ઉદય૦ ના ભાંગામાં ૨૩નો બંધ ન હોય. તેથી તે તે ઉદયસ્થાનકોમાં તે તે ભાંગાઓ ઓછા કરવા.

- ૭૮ નું સત્તા૦ તેઉ૦-વાઉ૦ ને મનુ૦ ૨ ની ઉદ્વલના કર્યા પછી અને તેઉ૦-વાઉ૦ માંથી મનુ૦ ૨ ની ઉદ્વલના કરી અન્ય એકે૦, બેઇ૦ વગેરેમાં આવેલાને અલ્પ કાળ સુધી (મનુ૦ ૨ ન બાંધે ત્યાં સુધી) અર્થાત્ ૨ ઉદયસ્થાનક સુધી જ હોય.
- વૈક્રિય શરીર કરતા વાયુ૦, પંચે૦ તિ૦, મનુ૦ ને પોતપોતાના ઉદય૦માં ૮૦, ૭૮ ના સત્તા૦ ન હોય.
- ૨૧ ના ઉદય૦ માં મનુ૦ સિવાય બધા જીવોને ૫ સત્તા૦ હોય. મનુ૦ ને ૭૮ ના સત્તા૦ વિના ૪ સત્તા૦ હોય. ૭૮ નું સત્તા૦ મનુ૦ ૨ વિનાનું હોવાથી મનુ૦ને ન હોય.
- ૨૪ ના ઉદય૦માં ૫ સત્તા૦ હોય. પણ વૈ૦ શરીર કરતા વાયુકાયને ૨૪ના ઉદય૦માં ૮૦ અને ૭૮ ના સત્તા૦ સિવાયના ૩ સત્તા૦ હોય, કેમકે ઉત્તર વૈ૦ શરીર કરતો હોવાથી વૈ૦ વિનાના સત્તા૦ તેને ન હોય. વળી વૈ૦ ૬ ની ઉદ્વલના થયા પછી જ મનુ૦ ૨ ની ઉદ્વલના થાય છે, તે પૂર્વે નહીં. તેથી તેને મનુ૦ ૨ વિનાનુ સત્તા૦ પણ ન હોય.
- ૨૫ ના ઉદયે ૫ સત્તા૦ હોય. ત્યાં ૭૮ નું સત્તા૦ અવૈક્રિય વાયુ૦ - તેઉ૦ ને હોય, બીજાને ન હોય. કેમકે ૨૫નું ઉદય૦ પર્યાપ્તાવસ્થામાં હોય છે અને તેઉ૦-વાઉ૦ સિવાય બધા પર્યાપ્તા અવશ્ય મનુ૦ ૨ બાંધે છે.
- ૨૬ ના ઉદયે ૫ સત્તા૦ હોય. ત્યાં ૭૮ નું સત્તા૦ અવૈક્રિય વાયુ૦-તેઉ૦ ને અને તેઉ૦-વાઉ૦માંથી મનુ૦૨ ની ઉદ્વલના કરીને આવેલા વિકલે૦ અને પંચે૦ તિ૦ ને અપર્યાપ્તાવસ્થામાં અલ્પકાળ સુધી (મનુ૦ ૨ ન બાંધે ત્યાં સુધી) હોય.
- ૨૭નું ઉદય૦ તેઉ૦-વાઉ૦ સિવાય પર્યા૦ બા૦ એકે૦-વૈ૦ પંચે૦ તિ૦-મનુ૦ને હોય. તેથી ત્યાં ૭૮ નું સત્તા૦ ન હોય. શેષ ૪ સત્તા૦ હોય.

● ૨૮,૨૯,૩૦ ના ઉદય૦ પર્યા૦ વિકલે૦-પંચે૦તિ૦- મનુ૦ ને હોય, ૩૧નુ ઉદય૦ પર્યા૦ વિકલે૦-પંચે૦ તિ૦ ને હોય. તેથી આ ૪ ઉદય૦માં ૭૮ નું સત્તા૦ ન હોય, શેષ ૪ સત્તા૦ હોય.

| બંધ-સ્થાનક | ભાંગા | બંધક | ઉદય૦ | ભાંગા | એકે૦ | વિકલે૦ | સા૦ પંચે૦ તિ૦ | વૈ૦ પંચે૦ તિ૦ | સા૦ મનુ૦ | વૈ૦ મનુ૦ | દેવ | સત્તા૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૫, | ૨૫, | મિથ્યા૦ | ૨૧ | ૪૦ | ૫ | ૯ | ૯ | - | ૯ | - | ૮ | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ |
| ૨૬ | ૧૬ | મનુ૦, | ૨૪ | ૧૧ | ૧૧ | - | - | - | - | - | - | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ |
| | | તિ૦, | ૨૫ | ૩૧ | ૭ | - | - | ૮ | - | ૮ | ૮ | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ |
| | | ઈશાન | ૨૬ | ૬૦૦ | ૧૩ | ૯ | ૨૮૯ | - | ૨૮૯ | - | - | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ |
| | | સુધીના | ૨૭ | ૩૦ | ૬ | - | - | ૮ | - | ૮ | ૮ | ૯૨,૮૮,૮૬,૮૦ |
| | | દેવો | ૨૮ | ૧,૧૯૮ | - | ૬ | ૫૭૬ | ૧૬ | ૫૭૬ | ૮ | ૧૬ | ૯૨,૮૮,૮૬,૮૦ |
| | | | ૨૯ | ૧,૭૮૦ | - | ૧૨ | ૧,૧૫૨ | ૧૬ | ૫૭૬ | ૮ | ૧૬ | ૯૨,૮૮,૮૬,૮૦ |
| | | | ૩૦ | ૨,૯૧૪ | - | ૧૮ | ૧,૭૨૮ | ૮ | ૧,૧૫૨ | - | ૮ | ૯૨,૮૮,૮૬,૮૦ |
| | | | ૩૧ | ૧,૧૬૪ | - | ૧૨ | ૧,૧૫૨ | - | - | - | - | ૯૨,૮૮,૮૬,૮૦ |
| કુલ | | | | ૭,૭૬૮ | ૪૨ | ૬૬ | ૪,૯૦૬ | ૫૬ | ૨,૬૦૨ | ૩૨ | ૬૪ | ૪૦ |

● ૨૫ અને ૨૬ ના બંધ૦માં ઉદય૦ અને સત્તા૦ ૨૩ના બંધ૦ના ઉદય૦ અને સત્તા૦ મુજબ જાણવા. ૨૫ અને ૨૬ના બંધક તરીકે ભવનપતિથી ઈશાન સુધીના દેવો વધે છે. તેથી ઉદયભાંગામાં ૬૪ ભાંગા વધે. એટલે ૭,૭૦૪ + ૬૪ = ૭,૭૬૮ ઉદયભાંગા થાય. દેવને પોતાના બધા ઉદય૦માં ૯૨,૮૮ બે જ સત્તા૦ હોય છે. શેષ જીવોને પોતપોતાના ઉદય૦માં સત્તા૦ ૨૩ના બંધ૦ની જેમ સમજવા.

| બંધ૦ | ભાંગા | બંધક | ઉદય૦ | ભાંગા | સા૦ પંચે૦ તિ૦ | વૈ૦ પંચે૦ તિ૦ | સા૦ મનુ૦ | વૈ૦ મનુ૦ | આહા૦ મનુ૦ | સત્તા૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| દેવ, | ૯ | સમ્યગ્દૃષ્ટિ- | ૨૧ | ૧૬ | ૮ | - | ૮ | - | - | ૯૨,૮૮ |
| નરક | | મિથ્યાદૃષ્ટિ | ૨૫ | ૧૭ | - | ૮ | - | ૮ | ૧ | ૯૨,૮૮ |
| યોગ્ય | | મનુ૦, | ૨૬ | ૫૭૬ | ૨૮૮ | - | ૨૮૮ | - | - | ૯૨,૮૮ |
| ૨૮ | | પંચે૦ | ૨૭ | ૧૭ | - | ૮ | - | ૮ | ૧ | ૯૨,૮૮ |
| | | તિ૦ | ૨૮ | ૧,૧૭૯ | ૫૭૬ | ૧૬ | ૫૭૬ | ૯ | ૨ | ૯૨,૮૮ |
| | | | ૨૯ | ૧,૭૫૫ | ૧,૧૫૨ | ૧૬ | ૫૭૬ | ૯ | ૨ | ૯૨,૮૮ |
| | | | ૩૦ | ૨,૮૯૦ | ૧,૭૨૮ | ૮ | ૧,૧૫૨ | ૧ | ૧ | ૯૨,૮૯,૮૮,૮૬ |
| | | | ૩૧ | ૧,૧૫૨ | ૧,૧૫૨ | - | - | - | - | ૯૨,૮૮,૮૬ |
| કુલ | | | | ૭,૬૦૨ | ૪,૯૦૪ | ૫૬ | ૨,૬૦૦ | ૩૫ | ૭ | ૧૯ |

● દેવ-નરક યોગ્ય ૨૮ બાંધનાર લબ્ધિ પર્યા૦ પંચે૦ તિ૦-મનુ૦ જ હોય. તેમાં પણ નરક યોગ્ય ૨૮ તો પર્યાપ્તવસ્થામાં જ બંધાય. તેથી નરકયોગ્ય ૨૮ ના બંધ૦માં ૩૦,૩૧ બે જ ઉદય૦ હોય. દેવયોગ્ય ૨૮ના બંધ૦ માં પર્યા૦ સમ્યગ્દષ્ટિ-મિથ્યાદષ્ટિ પંચે૦તિ૦-મનુ૦ને ૩૦,૩૧ બે જ ઉદય૦ હોય. દેવયોગ્ય ૨૮ના બંધ૦માં અપર્યા૦ સમ્યગ્દષ્ટિ પંચે૦ તિ૦-મનુ૦ ને શેષ ઉદય૦ હોય, કેમકે અપર્યા૦ મિથ્યાદષ્ટિ પંચે૦તિ૦-મનુ૦ દેવ યોગ્ય ૨૮ ન બાંધે. સમ્યગ્દષ્ટિ-મિથ્યાદષ્ટિ વૈ૦ કરતા પંચે૦તિ૦-મનુ૦ અને આહા૦ કરતા મનુ૦ ને ૨૮ના બંધ૦માં સ્વયોગ્ય બધા ઉદયસ્થાનક હોય. લબ્ધિ અપર્યા૦ જીવો દેવ-નરક યોગ્ય બાંધતા નથી. તેથી તેમને આ બંધ૦ ન હોય. તેથી ઉદયભાંગામાંથી લબ્ધિ અપર્યા૦ ના ભાંગા ઓછા કરવા.

● દેવયોગ્ય ૨૮ ના બંધ૦ માં જિન૦ બંધાતુ નથી. તેથી ત્યાં ૯૩,૮૯ ના સત્તા૦ ન હોય. ૯૨,૮૮ ના સત્તા૦ બધા ઉદય૦ માં હોય. આહા૦ સંયતને ૯૨નું સત્તા હોય. શેષ મનુ૦-તિ૦ને ૯૨,૮૮ બન્ને સત્તા૦ હોય.

● પૂર્વે નરકાયુ૦ બાંધ્યુ હોય એવો જિન૦ સહિત ૮૯ ની સત્તાવાળો ક્ષાયોપશમિક સમ્યગ્દષ્ટિ જીવ છેલ્લા અંતર્મુહૂર્તમાં ૧લા ગુણઠાણે આવે અને નરક યોગ્ય ૨૮ બાંધે (કેમકે ૧લા ગુણઠાણે જિન૦ ન બંધાય). તેથી ૨૮ના બંધે ૩૦ ના ઉદયે ૮૯ની સત્તા હોય.

● ૮૦ની સત્તાવાળો એકે૦ માંથી પંચે૦તિ૦-મનુ૦માં આવે ત્યાં પર્યાપ્તો થયા પછી વિશુદ્ધિમાં દેવ ૨, વૈ૦ ૪ બાંધે તો દેવ યોગ્ય ૨૮ના બંધે ૩૦,૩૧ ના ઉદયે ૮૬નું સત્તા૦ થાય અને સંક્લેશમાં નરક ૨, વૈ૦ ૪ બાંધે તો નરક યોગ્ય ૨૮ ના બંધે ૩૦,૩૧ ના ઉદયે ૮૬ નું સત્તા૦ થાય.

● ૩૧નું ઉદય૦ તિર્યંચને જ હોય છે. તેથી ત્યાં ૮૯નું સત્તા૦ ન હોય, કેમકે તિર્યંચને જિન૦ની સત્તા ન હોય.

| બંધ-સ્થાનક | ભાંગા | બંધક | ઉદય૦ | ભાંગા | એકે૦ | વિકલે૦ | સા૦ પંચે૦ તિ૦ | વૈ૦ પંચે૦ તિ૦ | સા૦ મનુ૦ | વૈ૦ મનુ૦ | આહા૦ મનુ૦ | દેવ | નારકી | સત્તા૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વિકલે૦, | ૯,૨૪૮ | ચારે | ૨૧ | ૪૧ | ૫ | ૯ | ૯ | - | ૯ | - | - | ૮ | ૧ | ૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૮ |
| પંચે૦તિ૦, | | ગતિના | ૨૪ | ૧૧ | ૧૧ | - | - | - | - | - | - | - | - | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ |
| મનુ૦,દેવ | | સમ્યગ્દૃષ્ટિ | ૨૫ | ૩૩ | ૭ | - | - | ૮ | - | ૮ | ૧ | ૮ | ૧ | ૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૮ |
| યોગ્ય | | મિથ્યાદૃષ્ટિ | ૨૬ | ૬૦૦ | ૧૩ | ૯ | ૨૮૯ | - | ૨૮૯ | - | - | - | - | ૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૮ |
| ૨૯ | | જીવો | ૨૭ | ૩૨ | ૬ | - | - | ૮ | - | ૮ | ૧ | ૮ | ૧ | ૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦ |
| | | (કેવળી | ૨૮ | ૧,૨૦૨ | - | ૬ | ૫૭૬ | ૧૬ | ૫૭૬ | ૯ | ૨ | ૧૬ | ૧ | ૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦ |
| | | સિવાયના) | ૨૯ | ૧,૭૮૪ | - | ૧૨ | ૧,૧૫૨ | ૧૬ | ૫૭૬ | ૯ | ૨ | ૧૬ | ૧ | ૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦ |
| | | | ૩૦ | ૨,૯૧૬ | - | ૧૮ | ૧,૭૨૮ | ૮ | ૧,૧૫૨ | ૧ | ૧ | ૮ | - | ૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦ |
| | | | ૩૧ | ૧,૧૬૪ | - | ૧૨ | ૧,૧૫૨ | - | - | - | - | - | - | ૯૨,૮૮,૮૬,૮૦ |
| કુલ | | | | ૭,૭૭૩ | ૪૨ | ૬૬ | ૪,૯૦૬ | ૫૬ | ૨,૬૦૨ | ૩૫ | ૭ | ૬૪ | ૫ | ૫૪ |

● વિવિધ પ્રકારના ૨૯ના બંધ૦ના બંધક કેવળી સિવાય બધા જ જીવો છે. તેથી ઉદયભાંગામાંથી કેવળીના ૮ ભાંગા ઓછા કરતા કુલ ૭,૭૮૩ ઉદયભાંગા થાય.

● વિકલે૦-પંચે૦તિ૦ યોગ્ય ૨૯ના બંધક પર્યા૦-અપર્યા૦ એકે૦-વિકલે૦-પંચે૦તિ૦ ને ૨૧,૨૪,૨૫,૨૬ના ઉદય૦માં ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ ના સત્તા૦ હોય અને ૨૭,૨૮,૨૯,૩૦,૩૧ના ઉદય૦માં ૯૨,૮૮,૮૬,૮૦ ના સત્તા૦ હોય. આ સત્તા૦ ૨૩ના બંધકને કહ્યા તે પ્રમાણે જાણવા.

● મનુ૦ યોગ્ય ૨૯ના બંધક એકે૦ - વિકલે૦ - પંચે૦ તિ૦ તથા વિકલે૦ - પંચે૦ તિ૦ - મનુ૦ યોગ્ય ૨૯ના બંધક મનુ૦ ને પોતપોતાના ઉદય૦માં ૭૮ સિવાયના ૯૨,૮૮,૮૬,૮૦ ના સત્તા૦ હોય.

● પંચે૦ તિ૦ - મનુ૦ યોગ્ય ૨૯ બાંધતા દેવ - નારકીને પોતપોતાના ઉદય૦માં ૯૨,૮૮ ના સત્તા૦ હોય.

● જિન૦ ની સત્તાવાળા મિથ્યાદૃષ્ટિ નારકીને મનુ૦ યોગ્ય ૨૯ બાંધતા પોતાના પાંચે ય ઉદય૦માં ૮૯નું સત્તા૦ હોય.

● દેવયોગ્ય ૨૯ (જિન૦ સહિત) બાંધતા સમ્યગ્દૃષ્ટિ મનુષ્યને ૨૧, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦ ના ઉદય૦માં ૯૩,૮૯ ના સત્તા૦ હોય.

● આહા૦ સંયતને દેવ યોગ્ય ૨૯ બાંધતા પોતાના બધા ઉદય૦માં ૯૩નું સત્તા૦ હોય.

| બંધ-સ્થાનક | ભાંગા | બંધક | ઉદય૦ | ભાંગા | એકે૦ | વિકલે૦ | સા૦ પંચે૦ તિ૦ | વૈ૦ પંચે૦ તિ૦ | સા૦ મનુ૦ | વૈ૦ મનુ૦ | દેવ | નારકી | સત્તા૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વિકલે૦, | ૪,૬૪૧ | ચારે | ૨૧ | ૪૧ | ૫ | ૯ | ૯ | - | ૯ | - | ૮ | ૧ | ૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૮ |
| પંચે૦ | | ગતિના | ૨૪ | ૧૧ | ૧૧ | - | - | - | - | - | - | - | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ |
| તિ૦, | | સમ્યગ્દષ્ટિ | ૨૫ | ૩૨ | ૭ | - | - | ૮ | - | ૮ | ૮ | ૧ | ૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૮ |
| મનુ૦, | | મિથ્યાદષ્ટિ | ૨૬ | ૬૦૦ | ૧૩ | ૯ | ૨૮૯ | - | ૨૮૯ | - | - | - | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ |
| દેવ | | જીવો | ૨૭ | ૩૧ | ૬ | - | - | ૮ | - | ૮ | ૮ | ૧ | ૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦ |
| યોગ્ય | | (કેવળી, | ૨૮ | ૧,૧૯૯ | - | ૬ | ૫૭૬ | ૧૬ | ૫૭૬ | ૮ | ૧૬ | ૧ | ૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦ |
| ૩૦ | | ઉદ્યોતના | ૨૯ | ૧,૭૮૧ | - | ૧૨ | ૧,૧૫૨ | ૧૬ | ૫૭૬ | ૮ | ૧૬ | ૧ | ૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦ |
| | | ઉદયવાળા | ૩૦ | ૨,૯૧૪ | - | ૧૮ | ૧,૭૨૮ | ૮ | ૧,૧૫૨ | - | ૮ | - | ૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦ |
| | | વૈ૦મનુ૦ | ૩૧ | ૧,૧૬૪ | - | ૧૨ | ૧,૧૫૨ | - | - | - | - | - | ૯૨,૮૮,૮૬,૮૦ |
| | | અને | | | | | | | | | | | |
| | | આહા૦ | | | | | | | | | | | |
| | | સંયત | | | | | | | | | | | |
| | | વિના) | | | | | | | | | | | |
| કુલ | | | | ૭,૭૭૩ | ૪૨ | ૬૬ | ૪,૯૦૬ | ૫૬ | ૨,૬૦૨ | ૩૨ | ૬૪ | ૫ | ૫૨ |

● વિવિધ પ્રકારના ૩૦ના બંધ૦ના બંધક કેવળી ન હોય. દેવ યોગ્ય ૩૦ નું બંધ૦ આહા૦૨ સહિત હોવાથી તે ૭મા ગુણ૦થી જ બંધાય. ઉદ્યોતના ઉદયવાળા વૈ૦ સંયત અને આહા૦સંયતને અહીં ૬ઠ્ઠુ ગુણ૦ જ ગણ્યું છે. તેથી તેઓ આહા૦ ૨ સહિત દેવયોગ્ય ૩૦ ન બાંધે. ૩૦ના શેષ બંધ૦ વિકલે૦, પંચે૦તિ૦,મનુ૦ યોગ્ય હોવાથી ઉદ્યોતના ઉદયવાળા વૈ૦ સંયત અને આહા૦ સંયત તે ન બાંધે. આમ ઉદયભાંગામાંથી ૮ + ૩ + ૭ = ૧૮ ભાંગા ઓછા કરતા ૭,૭૯૧ - ૧૮ = ૭,૭૭૩ ઉદયભાંગા થાય.

● જેમ તિર્યંચ યોગ્ય ૨૯ના બંધક ચારે ગતિના જીવોને ઉદય૦ અને સત્તા૦ કહ્યા તે પ્રમાણે ઉદ્યોતસહિત તિર્યંચ યોગ્ય ૩૦ના બંધક ચારે ગતિના જીવોને પણ ઉદય૦ અને સત્તા૦ જાણવા.

● મનુ૦ યોગ્ય જિન૦ સહિત ૩૦ બાંધતા દેવોને પોતાના બધા ઉદય૦માં ૯૩,૮૯ ના સત્તા૦ હોય અને નારકને પોતાના બધા ઉદય૦માં ૮૯નું સત્તા૦ હોય, કેમકે આહા૦ ૪ અને જિન૦ બન્નેની સત્તાવાળો જીવ નરકમાં ન જાય.

● દેવ યોગ્ય આહા૦ ૨ સહિત ૩૦ બાંધતા ૭,૮ ગુણ૦વાળાને ૩૦નું ઉદય૦ અને ૯૨નું સત્તા૦ હોય. વિગ્રહગતિમાં અને અપર્યાપ્તાવસ્થામાં ૭,૮ ગુણ૦ ન હોય. વળી ૭,૮ ગુણ૦વાળા વૈ૦ કે આહા૦ કરતા નથી. તેથી દેવ યોગ્ય ૩૦ના બંધકને શેષ ઉદય૦ ન હોય.

| બંધસ્થાનક | ભાંગા | બંધક | ઉદય૦ | ભાંગા | સત્તા૦ | કુલ સત્તા૦ |
|---|---|---|---|---|---|---|
| દેવયોગ્ય ૩૧ | ૧ | ૭,૮ ગુણ૦ વાળા | ૩૦ | ૧૪૪ | ૯૩ | ૧ |

● ૭,૮ ગુણ૦ અપર્યાપ્તાવસ્થામાં ન હોય. વળી ૭,૮ ગુણ૦વાળા વૈ૦ કે આહા૦ શરીર ન કરે. તેથી દેવયોગ્ય ૩૧ના બંધકને ૩૦નું જ ઉદય૦ હોય.

● ૭,૮ ગુણઠાણે સુભગ-આદેય-યશ નો જ ઉદય હોય. તેથી ૩૧ના બંધે ૩૦ના ઉદય૦માં ૬ સંઘ૦ x ૬ સંસ્થાન x ૨ ખગતિ x ૨ સ્વર = ૧૪૪ ભાંગા થાય.

| બંધસ્થાનક | ભાંગા | બંધક | ઉદય૦ | ભાંગા | સત્તા૦ | કુલ સત્તા૦ |
|---|---|---|---|---|---|---|
| અપ્રાયોગ્ય ૧ | ૧ | ૮,૯,૧૦ ગુણ૦ વાળા | ૩૦ | ૭૨ | ૯૩,૯૨,૮૯,૮૮,<br>૮૦,૭૯,૭૬,૭૫ | ૮ |

● ૮ થી ઉપરના ગુણ૦ શ્રેણીમાં હોય. શ્રેણીમાં છેલ્લા ત્રણ સંઘ૦ નો ઉદય ન હોય. તેથી ૧ ના બંધે ૩૦ના ઉદય૦માં ૧લા ૩ સંઘ૦ x ૬ સંસ્થાન x ૨ ખગતિ x ૨ સ્વર = ૭૨ ભાંગા હોય.

● ઉપશમશ્રેણીમાં ૮,૯,૧૦ ગુણઠાણે ૯૩,૯૨,૮૯,૮૮ના સત્તા૦ હોય. ક્ષપકશ્રેણીમાં ૯મા ગુણઠાણે ૧૩ પ્રકૃતિનો ક્ષય ન થાય ત્યાં સુધી ૯૩,૯૨,૮૯,૮૮ના સત્તા૦ હોય. ક્ષપકશ્રેણીમાં ૯મા ગુણઠાણે ૧૩ પ્રકૃતિનો ક્ષય કર્યા બાદ ૮૦,૭૯,૭૬,૭૫ના સત્તા૦ હોય.

| બંધ-સ્થાનક | બંધક | ઉદય૦ | ભાંગા | સા૦ મનુ૦ | અતીર્થંકર કેવળી | તીર્થંકર કેવળી | સત્તા૦ |
|---|---|---|---|---|---|---|---|
| ૦ | ૧૧ થી ૧૪ | ૨૦ | ૧ | - | ૧ | - | ૭૯,૭૫ |
| | ગુણ૦વાળા | ૨૧ | ૧ | - | - | ૧ | ૮૦,૭૬ |
| | | ૨૬ | ૬ | - | ૬ | - | ૭૯,૭૫ |
| | | ૨૭ | ૧ | - | - | ૧ | ૮૦,૭૬ |
| | | ૨૮ | ૧૨ | - | ૧૨ | - | ૭૯,૭૫ |
| | | ૨૯ | ૧૩ | - | ૧૨ | ૧ | ૮૦,૭૬,૭૯,૭૫ |
| | | ૩૦ | ૭૩ | ૭૨ | □ ૨૪ | ૧ | ૯૩,૯૨,૮૯,૮૮,૮૦,૭૯,૭૬,૭૫ |
| | | ૩૧ | ૧ | - | - | ૧ | ૮૦,૭૬ |
| | | ૯ | ૧ | - | - | ૧ | ૮૦,૭૬,૯ |
| | | ૮ | ૧ | - | ૧ | - | ૭૯,૭૫,૮ |
| કુલ | | | ૧૧૦ | ૭૨ | □ ૫૬ | ૬ | ૩૦ |

□ અતીર્થંકર કેવળીના ૩૦ના ઉદય૦ના ૨૪ ભાંગા સામાન્ય મનુ૦ના ૩૦ના ઉદય૦ના ૭૨ ભાંગામાં આવી જાય છે. માટે તેને જુદા ન ગણવા. તેથી ઉદય૦ના કુલભાંગા ૧૧૦ થાય.

● ૨૦,૨૬,૨૮ના ઉદય૦ અતીર્થંકર કેવળીને હોય. તેથી ત્યાં ૭૯ અને ૭૫ના સત્તા૦ હોય. ૨૧,૨૭,૩૧ ના ઉદય૦ તીર્થંકરકેવળીને હોય. તેથી ત્યાં ૮૦ અને ૭૬ ના સત્તા૦ હોય. ૨૯નું ઉદય૦ તીર્થંકરકેવળીને અને અતીર્થંકરકેવળીને બન્નેને હોય. તેથી ત્યાં ૮૦,૭૯,૭૬,૭૫ - ચાર સત્તા૦ હોય. ૩૦ના ઉદયે ૧૧મા ગુણ૦વાળાને ૯૩,૯૨,૮૯,૮૮ - ચાર સત્તા૦ હોય, ૧૨-૧૩ ગુણ૦વાળાને ૮૦,૭૯,૭૬,૭૫ - ચાર સત્તા૦ હોય. ૯નું ઉદય૦ ૧૪ મા ગુણઠાણે તીર્થંકર કેવળીને હોય. ત્યાં દ્વિચરસમયસુધી ૮૦,૭૬ ના સત્તા૦ હોય અને ચરમસમયે ૯નું સત્તા૦ હોય. ૮નું ઉદય૦ ૧૪મા ગુણઠાણે અતીર્થંકર કેવળીને હોય. ત્યાં દ્વિચરમસમયસુધી ૭૯,૭૫ ના સત્તા૦ હોય અને ચરમસમયે ૮નું સત્તા૦ હોય.

આમ સામાન્યથી મૂળપ્રકૃતિ-ઉત્તરપ્રકૃતિમાં બંધ૦-ઉદય૦-સત્તાનો સંવેધ કહ્યો.

**જીવસ્થાનકે મૂળપ્રકૃતિમાં બંધ૦-ઉદય૦-સત્તા૦નો સંવેધ** - પૂર્વે કહ્યો છે. (જુઓ પાના નં. ૪)

**જીવસ્થાનકે ઉત્તરપ્રકૃતિમાં બંધ૦-ઉદય૦-સત્તા૦નો સંવેધ-**

**(૧-૨) જ્ઞાનાવરણ-અંતરાય -**

| | | |
|---|---|---|
| □ જીવસ્થાનક ૧ થી ૧૪ | બંધ૦ - ૧ | ૫ નું |
| | ઉદય૦ - ૧ | ૫ નું |
| | સત્તા૦ - ૧ | ૫ નું |

**સંવેધ**

| જીવસ્થાનક | ભાંગા | બંધ૦ | ઉદય૦ | સત્તા૦ | ગુણ૦ |
|---|---|---|---|---|---|
| ૧ થી ૧૩ | ૧ | ૫ | ૫ | ૫ | ૧,૨,૪ |
| ૧૪ | ૨ | ૫ | ૫ | ૫ | ૧ થી ૧૦ |
| | | ૦ | ૫ | ૫ | ૧૧,૧૨ |

**(૩) દર્શનાવરણ -**

| જીવસ્થાનક - ૧ થી ૧૩ | |
|---|---|
| બંધ૦-૧ | ૯નું |
| ઉદય૦-૨ | ૫,૪ ના |
| સત્તા૦-૧ | ૯નું |

| જીવસ્થાનક - ૧૪મુ | |
|---|---|
| બંધ૦-૩ | ૯,૬,૪ ના |
| ઉદય૦-૨ | ૫,૪ ના |
| સત્તા૦-૩ | ૯,૬,૪ ના |

□ જીવનસ્થાનકના નામ પાના નં. ૪ ઉપર કહ્યાં છે.

## સંવેધ

| જીવસ્થાનક | ભાંગા | બંધ૦ | ઉદય૦ | સત્તા૦ | ભાંગા | ગુણ૦ |
|---|---|---|---|---|---|---|
| ૧ થી ૧૩ | ૨ | ૯<br>૯ | ૫<br>૪ | ૯<br>૯ | ૫<br>૧ | ૧,૨,૪ |
| ૧૪ | ૧૧ | સામાન્ય સંવેધની જેમ ૧૧ ભાંગા | | | | ૧ થી ૧૨ |

## (૪) વેદનીય -

| જીવસ્થાનક - ૧ થી ૧૩ | |
|---|---|
| બંધ૦-૧ | ૧નું (સાતા૦/અસાતા૦) |
| ઉદય૦-૧ | ૧નું (સાતા૦/અસાતા૦) |
| સત્તા૦-૧ | ૨નું (સાતા૦-અસાતા૦) |

| જીવસ્થાનક - ૧૪મુ | |
|---|---|
| બંધ૦-૧ | ૧નું (સાતા૦/અસાતા૦) |
| ઉદય૦-૧ | ૧નું (સાતા૦/અસાતા૦) |
| સત્તા૦-૨ | ૨નું (સાતા૦-અસાતા૦)<br>૧નું (સાતા૦/અસાતા૦) |

## સંવેધ

| જીવસ્થાનક | ભાંગા | બંધ૦ | ઉદય૦ | સત્તા૦ | ગુણ૦ |
|---|---|---|---|---|---|
| ૧ થી ૧૩ | ૪ | અસાતા૦<br>અસાતા૦<br>સાતા૦<br>સાતા૦ | અસાતા૦<br>સાતા૦<br>અસાતા૦<br>સાતા૦ | ૨<br>૨<br>૨<br>૨ | ૧,૨,૪ |
| ૧૪ | ૮ | સામાન્ય સંવેધની જેમ ૮ ભાંગા | | | ૧ થી ૧૪ |

## (૫) ગોત્ર -

| જીવસ્થાનક - ૧ થી ૧૩ | |
|---|---|
| બંધ૦-૧ | ૧નું (નીચ૦/ઉચ્ચ૦) |
| ઉદય૦-૧ | ૧નું (નીચ૦) |
| સત્તા૦-૨ | ૨નું (ઉચ્ચ૦-નીચ૦)<br>૧નું (નીચ૦) |

| જીવસ્થાનક - ૧૪મુ | |
|---|---|
| બંધ૦-૧ | ૧નું (ઉચ્ચ૦/નીચ૦) |
| ઉદય૦-૧ | ૧નું (ઉચ્ચ૦/નીચ૦) |
| સત્તા૦-૨ | ૨નું (ઉચ્ચ૦-નીચ૦)<br>૧નું (ઉચ્ચ૦/નીચ૦) |

## સંવેધ

| જીવસ્થાનક | ભાંગા | બંધ૦ | ઉદય૦ | સત્તા૦ | ગુણ૦ |
|---|---|---|---|---|---|
| ૧△ થી ૧૩ | ૩ | □નીચ૦<br>નીચ૦<br>ઉચ્ચ૦ | નીચ૦<br>નીચ૦<br>નીચ૦ | નીચ૦<br>૨<br>૨ | ૧,૨,૪ |
| ૧૪ | ૭ | સામાન્ય સંવેધની જેમ ૭ ભાંગા | | | ૧ થી ૧૪ |

△ તિર્યંચોને તથા અપર્યા૦ અસંજ્ઞી મનુ૦ ને ઉચ્ચ૦નો ઉદય ન હોવાથી ૧ થી ૧૩ જીવ૦માં ઉચ્ચ૦ ના ઉદયવાળા ભાંગા ન હોય.

□ આ ભાંગો તેઉ૦-વાઉ૦ ને ઉચ્ચ૦ની ઉદ્વલના થયા બાદ સર્વકાળ અને ત્યાંથી શેષ જીવસ્થાનકમાં આવેલાને થોડો કાળ ઉચ્ચ૦ ન બાંધે ત્યાં સુધી હોય.

## (૬) આયુષ્ય -

| જીવસ્થાનક - ૧ થી ૫ અને ૮ થી ૧૨ | |
|---|---|
| બંધ૦-૧ | ૧(તિ૦આયુ૦/મનુ૦આયુ૦) |
| ઉદય૦-૧ | ૧(તિ૦આયુ૦) |
| સત્તા૦-૨ | ૨(તિ૦આયુ૦-મનુ૦આયુ૦)<br>૧(તિ૦આયુ૦)<br>(તિ૦આયુ૦-તિ૦આયુ૦) |

| જીવસ્થાનક - ૬,૭ | |
|---|---|
| બંધ૦-૧ | ૧(તિ૦આયુ૦/મનુ૦આયુ૦) |
| ઉદય૦૧ | ૧(તિ૦આયુ/મનુ૦આયુ૦) |
| સત્તા૦-૨ | ૨(તિ૦આયુ૦-મનુ૦આયુ૦)<br>૧(તિ૦આયુ૦,મનુ૦આયુ૦,<br>તિ૦આયુ-તિ૦આયુ૦,<br>મનુ૦આયુ૦-મનુ૦આયુ૦) |

| જીવસ્થાનક - ૧૩મુ | |
|---|---|
| બંધ૦-૧ | ૧(૪ માંથી ૧ આયુ૦) |
| ઉદય૦-૧ | ૧(તિ૦આયુ૦) |
| સત્તા૦-૨ | ૨(તિ૦આયુ૦-મનુ૦આયુ૦,<br>તિ૦આયુ૦-નરકાયુ૦,<br>તિ૦આયુ૦-દેવાયુ૦)<br>૧(તિ૦આયુ૦,<br>તિ૦આયુ૦-તિ૦આયુ૦) |

| જીવસ્થાનક - ૧૪મુ | |
|---|---|
| બંધ૦-૧ | ૧(૪ માંથી ૧ આયુ૦) |
| ઉદય૦-૧ | ૧(૪ માંથી ૧ આયુ૦) |
| સત્તા૦-૨ | ૨(તિ૦આયુ૦-મનુ૦આયુ૦,<br>તિ૦આયુ૦-નરકાયુ૦,<br>તિ૦આયુ૦-દેવાયુ૦,<br>મનુ૦આયુ૦-નરકાયુ૦,<br>મનુ૦આયુ૦-દેવાયુ૦)<br>૧(૪ માંથી ૧ આયુ૦,<br>મનુ૦આયુ૦-મનુ૦આયુ૦,<br>તિ૦આયુ૦-તિ૦આયુ૦) |

**સંવેધ**

| જીવસ્થાનક | | ભાંગા | બંધ૦ | ઉદય૦ | સત્તા૦ |
|---|---|---|---|---|---|
| ૧ થી ૫ | ૧૦ | ૫ | ૦ | તિ૦આયુ૦ | તિ૦આયુ૦ |
| અને | | | તિ૦આયુ૦ | તિ૦આયુ૦ | તિ૦આયુ૦-તિ૦આયુ૦ |
| ૮ થી ૧૨ | | | મનુ૦આયુ૦ | તિ૦આયુ૦ | તિ૦આયુ૦-મનુ૦આયુ૦ |
| | | | ૦ | તિ૦આયુ૦ | તિ૦આયુ૦-તિ૦આયુ૦ |
| | | | ૦ | તિ૦આયુ૦ | તિ૦આયુ૦-મનુ૦આયુ૦ |
| અપર્યા૦ અસંજ્ઞી | ૨ | ૧૦ | ઉપર પ્રમાણે ૫ અને | | |
| પંચે૦, | | | | | |
| □ અપર્યા૦ | | | ૦ | મનુ૦આયુ૦ | મનુ૦આયુ૦ |
| સંજ્ઞી પંચે૦ | | | તિ૦આયુ૦ | મનુ૦આયુ૦ | મનુ૦આયુ૦-તિ૦આયુ૦ |
| | | | મનુ૦આયુ૦ | મનુ૦આયુ૦ | મનુ૦આયુ૦-મનુ૦આયુ૦ |
| | | | ૦ | મનુ૦આયુ૦ | મનુ૦આયુ૦-તિ૦આયુ૦ |
| | | | ૦ | મનુ૦આયુ૦ | મનુ૦આયુ૦-મનુ૦આયુ૦ |

□ છઠ્ઠા કર્મગ્રંથની ગા. ૩૯ અને તેની મલયગિરિ મ.કૃત ટીકામાં અપર્યા૦ અસંજ્ઞી પંચે૦ ને આયુ૦ ના સંવેધના અપર્યા૦ સૂક્ષ્મ એકે૦ની જેમ ૫ ભાંગા જ કહ્યા છે. તે પાઠ આ પ્રમાણે છે - " 'पज्जत्तापज्जत्तग समणे पज्जत्त अमण सेसेसु । अट्ठावीसं दसगं नवगं पणगं च आउस्स ॥३९॥' समनाः संज्ञी, तत्र पर्याप्ते संज्ञिनि आयुषो भङ्गा अष्टाविंशतिः, अपर्याप्ते संज्ञिनि भङ्गानां दशकं, पर्याप्तेऽमनसि असंज्ञिनि पञ्चेन्द्रिये भङ्गानां नवकं, शेषेष्वेकादशसु जीवस्थानेषु पुनर्भङगानां प्रत्येकं पञ्चकमिति ।" ત્યાં તેમણે અપર્યા૦ અસંજ્ઞી પંચ૦માં અપર્યા૦ અસંજ્ઞી મનુ૦ની વિવક્ષા કરી નથી. પણ અપર્યા૦ અસંજ્ઞી પંચે૦માં અપર્યા૦ અસંજ્ઞી મનુ૦ની પણ વિવક્ષા કરીએ તો અપર્યા૦ અસંજ્ઞી પંચે૦ ના આયુ૦ના સંવેધમાં અપર્યા૦ સંજ્ઞી પંચે૦ની જેમ ૧૦ ભાંગા સંભવે છે. તેથી અહીં અમે ૧૦ ભાંગા બતાવ્યા છે. તત્ત્વ કેવળીગમ્ય છે.

| જીવસ્થાનક | ભાંગા | બંધ૦ | ઉદય૦ | સત્તા૦ |
|---|---|---|---|---|
| પર્યા૦ અસંજ્ઞી પંચે૦ | ૯ | અપર્યા૦ સૂક્ષ્મ એકે૦ ની જેમ ૫ અને | | |
| | | નરકાયુ૦ | તિ૦આયુ૦ | તિ૦આયુ૦-નરકાયુ૦ |
| | | દેવાયુ૦ | તિ૦આયુ૦ | તિ૦આયુ૦-દેવાયુ૦ |
| | | ૦ | તિ૦આયુ૦ | તિ૦આયુ૦-નરકાયુ૦ |
| | | ૦ | તિ૦આયુ૦ | તિ૦આયુ૦-દેવાયુ૦ |
| પર્યા૦ સંજ્ઞી પંચે૦ | ૨૮ | સમાન્ય સંવેધની જેમ | | |

### (૭) મોહનીય -

### જીવસ્થાનક - ૧ થી ૮

### બંધસ્થાનક - ૧

| | બંધસ્થાનક | પ્રકૃતિ | ભાંગા | ગુણ૦ |
|---|---|---|---|---|
| ૧ | ૨૨ | મિથ્યા૦, ૧૬ કષાય, ૧ વેદ, ૧ યુગલ, ભય, જુગુપ્સા | ૩x૨=૬ | ૧લુ |

### ઉદયસ્થાનક - ૩ - ૮,૯,૧૦

| | ઉદય-સ્થાનક | પ્રકૃતિ | ઉદયા-ષ્ટક | ઉદય ભાંગા | પદા-ષ્ટક | પદવૃંદ | ગુણ૦ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | □ ૮ | મિથ્યા૦, ૪ કષાય, નપુંવેદ, ૧ યુગલ | △ ૧ | ૪x૨=૮ | ૮ | ૮x૮=૬૪ | ૧લુ |
| ૨ | ૯ | ૮ + ભય | ૧ | ૮ | ૯ | ૯x૮=૭૨ | |
| | | ૮ + જુગુપ્સા | ૧ | ૮ | ૯ | ૯x૮=૭૨ | |
| ૩ | ૧૦ | ૮ + ભય + જુગુપ્સા | ૧ | ૮ | ૧૦ | ૧૦x૮=૮૦ | |
| | કુલ | | ૪ | ૪x૮=૩૨ | ૩૬ | ૩૬x૮=૨૮૮ | |

□ અનંતા૦ ના ઉદય વિનાના ઉદય૦ અહીં ન હોવાથી ૭નું ઉદય૦ ન હોય.

△ અહીં નપું૦ વેદનો જ ઉદય હોય છે. તેથી ૪ કષાય X ૨ યુગલ = ૮ ભાંગા હોય, ચોવિશી ન હોય.

**સત્તાસ્થાનક - ૩ - ૨૮,૨૭,૨૬ (પૂર્વે કહ્યા મુજબ)**

**જીવસ્થાનક - ૯ થી ૧૩**

**બંધસ્થાનક - ૨ - ૨૨,૨૧ (પૂર્વે કહ્યા મુજબ)**

**ઉદયસ્થાનક - ૪ - ૭,૮,૯,૧૦**

| ગુણ૦ | ઉદય-સ્થાનક | પ્રકૃતિ | ઉદય અષ્ટક | ઉદય ભાંગા | પદ અષ્ટક | પદવૃંદ |
|---|---|---|---|---|---|---|
| ૧લુ | ૧ થી ૮ જીવસ્થાનકની જેમ | | | | | |
| ૨જુ | ૭ | ૪ કષાય, નપું૦ વેદ, ૧ યુગલ | ૧ | ૪x૨=૮ | ૭ | ૫૬ |
| | ૮ | ૭+ભય | ૧ | ૮ | ૮ | ૬૪ |
| | | ૭+જુગુપ્સા | ૧ | ૮ | ૮ | ૬૪ |
| | ૯ | ૭+ભય+જુગુપ્સા | ૧ | ૮ | ૯ | ૭૨ |
| | | | ૪ | ૪x૮=૩૨ | ૩૨ | ૩૨x૮=૨૫૬ |

**સત્તાસ્થાનક - ૩ - ૨૮,૨૭,૨૬ (પૂર્વે કહ્યા મુજબ)**

**જીવસ્થાનક - ૧૪**

**બંધસ્થાનક - ૧૦ (પૂર્વે કહ્યા મુજબ)**

**ઉદયસ્થાનક - ૯ (પૂર્વે કહ્યા મુજબ)**

**સત્તાસ્થાનક - ૧૫ (પૂર્વે કહ્યા મુજબ)**

## સંવેધ

**જીવસ્થાનક - ૧ થી ૮**

| બંધ૦ | ઉદય૦ | સત્તા૦ | કુલ સત્તા૦ | ગુણ૦ |
|---|---|---|---|---|
| ૨૨ | ૮ | ૨૮,૨૭,૨૬ | ૯ | ૧લુ |
| | ૯ | ૨૮,૨૭,૨૬ | | |
| | ૧૦ | ૨૮,૨૭,૨૬ | | |

**જીવસ્થાનક - ૯ થી ૧૩**

| બંધ૦ | ઉદય૦ | સત્તા૦ | કુલ સત્તા૦ | ગુણ૦ |
|---|---|---|---|---|
| ૨૨ | ૮ | ૨૮,૨૭,૨૬ | ૯ | ૧લુ |
| | ૯ | ૨૮,૨૭,૨૬ | | |
| | ૧૦ | ૨૮,૨૭,૨૬ | | |
| ૨૧ | ૭ | ૨૮ | ૩ | ૨જુ |
| | ૮ | ૨૮ | | |
| | ૯ | ૨૮ | | |
| કુલ | | | ૧૨ | |

અહીં હેતુઓ સામાન્ય સંવેધની જેમ જાણી લેવા.

**જીવસ્થાનક - ૧૪મુ** - સામાન્ય સંવેધની જેમ.

**(૮) નામકર્મ - બંધસ્થાનક-**

**જીવસ્થાનક - ૧ થી ૧૨ - બંધસ્થાનક - ૫** :- ૨૩,૨૫,૨૬,૨૯,૩૦

| બંધ૦ | ૨૩ | ૨૫ | ૨૬ | ૨૯ | ૩૦ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ભાંગા | ૪ | ૨૫ | ૧૬ | ૯,૨૪૦ | ૪,૬૩૨ | ૧૩,૯૧૭ |

આ જીવો દેવ-નારક યોગ્ય, જિન૦સહિત મનુ૦યોગ્ય અને અપ્રાયોગ્ય ૧ ન બાંધે. તેથી તે તે બંધ૦ માંથી તેના તેના ભાંગા ઓછા કરવા.

**જીવસ્થાનક - ૧૩મુ - બંધસ્થાનક - ૬** :- ૨૩,૨૫,૨૬,૨૮,૨૯,૩૦

| બંધ૦ | ૨૩ | ૨૫ | ૨૬ | ૨૮ | ૨૯ | ૩૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ભાંગા | ૪ | ૨૫ | ૧૬ | ૯ | ૯,૨૪૦ | ૪,૬૩૨ | ૧૩,૯૨૬ |

આ જીવો જિન૦ અને આહા૦ સહિતના બંધ૦ અને અપ્રાયોગ્ય ૧ બાંધતા નથી, તેથી તે તે બંધ૦ માંથી તેના તેના ભાંગા ઓછા કરવા.

**જીવસ્થાનક - ૧૪મુ**

**બંધસ્થાનક** - ૮ (પૂર્વે કહ્યા મુજબ.)

આ ગુણ૦ પર્યાપ્તાવસ્થામાં જ હોય. તેથી ૨૯, ૩૦, ૩૧ના જ ઉદય૦ હોય. ૨૯ના ઉદય૦માં દેવના ૮, નરકનો ૧ એમ ૯ ભાંગા હોય.

૩૦ના ઉદય૦માં પંચે૦તિ૦ના ૧,૧૫૨, મનુ૦ના ૧,૧૫૨ એમ ૨,૩૦૪ ભાંગા હોય.

૩૧ના ઉદય૦માં પંચે૦તિ૦ના ૧,૧૫૨ ભાંગા હોય.

| ઉદય૦ | ભાંગા૦ | પંચે૦તિ | મનુ૦ | દેવ | નરક |
|---|---|---|---|---|---|
| ૨૯ | ૯ | - | - | ૮ | ૧ |
| ૩૦ | ૨,૩૦૪ | ૧,૧૫૨ | ૧,૧૫૨ | - | - |
| ૩૧ | ૧,૧૫૨ | ૧,૧૫૨ | - | - | - |
| કુલ | ૩,૪૬૫ | ૨,૩૦૪ | ૧,૧૫૨ | ૮ | ૧ |

**સત્તાસ્થાનક - ૨ - ૯૨,૮૮**

## સંવેધ

| બંધ૦ | ભાંગા | ઉદય૦ | ભાંગા | પંચે૦તિ૦ | મનુ૦ | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૮ | ૮ | ૩૦ | ૨,૩૦૪ | ૧,૧૫૨ | ૧,૧૫૨ | ૯૨,૮૮ | ૪ |
| | | ૩૧ | ૧,૧૫૨ | ૧,૧૫૨ | - | ૯૨,૮૮ | |
| | | | ૩,૪૫૬ | | | | |

| બંધ૦ | ભાંગા૦ | ઉદય૦ | ભાંગા | દેવ | નારક | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૯ | ૮ | ૨૯ | ૯ | ૮ | ૧ | ૯૨,૮૮ | ૨ |

૩જા ગુણઠાણે મનુ૦-પંચે૦તિ૦ દેવ યોગ્ય જ બાંધે, દેવ-નારકી મનુ૦ યોગ્ય જ બાંધે. ૩જા ગુણઠાણે ઉ૦વૈ૦શરીરની વિવક્ષા કરી નથી. ૭મા ગુણઠાણે આહા૦ ૪નો બંધ કરી પડીને ૩જા ગુણઠાણે આવેલા મનુ૦ને ૯૨નું સત્તા૦ હોય. તે જ રીતે ૭મા ગુણઠાણે આહા૦૪ નો બંધ કરી પડી ૧લા ગુણઠાણે જઈ પંચે૦તિ૦ ના ભવમાં જઈ મિશ્ર૦ના ઉદયે ૩જા ગુણઠાણે આવેલાને પણ ૯૨નું સત્તા૦ હોય.

**ગુણ૦ ૪થુ -**

**બંધસ્થાનક - ૩ - ૨૮,૨૯,૩૦**

| બંધ૦ | ભાંગા | બંધક |
|---|---|---|
| ૨૮ (દેવયોગ્ય) | ૮ | મનુ૦,પંચે૦તિ૦ |
| ૨૯ (દેવયોગ્ય) | ૮ | મનુ૦ |
| ૨૯ (મનુ૦યોગ્ય) | ૮□ | દેવ, નારક |
| ૩૦ (મનુ૦યોગ્ય) | ૮ | દેવ, નારક |
| | ૩૨ | |

□ સ્થિર/અસ્થિર x શુભ/અશુભ x યશ/અયશ = ૮ ભાંગા થાય. શેષ પ્રકૃતિ શુભ હોય.

**ઉદયસ્થાનક - ૮ - ૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧**

૪થુ ગુણઠાણુ એકે૦, વિકલે૦, વૈ૦ સંયત, આહા૦ સંયત અને કેવળીને ન હોય. તેથી તેમના ઉદય૦ અને ઉદયભાંગા ઓછા કરવા. ૪થા ગુણ૦વાળો અપર્યા૦માં ઉત્પન્ન થતો નથી. તેથી તે તે ઉદય૦માંથી અપર્યા૦ના ભાંગા ઓછા કરવા.

| ઉદય૦ | ભાંગા | પંચે૦ તિ૦ | વૈ૦પંચે૦ તિ૦ | મનુ૦ | વૈ૦મનુ૦ | દેવ | નારક |
|---|---|---|---|---|---|---|---|
| ૨૧ | ૨૫ | ૮ | - | ૮ | - | ૮ | ૧ |
| ૨૫ | ૨૫ | - | ૮ | - | ૮ | ૮ | ૧ |
| ૨૬ | ૫૭૬ | ૨૮૮ | - | ૨૮૮ | - | - | - |
| ૨૭ | ૨૫ | - | ૮ | - | ૮ | ૮ | ૧ |
| ૨૮ | ૧,૧૯૩ | ૫૭૬ | ૧૬ | ૫૭૬ | ૮ | ૧૬ | ૧ |
| ૨૯ | ૧,૭૬૯ | ૧,૧૫૨ | ૧૬ | ૫૭૬ | ૮ | ૧૬ | ૧ |
| ૩૦ | ૨,૮૯૬ | ૧,૭૨૮ | ૮ | ૧,૧૫૨ | - | ૮ | - |
| ૩૧ | ૧,૧૫૨ | ૧,૧૫૨ | - | - | - | - | - |
| કુલ | ૭,૬૬૧ | ૪,૯૦૪ | ૫૬ | ૨,૬૦૦ | ૩૨ | ૬૪ | ૫ |

**સત્તાસ્થાનક - ૪ - ૯૩,૯૨,૮૯,૮૮**

## સંવેધ

| બંધ૦ | ભાંગા | ઉદય૦ | ઉદય ભાંગા | પંચે૦ તિ૦ | વૈ૦પંચે૦ તિ૦ | મનુ૦ | વૈ૦ મનુ૦ | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૮ | ૮ | ૨૧ | ૧૬ | ૮ | - | ૮ | - | ૯૨,૮૮ | ૧૬ |
| | | ૨૫ | ૧૬ | - | ૮ | - | ૮ | ૯૨,૮૮ | |
| | | ૨૬ | ૫૭૬ | ૨૮૮ | - | ૨૮૮ | - | ૯૨,૮૮ | |
| | | ૨૭ | ૧૬ | - | ૮ | - | ૮ | ૯૨,૮૮ | |
| | | ૨૮ | ૧,૧૭૬ | ૫૭૬ | ૧૬ | ૫૭૬ | ૮ | ૯૨,૮૮ | |
| | | ૨૯ | ૧,૭૫૨ | ૧,૧૫૨ | ૧૬ | ૫૭૬ | ૮ | ૯૨,૮૮ | |
| | | ૩૦ | ૨,૮૮૮ | ૧,૭૨૮ | ૮ | ૧,૧૫૨ | - | ૯૨,૮૮ | |

| બંધ૦ | ભાંગા | ઉદય૦ | ઉદય ભાંગા | પંચે૦ તિ૦ | વૈ૦પંચે૦ તિ૦ | મનુ૦ | વૈ૦ મનુ૦ | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૩૧ | ૧,૧૫૨ | ૧,૧૫૨ | - | - | - | ૯૨,૮૮ | |
| કુલ | | | ૭,૫૯૨ | ૪,૯૦૪ | ૫૬ | ૨,૬૦૦ | ૩૨ | | |

૨૮નું બંધ૦ દેવયોગ્ય છે. તે પંચે૦તિ૦ - મનુ૦ને જ હોય, દેવ-નારકીને ન હોય. તેથી તે તે ઉદય૦માંથી દેવ-નારકીના ભાંગા ઓછા કરવા. અહીં જિન૦નો બંધ નથી. તેથી ૯૨,૮૮ બે સત્તા૦ બધા ઉદય૦માં હોય.

| બંધ૦ | ભાંગા | ઉદય૦ | ભાંગા૦ | મનુ૦ | વૈ૦ મનુ૦ | દેવ | નારક | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૯ | ૧૬ | ૨૧ | ૧૦ | ૧ | - | ૮ | ૧ | ૯૩,૯૨,૮૯,૮૮ | ૨૬ |
| | | ૨૫ | ૧૭ | - | ૮ | ૮ | ૧ | ૯૩,૯૨,૮૯,૮૮ | |
| | | ૨૬ | ૧ | ૧ | - | - | - | ૯૩,૮૯ | |
| | | ૨૭ | ૧૭ | - | ૮ | ૮ | ૧ | ૯૩,૯૨,૮૯,૮૮ | |
| | | ૨૮ | ૨૬ | ૧ | ૮ | ૧૬ | ૧ | ૯૩,૯૨,૮૯,૮૮ | |
| | | ૨૯ | ૨૬ | ૧ | ૮ | ૧૬ | ૧ | ૯૩,૯૨,૮૯,૮૮ | |
| | | ૩૦ | ૨૦૦ | ૧૯૨ | - | ૮ | - | ૯૩,૯૨,૮૯,૮૮ | |
| કુલ | | | ૨૯૭ | ૧૯૬ | ૩૨ | ૬૪ | ૫ | | |

દેવયોગ્ય ૨૯ના બંધક મનુ૦ જ છે. મનુ૦ યોગ્ય ૨૯ના બંધક દેવ-નારક જ છે. તેથી ૨૯ના બંધ૦ના બધા ઉદય૦માંથી પંચે૦ તિ૦ અને વૈ૦ પંચે૦ તિ૦ ના ભાંગા ઓછા કરવા. વળી જિન૦ સહિત દેવયોગ્ય ૨૯ બાંધનાર મનુ૦ને તીર્થંકરના ભવની પૂર્વેના ત્રીજા ભવની અપેક્ષાએ ૩૦નું ઉદય૦ જ હોય. કેમકે દેવયોગ્ય ૨૯નું બંધ૦ ત્યાં પર્યાપ્તાવસ્થામાં જ બંધાય. જિન૦ ૧લા સંઘયણવાળો જ બાંધે. તેથી ૩૦ના ઉદય૦ના ૧ લુ સંઘ૦ x ૬ સંસ્થાન x સુભગ/દુર્ભગ x આદેય/અનાદેય x યશ/અયશ x ખગતિ ૨ x સ્વર ૨=૧૯૨ ભાંગા થાય. જિન સહિત દેવયોગ્ય ૨૯

બાંધનાર મનુ૦ને તીર્થંકરના ભવની અપેક્ષાએ ૨૧,૨૬,૨૮,૨૯,૩૦ના ઉદય૦ હોય. તેમને બધા૦ ઉદય૦ નો ૧-૧ ભાંગો હોય, કેમકે બધી શુભ પ્રકૃતિનો જ ઉદય હોય. દેવ-નારકીને પોતાના ઉદય૦માં ૯૨,૮૮ના સત્તા૦ હોય અને મનુ૦ને પોતાના ઉદય૦માં ૯૩,૮૯ના સત્તા૦ હોય.

| બંધ૦ | ભાંગા | ઉદય૦ | ભાંગા | દેવ | નારક | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૩૦ | ૮ | ૨૧ | ૯ | ૮ | ૧ | ૯૩,૮૯ | ૧૨ |
| | | ૨૫ | ૯ | ૮ | ૧ | ૯૩,૮૯ | |
| | | ૨૭ | ૯ | ૮ | ૧ | ૯૩,૮૯ | |
| | | ૨૮ | ૧૭ | ૧૬ | ૧ | ૯૩,૮૯ | |
| | | ૨૯ | ૧૭ | ૧૬ | ૧ | ૯૩,૮૯ | |
| | | ૩૦ | ૮ | ૮ | - | ૯૩,૮૯ | |
| કુલ | | | ૬૯ | ૬૪ | ૫ | | |

મનુ૦ યોગ્ય ૩૦ના બંધક દેવ-નારકી જ હોય. તેથી બધા ઉદય૦માંથી મનુ૦-પંચેં૦તિ૦ ના ભાંગા ઓછા કરવા. દેવને પોતાના ઉદય૦માં ૯૩,૮૯ ના સત્તા૦ હોય, નારકને પોતાના ઉદય૦માં ૮૯નું સત્તા૦ હોય.

**ગુણ૦ ૫મુ -**

**બંધસ્થાનક - ૨ - ૨૮,૨૯**

| બંધ૦ | ભાંગા | બંધક |
|---|---|---|
| ૨૮ (દેવયોગ્ય) | ૮ | મનુ૦-પંચેં૦તિ૦ |
| ૨૯ (દેવયોગ્ય) | ૮ | મનુ૦ |
| કુલ | ૧૬ | |

**ઉદયસ્થાનક - ૬ - ૨૫,૨૭,૨૮,૨૯,૩૦,૩૧**

પહેલા ચાર ઉદય૦ વૈ૦પંચેં૦તિ૦ - વૈ૦મનુ૦ ને હોય. અહીં બધી શુભ પ્રકૃતિનો જ ઉદય હોવાથી ૧-૧ જ ભાંગો હોય.

૩૦નું ઉદય૦ સ્વભાવસ્થ મનુ૦-પંચેં૦તિ૦ અને વૈ૦પંચેં૦તિ૦ ને

હોય. અહીં દુર્ભગ-અનાદેય-અયશનો ઉદય ન હોય. તેથી ૬ સંઘ૦ x ૬ સંસ્થાન x ૨ સ્વર x ૨ ખગતિ=૧૪૪ ભાંગા થાય. વૈ૦પંચે૦તિ૦ને ૧ ભાંગો હોય.

૩૧નું ઉદય૦ પંચે૦તિ૦ ને હોય. ભાંગા-૧૪૪, ઉપર પ્રમાણે.

| ઉદય૦ | ભાંગા | પંચે૦તિ૦ | વૈ૦પંચે૦તિ૦ | મનુ૦ | વૈ૦મનુ૦ |
|---|---|---|---|---|---|
| ૨૫ | ૨ | - | ૧ | - | ૧ |
| ૨૭ | ૨ | - | ૧ | - | ૧ |
| ૨૮ | ૩ | - | ૨ | - | ૧ |
| ૨૯ | ૩ | - | ૨ | - | ૧ |
| ૩૦ | ૨૮૯ | ૧૪૪ | ૧ | ૧૪૪ | - |
| ૩૧ | ૧૪૪ | ૧૪૪ | - | - | - |
| કુલ | ૪૪૩ | ૨૮૮ | ૭ | ૧૪૪ | ૪ |

**સત્તાસ્થાનક - ૪ - ૯૩,૯૨,૮૯,૮૮**

## સંવેધ

| બંધ૦ | ભાંગા૦ | ઉદય૦ | ભાંગા | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|
| ૨૮ | ૮ | ૨૫ | ૨ | ૯૨,૮૮ | ૧૨ |
| (દેવ | | ૨૭ | ૨ | ૯૨,૮૮ | |
| યોગ્ય) | | ૨૮ | ૩ | ૯૨,૮૮ | |
| | | ૨૯ | ૩ | ૯૨,૮૮ | |
| | | ૩૦ | ૨૮૯ | ૯૨,૮૮ | |
| | | ૩૧ | ૧૪૪ | ૯૨,૮૮ | |
| કુલ | | | ૪૪૩ | | |

| બંધ૦ | ભાંગા | ઉદય૦ | ભાંગા | મનુ૦ | વૈ૦મનુ૦ | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૯ | ૮ | ૨૫ | ૧ | - | ૧ | ૯૩,૮૯ | ૧૦ |
| (દેવ | | ૨૭ | ૧ | - | ૧ | ૯૩,૮૯ | |
| યોગ્ય) | | ૨૮ | ૧ | - | ૧ | ૯૩,૮૯ | |

| બંધ૦ | ભાંગા | ઉદય૦ | ભાંગા | મનુ૦ | વૈ૦મનુ૦ | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| | | ૨૯ | ૧ | - | ૧ | ૯૩,૮૯ | |
| | | ૩૦ | ૧૪૪ | ૧૪૪ | - | ૯૩,૮૯ | |
| કુલ | | | ૧૪૮ | ૧૪૪ | ૪ | | |

**ગુણ૦ ૬ટ્ઠુ -**

**બંધસ્થાનક - ૨ - ૨૮,૨૯**

| બંધ૦ | ભાંગા | બંધક |
|---|---|---|
| ૨૮ (દેવયોગ્ય) | ૮ | મનુ૦ |
| ૨૯ (દેવયોગ્ય) | ૮ | મનુ૦ |
| કુલ | ૧૬ | |

**ઉદયસ્થાનક - ૫ - ૨૫,૨૭,૨૮,૨૯,૩૦**

વૈ૦ સંયત, આહા૦ સંયતને પાંચે ઉદય૦ હોય. અહીં બધી શુભ પ્રકૃતિનો ઉદય હોવાથી ૧-૧ જ ભાંગો હોય.

સ્વભાવસ્થ સંયતને ૩૦નું ઉદય૦ હોય. તેના ૧૪૪ ભાંગા પૂર્વે કહ્યા પ્રમાણે જાણવા.

| ઉદય૦ | ભાંગા | સંયત | વૈ૦સંયત | આહા૦સંયત |
|---|---|---|---|---|
| ૨૫ | ૨ | - | ૧ | ૧ |
| ૨૭ | ૨ | - | ૧ | ૧ |
| ૨૮ | ૪ | - | ૨ | ૨ |
| ૨૯ | ૪ | - | ૨ | ૨ |
| ૩૦ | ૧૪૬ | ૧૪૪ | ૧ | ૧ |
| કુલ | ૧૫૮ | ૧૪૪ | ૭ | ૭ |

**સત્તાસ્થાનક - ૪ - ૯૩,૯૨,૮૯,૮૮**

**સંવેધ**

| બંધ૦ | ભાંગા૦ | ઉદય૦ | ભાંગા | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|
| ૨૮ | ૮ | ૨૫ | ૨ | ૯૨,૮૮ | ૧૦ |

| બંધ૦ | ભાંગા૦ | ઉદય૦ | ભાંગા | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|
| | | ૨૭ | ૨ | ૯૨,૮૮ | |
| | | ૨૮ | ૪ | ૯૨,૮૮ | |
| | | ૨૯ | ૪ | ૯૨,૮૮ | |
| | | ૩૦ | ૧૪૬ | ૯૨,૮૮ | |
| કુલ | | | ૧૫૮ | | |

આહા૦ સંયતને બધા ઉદય૦માં ૯૨નું સત્તા૦ હોય, શેષને ૯૨,૮૮ના સત્તા૦ હોય.

| બંધ૦ | ભાંગા૦ | ઉદય૦ | ભાંગા | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|
| ૨૯ | ૮ | ૨૫ | ૨ | ૯૩,૮૯ | ૧૦ |
| | | ૨૭ | ૨ | ૯૩,૮૯ | |
| | | ૨૮ | ૪ | ૯૩,૮૯ | |
| | | ૨૯ | ૪ | ૯૩,૮૯ | |
| | | ૩૦ | ૧૪૬ | ૯૩,૮૯ | |
| કુલ | | | ૧૫૮ | | |

આહા૦ સંયતને બધા ઉદય૦માં ૯૩નું સત્તા૦ હોય, શેષને ૯૩,૮૯ ના સત્તા૦ હોય.

**ગુણ૦ ૭મુ -**

**બંધસ્થાનક - ૪ - ૨૮,૨૯,૩૦,૩૧**

અહીં અસ્થિર-અશુભ-અયશ ન બંધાવાથી ચારે બંધ૦માં ૧-૧ ભાંગો જાણવો.

| બંધ૦ | ભાંગા | બંધક |
|---|---|---|
| ૨૮ (દેવયોગ્ય) | ૧ | મનુ૦ |
| ૨૯ (દેવયોગ્ય) | ૧ | મનુ૦ |

| બંધ૦ | ભાંગા | બંધક |
|---|---|---|
| ૩૦ (દેવયોગ્ય) | ૧ | મનુ૦ |
| ૩૧ (દેવયોગ્ય) | ૧ | મનુ૦ |
| કુલ | ૪ | |

**ઉદયસ્થાનક - ૨ - ૨૯,૩૦**

૬ઠ્ઠા ગુણઠાણે વૈ૦ કે આહા૦ શરીર કરીને ૭મા ગુણઠાણે આવેલાને સુસ્વર સહિતના ૨૯,૩૦ના ઉદય૦ હોય. તેના ભાંગા ૧-૧ હોય.

સ્વભાવસ્થ સંયતને ૩૦નું ઉદય૦ હોય. તેના ભાંગા ૧૪૪ પૂર્વે કહ્યા પ્રમાણે જાણવા.

| ઉદય૦ | ભાંગા | સંયત | વૈ૦સંયત | આહા૦સંયત |
|---|---|---|---|---|
| ૨૯ | ૨ | - | ૧ (ઉદ્યોત વિના) | ૧ (ઉદ્યોત વિના) |
| ૩૦ | ૧૪૬ | ૧૪૪ | ૧ (ઉદ્યોત સાથે) | ૧ (ઉદ્યોત સાથે) |
| કુલ | ૧૪૮ | ૧૪૪ | ૨ | ૨ |

**સત્તાસ્થાનક - ૪ - ૯૩,૯૨,૮૯,૮૮**

## સંવેધ

| બંધ૦ | ભાંગા | ઉદય૦ | ભાંગા | સંયત | વૈ૦સંયત | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૮ | ૧ | ૨૯ | ૧ | - | ૧ | ૮૮ | ૨ |
| | | ૩૦ | ૧૪૫ | ૧૪૪ | ૧ | ૮૮ | |
| | | | ૧૪૬ | ૧૪૪ | ૨ | | |

એક એવો નિયમ છે કે - આહા૦ અને જિન૦ એકવાર બંધાયા પછી તેની સત્તા હોય તો તે બંધપ્રાયોગ્ય ગુણસ્થાનકમાં તેમનો બંધ અવશ્ય હોય જ. ૨૮નું બંધ૦ આહા૦ ૨ વિનાનુ છે. તેથી આહા૦ની સત્તા ન હોય અને તેથી આહા૦નો ઉદય પણ ન હોય. તેથી ઉદય૦માંથી આહા૦ સંયતના ભાંગા ઓછા કરવા અને ૮૮નું જ સત્તા૦ કહેવું.

| બંધ૦ | ભાંગા | ઉદય૦ | ભાંગા | સંયત | વૈ૦સંયત | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૯ | ૧ | ૨૯ | ૧ | - | ૧ | ૮૯ | ૨ |
| | | ૩૦ | ૧૪૫ | ૧૪૪ | ૧ | ૮૯ | |
| કુલ | | | ૧૪૬ | ૧૪૪ | ૨ | | |

અહીં પણ આહા૦નો બંધ ન હોવાથી તેના ઉદય-સત્તા નથી. તેથી ઉદયભાંગામાંથી આહા૦ના ભાંગા ઓછા કરવા. સત્તા૦ માત્ર ૮૯નું જ હોય.

| બંધ૦ | ભાંગા | ઉદય૦ | ભાંગા | સંયત | વૈ૦સંયત | આહા૦ સંયત | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩૦ | ૧ | ૨૯ | ૨ | - | ૧ | ૧ | ૯૨ | ૨ |
| | | ૩૦ | ૧૪૬ | ૧૪૪ | ૧ | ૧ | ૯૨ | |
| કુલ | | | ૧૪૮ | ૧૪૪ | ૨ | ૨ | | |

અહીં આહા૦ નો બંધ હોવાથી તેના ઉદય-સત્તા છે. તેથી ઉદયભાંગામાં આહા૦ સંયતના ભાંગા ઉમેરવા. સત્તા૦ ૯૨નું હોય. આહા૦ની સત્તા૦વાળાને આહા૦ નો ઉદય હોય અથવા ન પણ હોય. તેથી ઉદયભાંગામાં સ્વભાવસ્થ સંયત અને વૈક્રિય સંયતના ભાંગા પણ ગણ્યા છે.

| બંધ૦ | ભાંગા | ઉદય૦ | ભાંગા | સંયત | વૈ૦સંયત | આહા૦ સંયત | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩૧ | ૧ | ૨૯ | ૨ | - | ૧ | ૧ | ૯૩ | |
| | | ૩૦ | ૧૪૬ | ૧૪૪ | ૧ | ૧ | ૯૩ | |
| કુલ | | | ૧૪૮ | ૧૪૪ | ૨ | ૨ | | |

અહીં પણ આહા૦ અને જિન૦નો બંધ હોવાથી તેમની સત્તા અવશ્ય હોય. તેથી બન્ને ઉદય૦માં ૯૩નું સત્તા૦ હોય. આહા૦ની સત્તા૦વાળાને આહા૦ નો ઉદય હોય અથવા ન પણ હોય, તેથી ઉદયભાંગામાં સ્વભાવસ્થ સંયત અને વૈ૦ સંયતના ભાંગા પણ ગણ્યા છે.

**ગુણ૦ ૮મુ -**

**બંધસ્થાનક - ૫ :-** ૨૮,૨૯,૩૦,૩૧,૧

| બંધ૦ | ભાંગા | બંધક |
|---|---|---|
| ૨૮ (દેવયોગ્ય) | ૧ | મનુ૦ |
| ૨૯ (દેવયોગ્ય) | ૧ | મનુ૦ |
| ૩૦ (દેવયોગ્ય) | ૧ | મનુ૦ |
| ૩૧ (દેવયોગ્ય) | ૧ | મનુ૦ |
| ૧ અપ્રાયોગ્ય | ૧ | મનુ૦ |
| કુલ | ૫ | |

**ઉદયસ્થાનક - ૧ :-** ૩૦, ભાંગા - ૨૪/૭૨

૩૦નું ઉદય૦ સ્વભાવસ્થ સંયતને હોય. તેના ભાંગા ૧લુ સંઘ૦ x ૬ સંસ્થાન x ૨ સ્વર x ૨ ખગતિ=૨૪ થાય. આ મત જેઓ એમ માને છે કે પહેલા સંઘયણવાળો જ ઉપશમશ્રેણી માંડી શકે તેમનો જાણવો. જેઓ એમ માને છે કે પહેલા ત્રણમાંથી કોઈપણ સંઘયણવાળો ઉપશમશ્રેણી માંડી શકે તેમના મતે ૭૨ ભાંગા થાય. તે આ પ્રમાણે- ૩ સંઘ૦ x ૬ સંસ્થાન x ૨ સ્વર x ૨ ખગતિ = ૭૨.

**સત્તાસ્થાનક - ૪ -** ૯૩,૯૨,૮૯,૮૮

## સંવેધ

| બંધ૦ | ભાંગા | ઉદય૦ | ભાંગા | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|
| ૨૮ | ૧ | ૩૦ | ૨૪/૭૨ | ૮૮ | ૧ |
| ૨૯ | ૧ | ૩૦ | ૨૪/૭૨ | ૮૯ | ૧ |
| ૩૦ | ૧ | ૩૦ | ૨૪/૭૨ | ૯૨ | ૧ |
| ૩૧ | ૧ | ૩૦ | ૨૪/૭૨ | ૯૩ | ૧ |
| ૧ | ૧ | ૩૦ | ૨૪/૭૨ | ૯૩,૯૨,૮૯,૮૮ | ૪ |

**ગુણ૦ ૯,૧૦ -**

**બંધસ્થાનક - ૧ :-** ૧ (યશ), ભાંગા-૧

**ઉદયસ્થાનક - ૧ :-** ૩૦, ભાંગા-૨૪/૭૨

**સત્તાસ્થાનક - ૮ :- ૯૩,૯૨,૮૯,૮૮,૮૦,૭૯,૭૬,૭૫**

## સંવેધ

| બંધ૦ | ભાંગા | ઉદય૦ | ભાંગા | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૩૦ | ૨૪/૭૨ | ૯૩,૯૨,૮૯,૮૮,૮૦,૭૯,૭૬,૭૫ | ૮ |

**ગુણ૦ ૧૧મુ -**

**બંધ૦ - ૦**

**ઉદય૦ - ૧ :- ૩૦, ભાંગા ૨૪/૭૨**

**સત્તા-૪ - ૯૩,૯૨,૮૯,૮૮**

## સંવેધ

| બંધ૦ | ઉદય૦ | ભાંગા૦ | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|
| ૦ | ૩૦ | ૨૪/૭૨ | ૯૩,૯૨,૮૯,૮૮ | ૪ |

**ગુણ૦ ૧૨મુ -**

**બંધ૦ - ૦**

**ઉદય૦ - ૧ :- ૩૦, ભાંગા-૨૪**

**સત્તા૦ - ૪ - ૮૦,૭૯,૭૬,૭૫**

## સંવેધ

| બંધ૦ | ઉદય૦ | ભાંગા૦ | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|
| ૦ | ૩૦ | ૨૪ | ૮૦,૭૯,૭૬,૭૫ | ૪ |

આ ગુણ૦ ક્ષપકશ્રેણીમાં જ હોય. ૧લા સંઘ૦ વાળો જ ક્ષપકશ્રેણી માંડે. તેથી ઉદય૦ના ભાંગા ૨૪ થાય. તે આ પ્રમાણે - ૬ સંસ્થાન x ૨ સ્વર x ૨ ખગતિ=૨૪.

**ગુણ૦ - ૧૩મુ -**

**બંધ૦ - ૦**

**ઉદયસ્થાનક - ૮ :- ૨૦,૨૧,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧**

| ઉદય૦ | ૨૦ | ૨૧ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ભાંગા | ૧ | ૧ | ૬ | ૧ | ૧૨ | ૧૩ | ૨૫ | ૧ | ૬૦ |
| તી૦કેવળી | - | ૧ | - | ૧ | - | ૧ | ૧ | ૧ | ૫ |
| અતી૦કેવળી | ૧ | - | ૬ | - | ૧૨ | ૧૨ | ૨૪ | - | ૫૫ |

**સત્તા૦ - ૪ :- ૮૦,૭૯,૭૬,૭૫**

## સંવેધ

| બંધ૦ | ઉદય૦ | ભાંગા | તીર્થંકર કેવળી | અતીર્થંકર કેવળી | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૦ | ૨૦ | ૧ | - | ૧ | ૭૯,૭૫ | ૨૦ |
| | ૨૧ | ૧ | ૧ | - | ૮૦,૭૬ | |
| | ૨૬ | ૬ | - | ૬ | ૭૯,૭૫ | |
| | ૨૭ | ૧ | ૧ | - | ૮૦,૭૬ | |
| | ૨૮ | ૧૨ | - | ૧૨ | ૭૯,૭૫ | |
| | ૨૯ | ૧૩ | ૧ | ૧૨ | ૮૦,૭૯,૭૬,૭૫ | |
| | ૩૦ | ૨૫ | ૧ | ૨૪ | ૮૦,૭૯,૭૬,૭૫ | |
| | ૩૧ | ૧ | ૧ | - | ૮૦,૭૬ | |
| કુલ | | ૬૦ | ૫ | ૫૫ | | |

ઉદયભાંગા પૂર્વે જણાવ્યા મુજબ જાણવા. તીર્થંકર ના ઉદય૦માં ૮૦,૭૬ ના સત્તા૦ હોય, અતીર્થંકરના ઉદય૦માં ૭૯,૭૫ના સત્તા૦ હોય.

**ગુણ૦ ૧૪મુ -**

**બંધ૦ - ૦**

**ઉદય૦ - ૨ :- ૯,૮**

| ઉદય૦ | ભાંગા | તીર્થંકર કેવળી | અતીર્થંકર કેવળી |
|---|---|---|---|
| ૯ | ૧ | ૧ | - |
| ૮ | ૧ | - | ૧ |
| કુલ | ૨ | ૧ | ૧ |

**સત્તા૦ - ૬ - ૮૦,૭૯,૭૬,૭૫,૯,૮**

## સંવેધ

| બંધ૦ | ઉદય૦ | ભાંગા | તીર્થંકર કેવળી | અતીર્થંકર કેવળી | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૦ | ૯ | ૧ | ૧ | - | ૮૦,૭૬,૯ | ૬ |
| ૦ | ૮ | ૧ | - | ૧ | ૭૯,૭૫,૮ | |

૯નું ઉદય૦ તીર્થંકરને હોય. તેમને દ્વિચરમસમય સુધી ૮૦,૭૬ ના સત્તા૦ હોય, ચરમસમયે ૯નું સત્તા૦ હોય. ૮નું ઉદય૦ અતીર્થંકરને હોય. તેમને દ્વિચરમસમય સુધી ૭૯,૭૫ના સત્તા૦ હોય, ચરમસમયે ૮નું સત્તા૦ હોય.

**માર્ગણાસ્થાનકોમાં નામકર્મના બંધ૦-ઉદય૦-સત્તા૦ અને તેનો સંવેધ-**

## ગતિમાર્ગણા

**(૧) નરકગતિ-**

**બંધસ્થાનક** - ૨ - ૨૯,૩૦

| બંધ૦ | ભાંગા | |
|---|---|---|
| મનુ૦યોગ્ય ૨૯ | ૪,૬૦૮ | ૯,૨૧૬ |
| પંચે૦તિ૦યોગ્ય ૨૯ | ૪,૬૦૮ | |
| મનુ૦યોગ્ય ૩૦ | ૮ | ૪,૬૧૬ |
| પંચે૦તિ૦યોગ્ય ૩૦ | ૪,૬૦૮ | |
| | કુલ | ૧૩,૮૩૨ |

**ઉદયસ્થાનક** - ૫ - ૨૧,૨૫,૨૭,૨૮,૨૯

પાંચે ઉદય૦માં ૧-૧ ભાંગો.

**સત્તાસ્થાનક** - ૩ - ૯૨,૮૯,૮૮

## સંવેધ

| બંધ૦ | ભાંગા | ઉદય૦ | ભાંગા | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|
| ૨૯ | ૯,૨૧૬ | ૨૧ | ૧ | ૯૨,૮૯,૮૮ | ૧૫ |
| | | ૨૫ | ૧ | ૯૨,૮૯,૮૮ | |

| બંધ૦ | ભાંગા | ઉદય૦ | ભાંગા | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|
| | | ૨૭ | ૧ | ૯૨,૮૯,૮૮ | |
| | | ૨૮ | ૧ | ૯૨,૮૯,૮૮ | |
| | | ૨૯ | ૧ | ૯૨,૮૯,૮૮ | |
| કુલ | | | ૫ | | |

પંચેન્દ્રિ૦ યોગ્ય ૨૯ બાંધનારને પાંચે ઉદય૦માં ૯૨,૮૮ના સત્તા૦ હોય. મનુ૦ યોગ્ય ૨૯ બાંધનારને પાંચે ઉદય૦માં ૯૨,૮૯,૮૮ના સત્તા૦ હોય.

| બંધ૦ | ભાંગા | ઉદય૦ | ભાંગા | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|
| ૩૦ | ૪,૬૧૬ | ૨૧ | ૧ | ૯૨,૮૯,૮૮ | ૧૫ |
| | | ૨૫ | ૧ | ૯૨,૮૯,૮૮ | |
| | | ૨૭ | ૧ | ૯૨,૮૯,૮૮ | |
| | | ૨૮ | ૧ | ૯૨,૮૯,૮૮ | |
| | | ૨૯ | ૧ | ૯૨,૮૯,૮૮ | |
| કુલ | | | ૫ | | |

પંચેન્દ્રિ૦ યોગ્ય ૩૦ બાંધનારને પાંચે ઉદય૦માં ૯૨,૮૮ના સત્તા૦ હોય. મનુ૦ યોગ્ય ૩૦ બાંધનારને પાંચે ઉદય૦માં ૮૯ નું સત્તા૦ હોય.

## (૨) દેવગતિ -

**બંધસ્થાનક** - ૪ - ૨૫,૨૬,૨૯,૩૦

૨૫નું બંધ૦ બા૦ પર્યા૦ એકે૦ યોગ્ય છે. તેના પ્રત્યેક x સ્થિર/અસ્થિર x શુભ/અશુભ x યશ/અયશ=૮ ભાંગા થાય.

૨૬નું બંધ૦ બા૦ પર્યા૦ એકે૦ યોગ્ય છે. તેના પ્રત્યેક x આતપ/ઉદ્યોત x સ્થિર/અસ્થિર x શુભ/અશુભ x યશ/અયશ=૧૬ ભાંગા થાય.

૨૯નું બંધ૦ મનુ૦ યોગ્ય અને પંચેન્દ્રિ૦ યોગ્ય છે. તેના દરેકના ૪,૬૦૮ ભાંગા છે.

૩૦નું બંધ૦ પંચેન્દ્રિ૦ યોગ્ય અને મનુ૦ યોગ્ય છે. પંચેન્દ્રિ૦ યોગ્ય ૩૦ના ૪,૬૦૮ ભાંગા છે. મનુ૦ યોગ્ય ૩૦ના ૮ ભાંગા છે.

| બંધ૦ | ૨૫ | ૨૬ | ૨૯ | ૩૦ | કુલ |
|---|---|---|---|---|---|
| ભાંગા | ૮ | ૧૬ | ૯,૨૧૬ | ૪,૬૧૬ | ૧૩,૮૫૬ |

**ઉદયસ્થાનક** - ૬ - ૨૧,૨૫,૨૭,૨૮,૨૯,૩૦

ભાંગા પૂર્વે કહ્યા પ્રમાણે જાણવા.

**સત્તાસ્થાનક** - ૪ - ૯૩,૯૨,૮૯,૮૮

## સંવેધ

| બંધ૦ | ભાંગા | ઉદય૦ | ભાંગા | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|
| ૨૫ | ૮ | ૨૧ | ૮ | ૯૨,૮૮ | ૧૨ |
| | | ૨૫ | ૮ | ૯૨,૮૮ | |
| | | ૨૭ | ૮ | ૯૨,૮૮ | |
| | | ૨૮ | ૧૬ | ૯૨,૮૮ | |
| | | ૨૯ | ૧૬ | ૯૨,૮૮ | |
| | | ૩૦ | ૮ | ૯૨,૮૮ | |
| કુલ | | | ૬૪ | | |

૨૬,૨૯ના બંધ૦માં પણ આ જ પ્રમાણે ઉદય૦-સત્તા૦ જાણવા.

| બંધ૦ | ભાંગા | ઉદય૦ | ભાંગા | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|
| ૩૦ | ૪,૬૧૬ | ૨૧ | ૮ | ૯૩,૯૨,૮૯,૮૮ | ૨૪ |
| | | ૨૫ | ૮ | ૯૩,૯૨,૮૯,૮૮ | |
| | | ૨૭ | ૮ | ૯૩,૯૨,૮૯,૮૮ | |
| | | ૨૮ | ૧૬ | ૯૩,૯૨,૮૯,૮૮ | |
| | | ૨૯ | ૧૬ | ૯૩,૯૨,૮૯,૮૮ | |
| | | ૩૦ | ૮ | ૯૩,૯૨,૮૯,૮૮ | |
| કુલ | | | ૬૪ | | |

પંચે૦તિ૦યોગ્ય ૩૦ બાંધનારને બધા ઉદય૦માં ૯૨,૮૮ના સત્તા૦ હોય. મનુ૦ યોગ્ય ૩૦ બાંધનારને બધા ઉદય૦માં ૯૩,૮૯ના સત્તા૦ હોય.

**(૩) તિર્યંચગતિ -**

**બંધસ્થાનક - ૬ - ૨૩,૨૫,૨૬,૨૮,૨૯,૩૦**

ભાંગા પૂર્વે કહ્યા પ્રમાણે જાણવા. પણ દેવયોગ્ય ૨૯,૩૦ અને મનુ૦યોગ્ય ૩૦ ન બાંધે કેમકે તિર્યંચો જિન અને આહા૦ ૨ ન બાંધે. તેથી તેના ભાંગા ઓછા કરવા.

| બંધ૦ | ૨૩ | ૨૫ | ૨૬ | ૨૮ | ૨૯ | ૩૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ભાંગા | ૪ | ૨૫ | ૧૬ | ૯ | ૯,૨૪૦ | ૪,૬૩૨ | ૧૩,૯૨૬ |

**ઉદયસ્થાનક - ૯ - ૨૧,૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧**

| ઉદયસ્થાનક | એકે૦ | વિકલે૦ | પંચે૦તિ૦ | વૈ૦પંચે૦તિ૦ | કુલ |
|---|---|---|---|---|---|
| ૨૧ | ૫ | ૯ | ૯ | - | ૨૩ |
| ૨૪ | ૧૧ | - | - | - | ૧૧ |
| ૨૫ | ૭ | - | - | ૮ | ૧૫ |
| ૨૬ | ૧૩ | ૯ | ૨૮૯ | - | ૩૧૧ |
| ૨૭ | ૬ | - | - | ૮ | ૧૪ |
| ૨૮ | - | ૬ | ૫૭૬ | ૧૬ | ૫૯૮ |
| ૨૯ | - | ૧૨ | ૧,૧૫૨ | ૧૬ | ૧,૧૮૦ |
| ૩૦ | - | ૧૮ | ૧,૭૨૮ | ૮ | ૧,૭૫૪ |
| ૩૧ | - | ૧૨ | ૧,૧૫૨ | - | ૧,૧૬૪ |
| કુલ | ૪૨ | ૬૬ | ૪,૯૦૬ | ૫૬ | ૫,૦૭૦ |

**સત્તાસ્થાનક - ૫ - ૯૨,૮૮,૮૬,૮૦,૭૮**

**સંવેધ**

| બંધ૦ | ભાંગા | ઉદય૦ | ભાંગા | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|
| ૨૩ | ૪ | ૨૧ | ૨૩ | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ | ૪૦ |
| | | ૨૪ | ૧૧ | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ | |

| બંધ૦ | ભાંગા | ઉદય૦ | ભાંગા | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|
| | | ૨૫ | ૧૫ | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ | |
| | | ૨૬ | ૩૧૧ | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ | |
| | | ૨૭ | ૧૪ | ૯૨,૮૮,૮૬,૮૦ | |
| | | ૨૮ | ૫૯૮ | ૯૨,૮૮,૮૬,૮૦ | |
| | | ૨૯ | ૧,૧૮૦ | ૯૨,૮૮,૮૬,૮૦ | |
| | | ૩૦ | ૧,૭૫૪ | ૯૨,૮૮,૮૬,૮૦ | |
| | | ૩૧ | ૧,૧૬૪ | ૯૨,૮૮,૮૬,૮૦ | |
| કુલ | | | ૫,૦૭૦ | | |

એ જ રીતે ૨૫,૨૬,૨૯,૩૦ ના બંધ૦માં પણ ઉદય૦ અને સત્તા૦ કહેવા. અપર્યા૦ મનુ૦ યોગ્ય ૨૫ અને પર્યા૦ મનુ૦ યોગ્ય ૨૯ના બંધ૦ના બધા ઉદય૦માં ૯૨,૮૮,૮૬,૮૦ એ ૪-૪ સત્તા૦ જાણવા.

| બંધ૦ | ભાંગા | ઉદય૦ | ભાંગા | પંચે૦ તિ૦ | વૈ૦પંચે૦ તિ૦ | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૮ | ૯ | ૨૧ | ૮ | ૮ | - | ૯૨,૮૮ | ૧૮ |
| | | ૨૫ | ૮ | - | ૮ | ૯૨,૮૮ | |
| | | ૨૬ | ૨૮૮ | ૨૮૮ | - | ૯૨,૮૮ | |
| | | ૨૭ | ૮ | - | ૮ | ૯૨,૮૮ | |
| | | ૨૮ | ૫૯૨ | ૫૭૬ | ૧૬ | ૯૨,૮૮ | |
| | | ૨૯ | ૧,૧૬૮ | ૧,૧૫૨ | ૧૬ | ૯૨,૮૮ | |
| | | ૩૦ | ૧,૭૩૬ | ૧,૭૨૮ | ૮ | ૯૨,૮૮,૮૬ | |
| | | ૩૧ | ૧,૧૫૨ | ૧,૧૫૨ | - | ૯૨,૮૮,૮૬ | |
| કુલ | | | ૪,૯૬૦ | ૪,૯૦૪ | ૫૬ | | |

૨૮ના બંધ૦ના બંધક એકે૦-વિકલે૦-લબ્ધિ અપર્યા૦ પંચે૦ તિ૦ ન હોય. તેથી ઉદયભાંગામાંથી તેમના ભાંગા ઓછા કરવા. પૂર્વબદ્ધાયુ૦ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ અને મોહ૦ની ૨૨ની સત્તાવાળા ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિને ૨૧,૨૬,૨૮,૨૯,૩૦ ના ઉદય૦ હોય. તે ઉદય૦માં ૯૨,૮૮ના

સત્તા૦ હોય. ૨૫,૨૭ના ઉદય૦ વૈ૦તિ૦ને હોય. ત્યાં પણ ૯૨,૮૮ના સત્તા૦ હોય. ૩૦,૩૧ ના ઉદય૦ પર્યા૦ સમ્યગ્દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિ પંચે૦તિ૦ ને હોય. સમ્યગ્દૃષ્ટિને બન્ને ઉદય૦માં ૯૨,૮૮ના સત્તા૦ હોય. મિથ્યાદૃષ્ટિને બન્ને ઉદય૦માં ૯૨,૮૮,૮૬ના સત્તા૦ હોય.

## (૪) મનુષ્યગતિ -

**બંધસ્થાનક - ૮ - ૨૩,૨૫,૨૬,૨૮,૨૯,૩૦,૩૧,૧**

ભાંગા પૂર્વે કહ્યા પ્રમાણે જાણવા. પણ મનુ૦ યોગ્ય ૩૦નું બંધ૦ ન હોય. તેથી ૩૦ના ઉદય૦માંથી તેના ૮ ભાંગા ઓછા કરવા. કુલ બંધભાંગા ૧૩,૯૩૭.

**ઉદયસ્થાનક - ૧૧**

| ઉદય૦ | ૨૦ | ૨૧ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | ૯ | ૮ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ભાંગા | ૧ | ૧૦ | ૯ | ૨૮૯ | ૧૦ | ૫૮૭ | ૫૮૮ | ૧,૧૫૫ | ૧ | ૧ | ૧ | ૨,૬૫૨ |
| મનુ૦ | - | ૯ | - | ૨૮૯ | - | ૫૭૬ | ૫૭૬ | ૧,૧૫૨ | - | - | - | ૨,૬૦૨ |
| વૈ૦મનુ૦ | - | - | ૮ | - | ૮ | ૯ | ૯ | ૧ | - | - | - | ૩૫ |
| આહા૦ મનુ૦ | - | - | ૧ | - | ૧ | ૨ | ૨ | ૧ | - | - | - | ૭ |
| તી૦કેવળી | - | ૧ | - | - | ૧ | - | ૧ | ૧ | ૧ | ૧ | - | ૬ |
| અતી૦કેવળી | ૧ | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૨ |

**સત્તાસ્થાનક - ૧૧ - ૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૯,૭૬,૭૫,૯,૮**

### સંવેધ

| બંધ૦ | ભાંગા | ઉદય૦ | ભાંગા | મનુ૦ | વૈ૦મનુ૦ | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૩ | ૪ | ૨૧ | ૯ | ૯ | - | ૯૨,૮૮,૮૬,૮૦ | ૨૪ |
| | | ૨૫ | ૮ | - | ૮ | ૯૨,૮૮ | |
| | | ૨૬ | ૨૮૯ | ૨૮૯ | - | ૯૨,૮૮,૮૬,૮૦ | |

| બંધ૦ | ભાંગા | ઉદય૦ | ભાંગા | મનુ૦ | વૈ૦મનુ૦ | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| | | ૨૭ | ૮ | - | ૮ | ૯૨,૮૮ | |
| | | ૨૮ | ૫૮૪ | ૫૭૬ | ૮ | ૯૨,૮૮,૮૬,૮૦ | |
| | | ૨૯ | ૫૮૪ | ૫૭૬ | ૮ | ૯૨,૮૮,૮૬,૮૦ | |
| | | ૩૦ | ૧,૧૫૨ | ૧,૧૫૨ | - | ૯૨,૮૮,૮૬,૮૦ | |
| કુલ | | | ૨,૬૩૪ | ૨,૬૦૨ | ૩૨ | | |

વૈ૦ સંયત, આહા૦ સંયત, કેવળીને ૨૩નું બંધ ન હોય. તેથી તેમના ઉદય૦ અને ઉદયભાંગા ઓછા કરવા. ૨૫,૨૭ના ઉદય૦ વૈ૦મનુ૦ ને હોય. તેથી સત્તા૦ ૯૨,૮૮ના હોય. શેષ ઉદય૦માં ૯૨,૮૮,૮૬,૮૦ ના સત્તા૦ હોય.

૨૫,૨૬, મનુ૦ યોગ્ય ૨૯, તિ૦ યોગ્ય ૨૯-૩૦ ના બંધે પણ આ જ પ્રમાણે ઉદય૦-સત્તા૦ જાણવા.

| બંધ૦ | ભાંગા | ઉદય૦ | ભાંગા | મનુ૦ | વૈ૦ મનુ૦ | આહા૦ મનુ૦ | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૮ | ૯ | ૨૧ | ૮ | ૮ | - | - | ૯૨,૮૮ | ૧૬ |
| | | ૨૫ | ૯ | - | ૮ | ૧ | ૯૨,૮૮ | |
| | | ૨૬ | ૨૮૮ | ૨૮૮ | - | - | ૯૨,૮૮ | |
| | | ૨૭ | ૯ | - | ૮ | ૧ | ૯૨,૮૮ | |
| | | ૨૮ | ૫૮૭ | ૫૭૬ | ૯ | ૨ | ૯૨,૮૮ | |
| | | ૨૯ | ૫૮૭ | ૫૭૬ | ૯ | ૨ | ૯૨,૮૮ | |
| | | ૩૦ | ૧,૧૫૪ | ૧,૧૫૨ | ૧ | ૧ | ૯૨,૮૯,૮૮,૮૬ | |
| કુલ | | | ૨,૬૪૨ | ૨,૬૦૦ | ૩૫ | ૭ | | |

અપર્યા૦ મનુ૦ અને કેવળીને ૨૮નું બંધ૦ ન હોય. તેથી તેમના ઉદય૦ અને ઉદયભાંગા ઓછા કરવા. ૨૫,૨૭ના ઉદય૦ વૈ૦મનુ૦ - આહા૦સંયતને હોય. બધા ઉદય૦માં ૯૨,૮૮ના સત્તા૦ હોય. આહા૦ સંયતને ૯૨નું જ સત્તા૦ હોય. ૩૦ના ઉદય૦માં ૯૨,૮૯,૮૮,૮૬ - ૪ સત્તા૦ હોય. નરકગતિ યોગ્ય ૨૮ બાંધતા પૂર્વબદ્ધાયુ૦ જિન૦ની સત્તાવાળા

મિથ્યાદૃષ્ટિને ૮૯નું સત્તા૦ હોય.

| બંધ૦ | ભાંગા | ઉદય૦ | ભાંગા | મનુ૦ | વૈ૦ મનુ૦ | આહા૦ મનુ૦ | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૯ | ૮ | ૨૧ | ૧ | ૧ | - | - | ૯૩,૮૯ | ૧૪ |
| (દેવ | | ૨૫ | ૯ | - | ૮ | ૧ | ૯૩,૮૯ | |
| યોગ્ય) | | ૨૬ | ૧ | ૧ | - | - | ૯૩,૮૯ | |
| | | ૨૭ | ૯ | - | ૮ | ૧ | ૯૩,૮૯ | |
| | | ૨૮ | ૧૨ | ૧ | ૯ | ૨ | ૯૩,૮૯ | |
| | | ૨૯ | ૧૨ | ૧ | ૯ | ૨ | ૯૩,૮૯ | |
| | | ૩૦ | ૧૯૪ | ૧૯૨ | ૧ | ૧ | ૯૩,૮૯ | |
| કુલ | | | ૨૩૮ | ૧૯૬ | ૩૫ | ૭ | | |

જિન૦ સહિત દેવયોગ્ય ૨૯ બાંધનાર મનુ૦ જો પૂર્વના ત્રીજા ભવે હોય તો પર્યાપ્તાવસ્થામાં જ તે બાંધે. તેથી તેને ૩૦નું ઉદય૦ જ હોય. ૧લા સંઘ૦વાળો જ જિન૦ બાંધે. તેથી ૩૦ના ઉદયના ૧લુ સંઘ૦ x ૬ સંસ્થાન x સુભગ/દુર્ભગ x આદેય/અનાદેય x યશ/અયશ x ખગતિ ૨ x સ્વર ૨=૧૯૨ ભાંગા થાય.

જિન૦ સહિત દેવયોગ્ય ૨૯ બાંધનાર મનુ૦ જો તીર્થંકરના ભવમાં હોય તો તેમને ૨૧,૨૬,૨૮,૨૯,૩૦ ના ઉદય૦ હોય. તેમને બધા ઉદય૦માં ૧-૧ ભાંગો જ હોય, કેમકે તેમને બધી શુભ પ્રકૃતિઓનો જ ઉદય હોય.

જિન સહિત દેવયોગ્ય ૨૯ બાંધનાર વૈ૦મનુ૦ અને આહા૦ સંયતને પૂર્વે કહ્યા મુજબ ઉદય૦ અને તેના ભાંગા જાણવા.

આહા૦ સંયતને બધા ઉદય૦માં ૯૩નું જ સત્તા૦ હોય.

| બંધ૦ | ભાંગા | ઉદય૦ | ભાંગા | સંયત | વૈ૦ સંયત | આહા૦ સંયત | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩૦ (દેવ | ૧ | ૨૯ | ૨ | - | ૧ | ૧ | ૯૨ | ૨ |
| યોગ્ય) | | ૩૦ | ૧૪૬ | ૧૪૪ | ૧ | ૧ | ૯૨ | |
| કુલ | | | ૧૪૮ | ૧૪૪ | ૨ | ૨ | | |

અહીં આહા૦૨નો બંધ હોવાથી ૯૨નું જ સત્તા હોય.

| બંધ૦ | ભાંગા | ઉદય૦ | ભાંગા | સંયત | વૈ૦ સંયત | આહા૦ સંયત | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩૧ (દેવ યોગ્ય) | ૧ | ૩૦□ | ૧૪૬ | ૧૪૪ | ૧ | ૧ | ૯૩ | ૧ |

| બંધ૦ | ભાંગા | ઉદય૦ | ભાંગા | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૩૦ | ૨૪/૭૨ | ૯૩,૯૨,૮૯,૮૮,૮૦,૭૯,૭૬,૭૫ | ૮ |

| બંધ૦ | ભાંગા | ઉદય૦ | ભાંગા | સા૦ મનુ૦ | તીર્થંકર કેવળી | અતીર્થંકર કેવળી | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૦ | ૦ | ૨૦ | ૧ | - | - | ૧ | ૭૯,૭૫ | ૩૦ |
| | | ૨૧ | ૧ | - | ૧ | - | ૮૦,૭૬ | |
| | | ૨૬ | ૬ | - | - | ૬ | ૭૯,૭૫ | |
| | | ૨૭ | ૧ | - | ૧ | - | ૮૦,૭૬ | |
| | | ૨૮ | ૧૨ | - | - | ૧૨ | ૭૯,૭૫ | |
| | | ૨૯ | ૧૩ | - | ૧ | ૧૨ | ૮૦,૭૬,૭૯,૭૫ | |
| | | ૩૦ | ૭૩ | ૭૨ | ૧ | △ ૨૪ | ૯૩,૯૨,૮૯,૮૮, ૮૦,૭૯,૭૬,૭૫ | |
| | | ૩૧ | ૧ | - | ૧ | - | ૮૦,૭૬ | |
| | | ૯ | ૧ | - | ૧ | - | ૮૦,૭૬,૯ | |
| | | ૮ | ૧ | - | - | ૧ | ૭૯,૭૫,૮ | |
| કુલ | | | ૧૧૦ | ૭૨ | ૬ | △ ૫૬ | | |

△ અતીર્થંકર કેવળીના ૩૦ ના ઉદય૦ના ૨૪ ભાંગા સામાન્ય મનુ૦ના ૩૦ના ઉદય૦ના ૭૨ ભાંગામાં આવી જાય છે. માટે તેને જુદા ન ગણવા. તેથી ઉદય૦ ના કુલ ભાંગા ૧૧૦ થાય.

□ પૂર્વે ૭મા ગુણઠાણે ૩૧ના બંધ૦માં ૨૯,૩૦ના ઉદય૦ કહ્યા છે. તેથી અહીં પણ

## ઈન્દ્રિયમાર્ગણા

### (૧) એકેન્દ્રિય -

**બંધસ્થાનક - ૫**

| બંધ૦ | ૨૩ | ૨૫ | ૨૬ | ૨૯ | ૩૦ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ભાંગા | ૪ | ૨૫ | ૧૬ | ૯,૨૪૦ | ૪,૬૩૨ | ૧૩,૯૧૭ |

દેવ યોગ્ય ૨૮,૨૯,૩૦,૩૧, નરકયોગ્ય ૨૮, મનુ૦ યોગ્ય ૩૦ અને અપ્રાયોગ્ય ૧ ના બંધ૦ ન હોય. તેથી તેના ભાંગા ઓછા કરવા.

**ઉદયસ્થાનક - ૫ - ૨૧,૨૪,૨૫,૨૬,૨૭**

ભાંગા પૂર્વે કહ્યા પ્રમાણે જાણવા.

**સત્તા૦ - ૫ - ૯૨,૮૮,૮૬,૮૦,૭૮**

### સંવેધ

| બંધ૦ | ભાંગા | ઉદય૦ | ભાંગા | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|
| ૨૩ | ૪ | ૨૧ | ૫ | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ | ૨૪ |
| | | ૨૪ | ૧૧ | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ | |
| | | ૨૫ | ૭ | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ | |
| | | ૨૬ | ૧૩ | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ | |
| | | ૨૭ | ૬ | ૯૨,૮૮,૮૬,૮૦ | |
| કુલ | | | ૪૨ | | |

૨૫,૨૬,૨૯,૩૦ના બંધ૦માં પણ આ જ પ્રમાણે ઉદય૦, ઉદયભાંગા અને સત્તા૦ જાણવા.

---

૩૧ના બંધ૦માં ૨૯નું ઉદય૦, તેના ૨ ભાંગા અને ૯૩નું સત્તા૦ સંભવે. પણ છઠ્ઠા કર્મગ્રંથની પૂ.મલયગિરિ મ. કૃત ટીકામાં અહીં ૩૧ ના બંધ૦માં ૩૦નું જ ઉદય૦ કહ્યું હોવાથી અમે પણ એ રીતે નિરૂપણ કર્યું છે. તે પાઠ આ પ્રમાણે છે - एकत्रिंशद्बन्धकस्य एकमुदयस्थानम् - त्रिंशत्.... । ગા.૫૧ની ટીકા

**(૨-૪) વિકલેન્દ્રિય -**

**બંધસ્થાનક - ૫ :-** એકે૦ની જેમ.

**ઉદયસ્થાનક - ૬ :-** ૨૧,૨૬,૨૮,૨૯,૩૦,૩૧

ભાંગા પૂર્વે કહ્યા પ્રમાણે જાણવા.

**સત્તાસ્થાનક - ૫ :-** ૯૨,૮૮,૮૬,૮૦,૭૮

**સંવેધ**

| બંધ૦ | ભાંગા | ઉદય૦ | ભાંગા | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|
| ૨૩ | ૪ | ૨૧ | ૯ | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ | ૨૬ |
| | | ૨૬ | ૯ | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ | |
| | | ૨૮ | ૬ | ૯૨,૮૮,૮૬,૮૦ | |
| | | ૨૯ | ૧૨ | ૯૨,૮૮,૮૬,૮૦ | |
| | | ૩૦ | ૧૮ | ૯૨,૮૮,૮૬,૮૦ | |
| | | ૩૧ | ૧૨ | ૯૨,૮૮,૮૬,૮૦ | |
| કુલ | | | ૬૬ | | |

૨૫,૨૬,૨૯,૩૦ના બંધ૦માં પણ આ જ પ્રમાણે ઉદય૦, ઉદયભાંગા અને સત્તા૦ જાણવા.

**(૫) પંચેન્દ્રિય -**

**બંધસ્થાનક - ૮ :-** સામાન્ય બંધ૦ની જેમ.

*भवसयसहस्सदुल्लहे, जाइजरामरणसागरुत्तारे ।*
*जिणवयणंमि गुणायर !, खणमवि मा काहिसि पमायं ॥*
*- ઉપદેશમાળા*

*હે ગુણાકર ! લાખો ભવોમાં પણ દુર્લભ અને જન્મ-જરા-મરણરૂપી સાગરથી પાર ઉતારનાર જિનવચનમાં એક ક્ષણનો પણ પ્રમાદ કરીશ નહીં.*

ઉદયસ્થાનક - ૧૧ :- ૨૦,૨૧,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧,૯,૮

| ઉદયo | ૨૦ | ૨૧ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | ૯ | ૮ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ભાંગા | ૧ | ૨૮ | ૨૬ | ૫૭૮ | ૨૭ | ૧,૧૯૬ | ૧,૭૭૩ | ૨,૮૯૯ | ૧,૧૫૩ | ૧ | ૧ | ૭,૬૮૩ |
| પંચેoતિo | - | ૯ | - | ૨૮૯ | - | ૫૭૬ | ૧,૧૫૨ | ૧,૭૨૮ | ૧,૧૫૨ | - | - | ૪,૯૦૬ |
| વૈoપંચેoતિo | - | - | ૮ | - | ૮ | ૧૬ | ૧૬ | ૮ | - | - | - | ૫૬ |
| મનુo | - | ૯ | - | ૨૮૯ | - | ૫૭૬ | ૫૭૬ | ૧,૧૫૨ | - | - | - | ૨,૬૦૨ |
| વૈoમનુo | - | - | ૮ | - | ૮ | ૯ | ૯ | ૧ | - | - | - | ૩૫ |
| આહાoમનુo | - | - | ૧ | - | ૧ | ૨ | ૨ | ૧ | - | - | - | ૭ |
| તીર્થંકર કેવળી | - | ૧ | - | - | ૧ | - | ૧ | ૧ | ૧ | ૧ | - | ૬ |
| અતીર્થંકર કેવળી | ૧ | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૨ |
| દેવ | - | ૮ | ૮ | - | ૮ | ૧૬ | ૧૬ | ૮ | - | - | - | ૬૪ |
| નારક | - | ૧ | ૧ | - | ૧ | ૧ | ૧ | - | - | - | - | ૫ |

એકેo, વિકલેoના ઉદયo અને તેના ભાંગા ઓછા કરવા.

**સત્તાસ્થાનક - ૧૨ :- બધા.**

## સંવેધ

| બંધ૦ | ભાંગા | ઉદય૦ | ભાંગા | પંચે૦તિ૦ | મનુ૦ | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૩ | ૪ | ૨૧ | ૧૮ | ૯ | ૯ | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ | ૨૬ |
| | | ૨૬ | ૫૭૮ | ૨૮૯ | ૨૮૯ | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ | |
| | | ૨૮ | ૧,૧૫૨ | ૫૭૬ | ૫૭૬ | ૯૨,૮૮,૮૬,૮૦ | |
| | | ૨૯ | ૧,૭૨૮ | ૧,૧૫૨ | ૫૭૬ | ૯૨,૮૮,૮૬,૮૦ | |
| | | ૩૦ | ૨,૮૮૦ | ૧,૭૨૮ | ૧,૧૫૨ | ૯૨,૮૮,૮૬,૮૦ | |
| | | ૩૧ | ૧,૧૫૨ | ૧,૧૫૨ | - | ૯૨,૮૮,૮૬,૮૦ | |
| કુલ | | | ૭,૫૦૮ | ૪,૯૦૬ | ૨,૬૦૨ | | |

અહીં વૈ૦પંચે૦તિ૦ અને વૈ૦મનુ૦ ની વિવક્ષા કરી નથી. ૨૩ના બંધ૦ના બંધક મનુ૦-પંચે૦તિ૦ હોય.

*जं जं समयं जीवो,*
*अविसइ जेण जेण भावेण ।*
*सो तंमि तंमि समए,*
*सुहासुहं बंधए कम्मं ॥*

*- ઉપદેશમાળા*

*જે જે સમયે જીવ*
*જેવા જેવા ભાવમાં હોય છે*
*તે તે સમયે તે*
*શુભ-અશુભ કર્મ બાંધે છે.*

| બંધ૦ | ભાંગા | ઉદય૦ | ભાંગા | પંચે૦તિ૦ | વૈ૦પંચે૦તિ૦ | મનુ૦ | વૈ૦મનુ૦ | દેવ | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૫ | ૨૫ | ૨૧ | ૨૬ | ૯ | - | ૯ | - | ૮ | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ | ૩૦ |
| | | ૨૫ | ૨૪ | - | ૮ | - | ૮ | ૮ | ૯૨,૮૮ | |
| | | ૨૬ | ૫૭૮ | ૨૮૯ | - | ૨૮૯ | - | - | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ | |
| | | ૨૭ | ૨૪ | - | ૮ | - | ૮ | ૮ | ૯૨,૮૮ | |
| | | ૨૮ | ૧,૧૯૨ | ૫૭૬ | ૧૬ | ૫૭૬ | ૮ | ૧૬ | ૯૨,૮૮,૮૬,૮૦ | |
| | | ૨૯ | ૧,૭૬૮ | ૧,૧૫૨ | ૧૬ | ૫૭૬ | ૮ | ૧૬ | ૯૨,૮૮,૮૬,૮૦ | |
| | | ૩૦ | ૨,૮૯૬ | ૧,૭૨૮ | ૮ | ૧,૧૫૨ | - | ૮ | ૯૨,૮૮,૮૬,૮૦ | |
| | | ૩૧ | ૧,૧૫૨ | ૧,૧૫૨ | - | - | - | - | ૯૨,૮૮,૮૬,૮૦ | |
| કુલ | | | ૭,૬૬૦ | ૪,૯૦૬ | ૫૬ | ૨,૬૦૨ | ૩૨ | ૬૪ | | |

૨૬ના બંધ૦માં પણ આ જ પ્રમાણે ઉદય૦, ઉદયભાંગા અને સત્તા૦ જાણવા.

| બંધ૦ | ભાંગા | ઉદય | ભાંગા૦ | પંચે૦તિ૦ | વૈ૦પંચે૦તિ૦ | મનુ૦ | વૈ૦મનુ૦ | આહા૦મનુ૦ | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૮ | ૯ | ૨૧ | ૧૬ | ૮ | - | ૮ | - | - | ૯૨,૮૮ | ૧૯ |
| | | ૨૫ | ૧૭ | - | ૮ | - | ૮ | ૧ | ૯૨,૮૮ | |
| | | ૨૬ | ૫૭૬ | ૨૮૮ | - | ૨૮૮ | - | - | ૯૨,૮૮ | |
| | | ૨૭ | ૧૭ | - | ૮ | - | ૮ | ૧ | ૯૨,૮૮ | |
| | | ૨૮ | ૧,૧૭૯ | ૫૭૬ | ૧૬ | ૫૭૬ | ૯ | ૨ | ૯૨,૮૮ | |

| બંધo | ભાંગા | ઉદય | ભાંગાo | પંચેoતિo | વૈoપંચેoતિo | મનુo | વૈoમનુo | અહાoમનુo | સત્તાo | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨૯ | ૧,૭૫૫ | ૧,૧૫૨ | ૧૬ | ૫૭૬ | ૯ | ૨ | ૯૨,૮૮ | |
| | | ૩૦ | ૨,૮૮૦ | ૧,૭૨૮ | ૮ | ૧,૧૫૨ | ૧ | ૧ | ૯૨,૮૯,૮૮,૮૬ | |
| | | ૩૧ | ૧,૧૫૨ | ૧,૧૫૨ | - | - | - | - | ૯૨,૮૮,૮૬ | |
| કુલ | | | ૭,૬૦૨ | ૪,૯૦૪ | ૫૬ | ૨,૬૦૦ | ૩૫ | ૭ | | |

૨૮ના બંધoના બંધક મનુo-પંચેoતિo હોય.

| બંધo | ભાંગા | ઉદયo | ભાંગા | પંચેo તિo | વૈoપંચેo તિo | મનુo | વૈo મનુo | આહાo મનુo | દેવ | નારક | સત્તાo | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૯ | ૯,૨૪૮ | ૨૧ | ૨૭ | ૯ | - | ૯ | - | - | ૮ | ૧ | ૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૮ | ૪૪ |
| | | ૨૫ | ૨૬ | - | ૮ | - | ૮ | ૧ | ૮ | ૧ | ૯૩,૯૨,૮૯,૮૮ | |
| | | ૨૬ | ૫૭૮ | ૨૮૯ | - | ૨૮૯ | - | - | - | - | ૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૮ | |
| | | ૨૭ | ૨૬ | - | ૮ | - | ૮ | ૧ | ૮ | ૧ | ૯૩,૯૨,૮૯,૮૮ | |
| | | ૨૮ | ૧,૧૯૬ | ૫૭૬ | ૧૬ | ૫૭૬ | ૯ | ૨ | ૧૬ | ૧ | ૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦ | |
| | | ૨૯ | ૧,૭૭૨ | ૧,૧૫૨ | ૧૬ | ૫૭૬ | ૯ | ૨ | ૧૬ | ૧ | ૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦ | |
| | | ૩૦ | ૨,૮૯૮ | ૧,૭૨૮ | ૮ | ૧,૧૫૨ | ૧ | ૧ | ૮ | - | ૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦ | |
| | | ૩૧ | ૧,૧૫૨ | ૧,૧૫૨ | - | - | - | - | - | - | ૯૨,૮૮,૮૬,૮૦ | |
| કુલ | | | ૭,૬૭૫ | ૪,૯૦૬ | ૫૬ | ૨,૬૦૨ | ૩૫ | ૭ | ૬૪ | ૫ | | |

તિ૦ યોગ્ય ૨૯ના બંધકને ૨૧,૨૬ના ઉદય૦માં ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ના સત્તા૦ હોય, શેષ ઉદય૦માં ૭૮ સિવાયના સત્તા૦ હોય. મનુ૦ યોગ્ય ૨૯ના બંધકને પોતાના ઉદય૦માં ૯૨,૮૮,૮૬,૮૦ ના સત્તા૦ હોય. દેવયોગ્ય ૨૯ના બંધકને પોતાના ઉદય૦માં ૯૩,૮૯ના સત્તા૦ હોય.

| બંધ૦ | ભાંગા | ઉદય૦ | ભાંગા | પંચે૦તિ૦ | વૈ૦પંચે૦તિ૦ | મનુ૦ | વૈ૦મનુ૦ | દેવ | નારક | સત્તા૦ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૦ | ૪,૬૪૧ | ૨૧ | ૨૭ | ૯ | - | ૯ | - | ૮ | ૧ | ૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૮ | ૪૨ |
| | | ૨૫ | ૨૫ | - | ૮ | - | ૮ | ૮ | ૧ | ૯૩,૯૨,૮૯,૮૮ | |
| | | ૨૬ | ૫૭૮ | ૨૮૯ | - | ૨૮૯ | - | - | - | ૯૨,૮૮,૮૬,૮૦,૭૮ | |
| | | ૨૭ | ૨૫ | - | ૮ | - | ૮ | ૮ | ૧ | ૯૩,૯૨,૮૯,૮૮ | |
| | | ૨૮ | ૧,૧૯૩ | ૫૭૬ | ૧૬ | ૫૭૬ | ૮ | ૧૬ | ૧ | ૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦ | |
| | | ૨૯ | ૧,૭૬૯ | ૧,૧૫૨ | ૧૬ | ૫૭૬ | ૮ | ૧૬ | ૧ | ૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦ | |
| | | ૩૦ | ૨,૮૯૬ | ૧,૭૨૮ | ૮ | ૧,૧૫૨ | - | ૮ | - | ૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦ | |
| | | ૩૧ | ૧,૧૫૨ | ૧,૧૫૨ | - | - | - | - | - | ૯૨,૮૮,૮૬,૮૦ | |
| કુલ | | | ૭,૬૬૫ | ૪,૯૦૬ | ૫૬ | ૨,૬૦૨ | ૩૨ | ૬૪ | ૫ | | |

મનુ૦ યોગ્ય ૩૦ના બંધ૦ના બંધક દેવને પોતાના ઉદય૦માં ૯૩,૮૯ના સત્તા૦ હોય.

૩૧ અને ૧ ના બંધ૦નો અને અબંધનો સંવેધ સામાન્ય સંવેધની જેમ જાણવો.

આ રીતે ૧૪ માર્ગણાસ્થાનક અને તેના ૬૨ ઉત્તરભેદો વડે ૮ અનુયોગદ્વારમાં મૂળપ્રકૃતિ અને ઉત્તરપ્રકૃતિના બંધ૦-ઉદય૦-સત્તા૦ અને સંવેધ જાણવા. તેમાં સત્પદદ્વારમાં ગતિ૦ ઈન્દ્રિય માર્ગણામાં બંધ૦-ઉદય૦-સત્તા૦ અને

સંવેધ કહ્યા. એ પ્રમાણે શેષ માર્ગણામાં પણ જાણવા. એ જ રીતે દ્રવ્યપ્રમાણ વગેરે દ્વારોમાં માર્ગણામાં બંધ૦-ઉદય૦-સત્તા૦ અને સંવેધ કહેવા.

ઉપર સર્વત્ર ઉદયના ગ્રહણથી ઉદીરણા પણ લઈ લેવી.

## ઉદય-ઉદીરણામાં ભેદ

તે નીચે પ્રમાણે છે-

૮૧ પ્રકૃતિના ઉદય-ઉદીરણા સદા સાથે જ હોય.

૪૧ પ્રકૃતિના ઉદય-ઉદીરણામાં ભેદ છે. તે આ પ્રમાણે -

(૧-૧૪) **જ્ઞાના૦ ૫, દર્શના૦ ૪, અંતરાય ૫ = ૧૪** - ૧૨મા ગુણ૦ની ચરમાવલિકા શેષ રહે ત્યાં સુધી ઉદય-ઉદીરણા સાથે હોય. ચરમાવલિકામાં ઉદય હોય ઉદીરણા ન હોય.

(૧૫-૧૯) **નિદ્રા-૫** - શરીર પર્યાપ્તિ પૂર્ણ થયા બાદ ઈન્દ્રિયપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી અને ૧૨મા ગુણ૦ની ચરમાવલિકામાં ઉદય હોય ઉદીરણા ન હોય. શેષ કાળ ઉદય-ઉદીરણા બન્ને સાથે હોય.

(૨૦-૨૧) **વેદનીય-૨** - ૬ઠ્ઠા ગુણ૦ સુધી ઉદય-ઉદીરણા બન્ને સાથે હોય, ત્યાર પછી એકલો ઉદય હોય.

(૨૨) **મિથ્યા૦**- પ્રથમ સમ્યક્ત્વ પામતા અંતરકરણ કર્યા પછી પ્રથમસ્થિતિની ચરમાવલિકામાં માત્ર ઉદય હોય. એ સિવાય ઉદય-ઉદીરણા બન્ને સાથે હોય.

(૨૩) **સમ૦**- ક્ષાયિકસમ્યક્ત્વ પામતા સમ૦ની ચરમાવલિકામાં માત્ર ઉદય હોય. અથવા ઉપશમશ્રેણી માંડનારને અંતરકરણ કર્યા પછી સમ૦ની પ્રથમસ્થિતિની ચરમાવલિકામાં માત્ર ઉદય હોય. એ સિવાય ઉદય-ઉદીરણા બન્ને સાથે હોય.

(૨૪) **સં૦ લોભ**- ૧૦મા ગુણ૦ની ચરમાવલિકામાં માત્ર ઉદય હોય. ત્યાં સુધી ઉદય-ઉદીરણા બન્ને સાથે હોય.

(૨૫-૨૭) **વેદ ૩** - શ્રેણી માંડનારને અંતરકરણ કર્યા પછી પ્રથમસ્થિતિની ચરમાવલિકામાં માત્ર ઉદય હોય, ત્યાં સુધી ઉદય-ઉદીરણા

બન્ને હોય.

**(૨૮-૩૧)** **આયુ૦ ૪** - ચરમાવલિકામાં માત્ર ઉદય હોય. મનુ૦આયુ૦ નો ૭મા ગુણ૦થી માત્ર ઉદય જ હોય. એ સિવાય ઉદય-ઉદીરણા બન્ને સાથે હોય.

**(૩૨-૪૧)** **મનુ૦ગતિ, પંચે૦, ત્રસ-૩, સુભગ, આદેય, યશ, જિન૦, ઉચ્ચ૦ = ૧૦** - ૧૩મા ગુણ૦ સુધી ઉદય-ઉદીરણા બન્ને સાથે હોય. ૧૪મા ગુણઠાણે માત્ર ઉદય જ હોય.

હવે ૧૪ ગુણસ્થાનકે અને ૧૪ માર્ગણાસ્થાનકે બંધસ્વામિત્વ કહેવાનું છે. તે અનુક્રમે ૨જા અને ૩જા કર્મગ્રંથથી જાણી લેવું.

| પ્રકૃતિ | કઈ કઈ ગતિમાં સત્તામાં હોય ? |
|---|---|
| (૧) જિન૦ | નરક૦, દેવ૦, મનુ૦ |
| (૨) દેવાયુ૦ | દેવ૦, મનુ૦, તિ૦ |
| (૩) નરકાયુ૦ | નરક૦, મનુ૦, તિ૦ |
| (૪-૧૪૮) શેષ ૧૪૫ | ચારે ગતિમાં |

એટલે તિ૦ગતિમાં જિન૦ સિવાય બધી પ્રકૃતિની સત્તા હોય.

દેવગતિમાં નરકાયુ૦ સિવાય બધી પ્રકૃતિની સત્તા હોય.

નરકગતિમાં દેવાયુ૦ સિવાય બધી પ્રકૃતિની સત્તા હોય.

એક જ જીવને જિન૦ અને આહા૦ ૪ ની ભેગી સત્તા નરકમાં ન હોય.

એક જ જીવને જિન૦ અને આહા૦૪ ની ભેગી સત્તા ૧લા ગુણઠાણે ન હોય.

હવે ઉપશમશ્રેણી - ક્ષપકશ્રેણીનું સ્વરૂપ કહેવાનું છે. તે સંક્ષેપમાં જણાવીએ છીએ. વિસ્તારથી તે કર્મપ્રકૃતિ-પંચસંગ્રહ વગેરેમાં કહ્યું છે. ત્યાંથી જાણી લેવું.

# ઉપશમશ્રેણી

સર્વપ્રથમ અનંતાનુબંધી ઉપશમના કરે. તે આ પ્રમાણે-

૧. **અનંતાનુબંધી ઉપશમના** - ૪ થી ૭ ગુણઠાણે રહેલો, કોઈ પણ એક યોગમાં રહેલો, તેજો-પદ્મ-શુક્લ લેશ્યામાંથી કોઈપણ એક લેશ્યાવાળો, સાકાર ઉપયોગવાળો, અંતઃકોટાકોટી સાગરો૦ પ્રમાણ સ્થિતિસત્તાવાળો જીવ અનંતાનુબંધીની ઉપશમના કરે છે. તે કરણકાળની પૂર્વે પણ અંતર્મુહૂર્ત સુધી વિશુદ્ધપરિણામવાળો હોય છે. તે પરાવર્તમાન પ્રકૃતિઓ શુભ જ બાંધે, અશુભ પ્રકૃતિ ન બાંધે. સત્તામાં રહેલ અશુભ પ્રકૃતિના ૪ ઠા૦ રસને ૨ ઠા૦ કરે અને શુભ પ્રકૃતિના ૨ ઠા૦ રસને ૪ ઠા૦ કરે. તે નવો નવો સ્થિતિબંધ પલ્યોપમના સં૦□ મા ભાગ જેટલો ન્યૂન કરે છે.

આમ અંતર્મુહૂર્ત સુધી રહીને ૩ કરણ કરે. તે દરેક અંતર્મુહૂર્ત પ્રમાણવાળા હોય છે.

(i) **યથાપ્રવૃત્તકરણ** - અહીં પ્રતિસમય અનંતગુણ વિશુદ્ધિ હોય છે. શુભ પ્રકૃતિનો બંધ વગેરે પૂર્વે ની જેમ કરે. સ્થિતિઘાત-રસઘાત-ગુણસંક્રમ ન કરે. પ્રતિસમય વિવિધ જીવોની અપેક્ષાએ અસં૦લોકાકાશપ્રદેશપ્રમાણ અધ્યવસાયસ્થાનો હોય છે. ઉત્તરોત્તર સમયના અધ્યવસાયસ્થાનો વિશેષા૦ હોય છે. પહેલા સમયની જ૦ વિશુદ્ધિ સૌથી થોડી હોય છે. તેના કરતા બીજા સમયની જ૦ વિશુદ્ધિ અનંતગુણ હોય છે. તેના કરતા ત્રીજા સમયની જ૦ વિશુદ્ધિ અનંતગુણ હોય છે. એમ યથાપ્રવૃત્તકરણના સં૦મા ભાગ સુધી ઉત્તરોત્તર સમયની જ૦ વિશુદ્ધિ અનંતગુણ કહેવી. ત્યાર પછી પહેલા સમયની ઉ૦ વિશુદ્ધિ અનંતગુણ છે. તેના કરતા સં૦મા ભાગ પછીના સમયની જ૦ વિશુદ્ધિ અનંતગુણ છે. તેના કરતા

□ પાંચમા કર્મગ્રન્થની શ્રી દેવેન્દ્રસૂરિ મહારાજકૃત ટીકામાં કહ્યું છે કે નવો નવો સ્થિતિબંધ પલ્યો૦/અસં૦ ન્યૂન કરે. તે પાઠ આ પ્રમાણે છે - 'स्थितिबन्धेऽपि च पूर्णे सति अन्यं स्थितिबन्धं पूर्वपूर्वस्थितिबन्धापेक्षया पल्योपमासङ्ख्येयभागहीनं करोति ।' ૫મા કર્મગ્રંથની ગા.૯૮ની ટીકા

બીજા સમયની ઉ૦ વિશુદ્ધિ અનંતગુણ છે. એમ ઉપર-નીચે ૧-૧ સમયની વિશુદ્ધિ અનંતગુણ કહેવી યાવત્ યથાપ્રવૃત્તકરણના ચરમસમયની જ૦ વિશુદ્ધિ. તેના કરતા જે સમયોની ઉ૦ વિશુદ્ધિ નથી કહી તે ઉત્તરોત્તર અનંતગુણ હોય છે.

(ii) **અપૂર્વકરણ** - આમાં પ્રતિસમય અસં૦ લોકાકાશપ્રદેશપ્રમાણ અધ્યવસાયસ્થાનો હોય છે. યથાપ્રવૃત્તકરણના ચરમસમયની ઉ૦ વિશુદ્ધિ કરતા અપૂર્વકરણના પહેલા સમયની જ૦ વિશુદ્ધિ અનંતગુણ છે. તેના કરતા પહેલા સમયની ઉ૦ વિશુદ્ધિ અનંતગુણ છે. તેના કરતા બીજા સમયની જ૦ વિશુદ્ધિ અનંતગુણ છે. તેના કરતા બીજા સમયની ઉ૦ વિશુદ્ધિ અનંતગુણ છે. એમ ચરમસમયની ઉ૦ વિશુદ્ધિ સુધી જાણવું.

અહીં પહેલા સમયથી જ સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણી, ગુણસંક્રમ અને નવો સ્થિતિબંધ - આ પાંચ પદાર્થો એક સાથે શરુ થાય છે.

(a) **સ્થિતિઘાત** - સત્તામાં રહેલ સ્થિતિના ઉ૦થી સેંકડો સાગરો૦ પ્રમાણ અને જ૦ થી પલ્યો૦/સં૦ પ્રમાણ ખંડનો ઘાત કરે છે. તે દલિક નીચે ઘાત નહીં કરેલી સ્થિતિમાં નાંખે છે. અંતર્મુહૂર્તમાં તે સ્થિતિખંડનો ઘાત થાય છે. ત્યાર પછી તેની નીચેના પલ્યો૦/સં૦ પ્રમાણ સ્થિતિખંડનો અંતર્મુહૂર્તમાં ઘાત કરે છે. એમ અપૂર્વકરણના ચરમસમયસુધી હજારો સ્થિતિઘાત થાય છે. અપૂર્વકરણના પહેલા સમય કરતા ચરમ સમયે સ્થિતિસત્તા સં૦ગુણહીન થાય છે.

(b) **રસઘાત** - અશુભપ્રકૃતિઓના સત્તામાં રહેલા રસનો અનંતમો ભાગ છોડી બાકીનો બધા રસનો અંતર્મુહૂર્તમાં નાશ કરે છે. પછી અનંતમા ભાગમાંથી અનંતમો ભાગ છોડી બાકીના રસનો અંતર્મુહૂર્તમાં નાશ કરે છે. આમ એક સ્થિતિઘાતમાં હજારો રસઘાત થાય છે.

(c) **ગુણશ્રેણી** - અંતર્મુહૂર્તની ઉપરની સ્થિતિમાંથી દલિકો લઈ ઉદયાવલિકાની ઉપર અંતર્મુહૂર્ત સુધી પ્રતિસમય અસં૦ગુણવૃદ્ધિએ

નાંખે. આ અંતર્મુહૂર્ત અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણના કાળ કરતા થોડુ મોટુ હોય. બીજા સમયે ૧લા સમય કરતા અસં૦ ગુણ દલિક ઉપરની સ્થિતિમાંથી લઈ તે જ રીતે પ્રતિસમય અસં૦ગુણવૃદ્ધિએ નાંખે. એમ ગુણશ્રેણીના ચરમસમય સુધી જાણવું. પછી પછીના સમયે ગુણશ્રેણીનિક્ષેપ શેષ સમયોમાં થાય, ગુણશ્રેણીની લંબાઈ વધે નહીં.

(d) **ગુણસંક્રમ** - પ્રતિસમય અશુભપ્રકૃતિના અસં૦ગુણ દલિકો પરપ્રકૃતિમાં સંક્રમાવે છે.

(e) **નવો સ્થિતિબંધ** - અપૂર્વકરણના પહેલા સમયે પલ્યો૦/સં૦ (મતાંતરે પલ્યો૦/અસં૦) ન્યૂન નવો સ્થિતિબંધ શરુ કરે. સ્થિતિબંધ - સ્થિતિઘાત સાથે શરુ થાય અને સાથે પૂરા થાય.

(iii) **અનિવૃત્તિકરણ** - એક સાથે અહીં આવેલા જીવોના અધ્યવસાયસ્થાન સરખા હોય છે. પ્રતિસમય ૧-૧ અધ્યવસાયસ્થાન હોય છે. ઉત્તરોત્તર સમયે વિશુદ્ધિ અનંતગુણ હોય છે. પૂર્વોક્ત પાંચ પદાર્થો અહીં પણ પ્રવર્તે છે. અનિવૃત્તિકરણનો સં૦મો ભાગ બાકી હોય ત્યારે અનંતાનુબંધીની નીચે એક આવ૦ જેટલી સ્થિતિ છોડી અંતર્મુહૂર્ત પ્રમાણ અંતરકરણ કરે છે. તે નવા સ્થિતિબંધના કાળમાં કરે છે. અંતરકરણનું દલિક બધ્યમાન પરપ્રકૃતિમાં નાંખે. પ્રથમસ્થિતિનું આવલિકાપ્રમાણ દલિક વેધમાન પરપ્રકૃતિમાં સ્તિબુકસંક્રમથી સંક્રમાવે. અંતરકરણ કર્યા પછીના સમયથી અનંતાનુબંધીનું બીજી સ્થિતિમાં રહેલુ દલિક ઉત્તરોત્તર સમયે અસં૦ ગુણ ઉપશમાવે.

અંતર્મુહૂર્તમાં અનંતાનુબંધી સર્વથા ઉપશાંત થાય, એટલે કે સંક્રમણ-ઉદય-ઉદીરણા-નિધત્તિ-નિકાચના કરણોને અયોગ્ય થાય.

આ અનંતાનુબંધી ઉપશમના કેટલાક આચાર્યોના મતે છે.

કેટલાક આચાર્યોના મતે અનંતા૦ વિસંયોજના જ થાય છે, અનંતા૦ ઉપશમના ન થાય. તે આ પ્રમાણે-

૨. **અનંતા૦ વિસંયોજના** - ચારે ગતિના, ૪ થી ૭ ગુણ૦વાળા, પર્યાપ્તા જીવો અનંતા૦વિસંયોજના કરે. તે માટે ત્રણ કરણ કરે. તે પૂર્વની જેમ જાણવા. અહીં અનિવૃત્તિકરણમાં અંતરકરણ ન કરે. પણ નીચે આવ૦ છોડી બાકીનું બધુ દલિક ઉદ્વલના સંક્રમથી નાશ કરે. આવ૦ ગત દલિક વેદ્યમાન પરપ્રકૃતિમાં સ્તિબુકસંક્રમથી સંક્રમાવે. અનિવૃત્તિકરણના અંતે અંતર્મુહૂર્ત બાદ જીવ સ્વભાવસ્થ થાય, શેષ કર્મોના સ્થિતિઘાત-રસઘાત-ગુણશ્રેણિ ન થાય.

આમ અનંતા૦ વિસંયોજના કહી. હવે દર્શન-૩ ની ઉપશમના કહેવાની છે. તેમાં મિથ્યા૦ની ઉપશમના મિથ્યાદષ્ટિ અને વેદકસમ્યગ્દષ્ટિ કરે. સમ૦-મિશ્ર૦ ની ઉપશમના વેદકસમ્યગ્દૃષ્ટિ જ કરે. ત્યાં મિથ્યાદષ્ટિને મિથ્યા૦ની ઉપશમના પ્રથમસમ્યક્ત્વ પ્રાપ્તિ વખતે થાય. તે આ પ્રમાણે -

૩. **પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્તિ** - (મિથ્યાત્વમોહ૦ની ઉપશમના) - અપૂર્વકરણ સુધી પૂર્વની જેમ કહેવુ. અહીં અપૂર્વકરણમાં ગુણસંક્રમ ન થાય. ગુણશ્રેણી ઉદયસમયથી રચાય. અનિવૃત્તિકરણમાં પણ એ જ પ્રમાણે થાય. સં૦ મો ભાગ બાકી રહે ત્યારે મિથ્યાત્વ મોહ૦ની નીચે અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિ છોડી અંતરકરણ કરે છે. તે અંતર્મુહૂર્ત-પ્રમાણ હોય છે. તે પ્રથમસ્થિતિ કરતા કંઈક અધિક હોય છે. નવા સ્થિતિબંધના કાળમાં તે કરે છે. અંતરકરણનું દલિક ૧લી અને બીજી સ્થિતિમાં નાંખે. પહેલી સ્થિતિમાં રહેલો જીવ પહેલીસ્થિતિના દલિકને ઉદીરણાથી ઉદયમાં નાંખે તે ઉદીરણા અને બીજી સ્થિતિના દલિકને ઉદીરણાથી ઉદયમાં નાંખે તે આગાલ. ઉદય-ઉદીરણાથી પહેલી સ્થિતિને ભોગવે. પહેલી સ્થિતિની બે આવ૦ બાકી રહે ત્યારે આગાલનો વિચ્છેદ થાય, એક આવ૦ બાકી રહે ત્યારે ઉદીરણાનો વિચ્છેદ થાય. તે આવ૦ને ઉદયથી ભોગવે. ચરમસમયે બીજીસ્થિતિના દલિકના રસભેદે ત્રણ પૂંજ કરે - સમ્યક્ત્વ મોહ૦,

મિશ્ર૦ મોહ૦, મિથ્યા૦ મોહ૦. ત્યાર પછીના સમયે ઉપશમસમ્યક્ત્વ પામે. આ સમ્યક્ત્વ સાથે કોઈ દેશવિરતિ કે સર્વવિરતિ પણ પામે.

વેદક સમ્યગ્દૃષ્ટિ ત્રણે દર્શનમોહ૦ની ઉપશમના કરે છે. તે આ પ્રમાણે -

૪. **દર્શન મોહ૦ ઉપશમના** - વેદક સમ્યગ્દષ્ટિ સંયત અંતર્મુહૂર્તમાં દર્શન-3ની ઉપશમના કરે. તેમાં 3 કરણ કરે. તે પૂર્વેની જેમ જાણવા યાવત્ અનિવૃત્તિકરણનો સં૦મો ભાગ બાકી રહે. ત્યારે અંતરકરણ કરે. સમ૦ મોહ૦ની પહેલી સ્થિતિ અંતર્મુહૂર્તપ્રમાણ રાખે, મિથ્યા૦ મોહ૦ અને મિશ્ર૦ મોહ૦ની પહેલી સ્થિતિ ૧ આવ૦ જેટલી રાખે. ત્રણેનું ઉકેરાતુ દલિક સમ૦ મોહ૦ની પહેલી સ્થિતિમાં નાંખે. મિથ્યા૦ મોહ૦-મિશ્ર૦ મોહ૦ ના પહેલી સ્થિતિના દલિક સમ૦ મોહ૦ની પહેલી સ્થિતિના દલિકમાં સ્તિબુકસંક્રમથી સંક્રમાવે. સમ૦ મોહ૦ ની પહેલીસ્થિતિ ઉદયથી ભોગવાઈ જાય એટલે ઔપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત થાય. બીજીસ્થિતિના દલિકની ઉપશમના અનંતા૦ ઉપશમનાની જેમ જાણવી.

૫. **ચારિત્ર મોહ૦ ઉપશમના** - અનંતા૦ ઉપશમના/વિસંયોજના અને દર્શન-3 ઉપશમના કરીને ચારિત્રમોહ૦ ઉપશમાવવા 3 કરણ કરે. તે પૂર્વેની જેમ જાણવા. તે ત્રણે ક્રમશઃ ૭,૮,૯ ગુણઠાણે થાય. અપૂર્વકરણમાં સ્થિતિઘાત વગેરે પૂર્વે કહ્યા પ્રમાણે થાય. અબધ્યમાન અશુભ પ્રકૃતિઓનો ગુણસંક્રમ થાય. અપૂર્વકરણનો સં૦મો ભાગ ગયે છેતે નિદ્રા-૨ નો બંધવિચ્છેદ થાય. અપૂર્વકરણનો સં૦મો ભાગ બાકી રહે ત્યારે દેવ-૨, પંચે૦,વૈ૦ ૨,આહા૦ ૨, તૈ૦,કા૦,૧લુ સંસ્થાન, વર્ણાદિ ૪, અગુરુ૦, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્૦, ત્રસ-૪, સુખગતિ, સ્થિર-૫, નિર્માણ, જિન એ ૩૦ પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થાય. અપૂર્વકરણના ચરમસમયે હાસ્ય-૪નો બંધવિચ્છેદ, હાસ્ય-૬નો ઉદયવિચ્છેદ અને બધા કર્મોના દેશોપશમના-નિધત્તિ-નિકાચના કરણોનો વિચ્છેદ થાય.

પછીના સમયે અનિવૃત્તિકરણમાં પ્રવેશે. ત્યાં સ્થિતિઘાતાદિ પૂર્વેની જેમ કરે. અનિવૃત્તિકરણનો સં૦ મો ભાગ બાકી રહે ત્યારે દર્શન-૭ સિવાયની મોહ૦ની ૨૧ પ્રકૃતિઓનું અંતરકરણ કરે છે. વેદ્યમાન કષાય અને વેદની પહેલી સ્થિતિ પોતાના ઉદયકાળ જેટલી રાખે, શેષ ૧૯ પ્રકૃતિઓની પહેલી સ્થિતિ એક આવ૦ જેટલી રાખે. નવા સ્થિતિબંધના કાળમાં અંતરકરણ કરે. અંતરકરણ પહેલીસ્થિતિ કરતા સં૦ગુણ હોય છે. બધ્યમાન અને વેદ્યમાન પ્રકૃતિનું અંતરકરણ નું દલિક બન્ને સ્થિતિમાં નાંખે. જેનો બંધ ન હોય, ઉદય હોય તે પ્રકૃતિનું અંતરકરણનું દલિક પહેલી સ્થિતિમાં જ નાંખે. જેનો બંધ હોય, ઉદય ન હોય તે પ્રકૃતિનું અંતરકરણનું દલિક બીજી સ્થિતિમાં જ નાંખે. જેનો બંધ ન હોય, ઉદય ન હોય તે પ્રકૃતિનું અંતરકરણનું દલિક પરપ્રકૃતિમાં નાંખે. અંતરકરણ કર્યા પછી પ્રતિસમય નપું૦ વેદ અસં૦ ગુણ ઉપશમાવે. દરેક સમયે જેટલુ દલિક ઉપશમાવે તેના કરતા અસં૦ ગુણ દલિક પરપ્રકૃતિમાં સંક્રમાવે. ચરમસમયે સંક્રમતા દલિક કરતા ઉપશમતુ દલિક અસં૦ગુણ હોય. આમ અંતર્મુહૂર્તે નપું૦વેદ સર્વથા ઉપશાંત થાય. ત્યારપછી તે જ રીતે અંતર્મુહૂર્તમાં સ્ત્રીવેદ ઉપશમાવે. પછી અંતર્મુહૂર્તમાં હાસ્ય-૬ ઉપશમાવે. તે જ વખતે પુ૦વેદના બંધ-ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય અને પ્રથમસ્થિતિનો વિચ્છેદ થાય. હાસ્ય-૬ના ઉપશમ પછી સમયન્યૂન બે આવ૦ કાળમાં પુ૦વેદ પ્રતિસમય અસં૦ગુણ ઉપશમાવે અને પ્રતિસમય વિશેષહીન પરપ્રકૃતિમાં સંક્રમાવે. પુ૦વેદની પ્રથમસ્થિતિનો ક્ષય થયા પછી ક્રોધ-૩ ને એક સાથે ઉપશમાવવનું શરુ કરે. સં૦ક્રોધની પ્રથમસ્થિતિ સમયન્યૂન ૩ આવલિકા શેષ હોય ત્યારથી અપ્રત્યા૦-પ્રત્યા૦ ક્રોધના દલિક સં૦ ક્રોધમાં ન નાંખે, સં૦ માનાદિમાં નાંખે. ૨ આવ૦ શેષે આગાલવિચ્છેદ થાય. ૧ આવ૦ શેષે સં૦ક્રોધના બંધ-ઉદય-ઉદીરણાનો

વિચ્છેદ થાય અને અપ્રત્યા૦-પ્રત્યા૦ ક્રોધ સર્વથા ઉપશાંત થાય. સં૦ક્રોધના પ્રથમસ્થિતિના ૧ આવ૦ ના દલિકો સ્તિબુકસંક્રમથી સં૦માનમાં નાંખે. સમયન્યૂન ૨ આવ૦માં બંધાયેલુ દલિક પુ૦વેદની જેમ તેટલા કાળે ઉપશમાવે અને સંક્રમાવે.

સં૦ક્રોધના બંધ-ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થયા પછીના સમયથી બીજી સ્થિતિમાંથી દલિક ખેંચી સં૦માનની પ્રથમસ્થિતિ કરે અને ભોગવે. ઉત્તરોત્તર સમયે અસં૦ગુણ દલિક ગોઠવે. પ્રથમસ્થિતિ કર્યા પછીના સમયથી માન-૩ને ઉપમશમાવવાનું શરુ કરે. સમયન્યૂન ૩ આવ૦ શેષે અપ્રત્યા૦-પ્રત્યા૦ માન સં૦ માનમાં ન નાંખે, સં૦ માયાદિમાં નાંખે. ૨ આવ૦ શેષે આગાલવિચ્છેદ થાય. ૧ આવ૦ શેષે સં૦માનના બંધ-ઉદય-ઉદીરણાનો વિચ્છેદ થાય અને અપ્રત્યા૦-પ્રત્યા૦ માન સર્વથા ઉપશાંત થાય. સં૦માનની પ્રથમસ્થિતિની ૧ આવ૦ નું દલિક સ્તિબુક સંક્રમથી સં૦માયામાં સંક્રમાવે. સમયન્યૂન ૨ આવ૦માં બંધાયેલુ દલિક પુ૦વેદની જેમ તેટલા કાળે ઉપશમાવે અને સંક્રમાવે.

સં૦માનના બંધ-ઉદય-ઉદીરણાવિચ્છેદ થયા પછીના સમયથી બીજી સ્થિતિમાંથી દલિક ખેંચી સં૦માયાની પ્રથમસ્થિતિ કરે અને ભોગવે. ત્યારથી જ માયા-૩ ઉપશમાવવાનું શરુ કરે. પ્રથમસ્થિતિની સમયન્યૂન ૩ આવ૦ શેષે અપ્રત્યા૦-પ્રત્યા૦ માયા૦ સં૦ માયામાં ન નાંખે, સં૦ લોભમાં નાંખે. ૨ આવ૦ શેષે આગાલવિચ્છેદ થાય. ૧ આવ૦ શેષે બંધ-ઉદય-ઉદીરણાવિચ્છેદ થાય અને અપ્રત્યા૦-પ્રત્યા૦ માયા સર્વથા ઉપશાંત થાય. સં૦માયાની પ્રથમસ્થિતિની ૧ આવ૦નું દલિક સ્તિબુકસંક્રમથી સં૦લોભમાં સંક્રમાવે. સમયન્યૂન ૨ આવ૦માં બંધાયેલુ દલિક પુ૦વેદની જેમ તેટલા કાળે ઉપશમાવે અને સંક્રમાવે.

સં૦માયાના બંધ-ઉદય-ઉદીરણાવિચ્છેદ થયા પછીના સમયથી બીજી સ્થિતિમાંથી દલિક ખેંચી સં૦ લોભની લોભવેદકાદ્ધાના ૨/૩

ભાગ જેટલી પ્રથમસ્થિતિ કરે અને ભોગવે. પહેલો ૧/૩ ભાગ અશ્વકર્ણકરણાદ્ધા કહેવાય છે, બીજો ૧/૩ ભાગ કિટ્ટિકરણાદ્ધા કહેવાય છે.

અશ્વકર્ણકરણાદ્ધામાં પૂર્વસ્પર્ધકોમાંથી દલિક લઈ તેનો રસ અત્યંત હીન કરી અપૂર્વસ્પર્ધકો બનાવે. ત્યાર પછી કિટ્ટિકરણાદ્ધામાં પૂર્વસ્પર્ધકો-અપૂર્વસ્પર્ધકોમાંથી દલિક લઈ તેમનો રસ અત્યંત હીન કરી મોટા અંતરવાળી પ્રતિસમય અનંત કિટ્ટિઓ બનાવે. કિટ્ટિકરણાદ્ધાના ચરમસમયે અપ્રત્યા૦-પ્રત્યા૦ લોભ સર્વથા ઉપશાંત થાય. ત્યારે સં૦ લોભનો બંધવિચ્છેદ, બાદર સં૦ લોભના ઉદય-ઉદીરણાવિચ્છેદ અને ૯મા ગુણ૦નો વિચ્છેદ થાય.

ત્યાર પછી ૧૦મા ગુણઠાણે આવે. ત્યાં બીજીસ્થિતિમાંથી કેટલીક કિટ્ટિઓ ખેંચી ૧૦મા ગુણ૦ના કાળ તુલ્ય પ્રથમસ્થિતિ કરે અને ભોગવે. બીજી સ્થિતિમાં રહેલ શેષ કિટ્ટિઓ અને સમયન્યૂન ૨ આવ૦માં બંધાયેલુ દલિક ઉપશમાવે. ૧૦મા ગુણ૦ના ચરમસમયે સં૦લોભ સર્વથા ઉપશાંત થઈ જાય છે. ત્યારે જ્ઞાના૦ ૫, દર્શના૦ ૪, અંતરાય ૫, યશ, ઉચ્ચ૦ = ૧૬નો બંધવિચ્છેદ થાય.

ત્યાર પછી ૧૧મા ગુણઠાણે આવે. તેનો કાળ જ૦ થી ૧ સમય છે, ઉ૦ થી અંતર્મુહૂર્ત છે. અહીં કાળ અને પ્રદેશની અપેક્ષાએ તુલ્ય ગુણશ્રેણી થાય. અહીંથી બે રીતે પડે-

(૧) **ભવક્ષયથી** - ૧૧મા ગુણઠાણે સ્વભવનું આયુષ્ય પુરુ થાય તે જીવ મરીને વૈમાનિક દેવલોકમાં જાય અને ત્યાં ૪થુ ગુણઠાણુ પામે. તેને પહેલા સમયથી જ બધા કરણો પ્રવર્તે.

(૨) **કાળક્ષયથી** - ૧૧મા ગુણ૦નો કાળ પૂર્ણ થાય એટલે તે જીવ જે રીતે ચઢ્યો હોય તે જ રીતે પડે. જ્યાં જ્યાં બંધ-ઉદય-ઉદીરણાવિચ્છેદ થયા હોય ત્યાં ત્યાં તે શરુ થાય. જે મોહ૦ પ્રકૃતિનો ઉદય થાય તેની ગુણશ્રેણી તેના ઉદયકાળ કરતા અધિક અધિકકાળવાળી અને ચઢતીવખતની ગુણશ્રેણીના કાળની તુલ્ય કાળવાળી કરે. મોહ૦ સિવાયના કર્મોની ગુણશ્રેણી અનિવૃત્તિકરણ અને અપૂર્વકરણના કાળ કરતા વિશેષાધિક કરે. જે કષાયના ઉદયે શ્રેણી માંડી હોય

તે કષાયનો ઉદય થતા તેની ગુણશ્રેણી શેષકર્મોની ગુણશ્રેણી સમાન કરે.

પડતા પડતા કોઈક ૬ ઠ્ઠા ગુણઠાણે આવે, કોઈક ૫મા-૪થા ગુણઠાણે આવે, કોઈક ૨જા ગુણઠાણે પણ આવે.

ઉ૦ થી ૧ ભવમાં ૨ વાર ઉપશમશ્રેણી માંડે. જે બે વાર ઉપશમશ્રેણી માંડે તે તે જ ભવમાં ક્ષપકશ્રેણી ન માંડે. જે ૧ વાર ઉપશમશ્રેણી માંડે તે તે જ ભવમાં ક્ષપકશ્રેણી માંડી પણ શકે.

સિદ્ધાન્તના મતે ૧ ભવમાં ૧ જ શ્રેણી માંડે.

## ક્ષપકશ્રેણી

ક્ષપકશ્રેણી માંડનાર ૮ વર્ષથી ઉપરની વયનો મનુ૦ હોય.

તે સૌથી પહેલા અનંતા૦ વિસંયોજના કરે. તે પૂર્વે કહેલ છે.

**દર્શન - 3 ક્ષપણા** - અનંતા૦ વિસંયોજના કર્યા પછી દર્શન-3 નો ક્ષય કરવા 3 કરણ કરે. તે પૂર્વેની જેમ જાણવા. અપૂર્વકરણના પ્રથમસમયથી ગુણસંક્રમથી મિથ્યા૦-મિશ્ર૦ ના દલિક સમ૦માં નાંખે. તે બેનો ઉદ્વલના સંક્રમ પણ કરે છે. ઉત્તરોત્તર સમયે સ્થિતિખંડ વિશેષહીન હોય છે. અપૂર્વકરણના પ્રથમસમય કરતા ચરમસમયે સ્થિતિસત્તા સં૦ ગુણ હીન હોય છે.

ત્યાર પછી અનિવૃત્તિકરણમાં પ્રવેશે. સ્થિતિઘાતાદિ પૂર્વેની જેમ કરે. ૧લા સમયથી દર્શન-3ના દેશોપશમના-નિધત્તિ-નિકાચના કરણોનો વિચ્છેદ થાય છે. હજારો સ્થિતિઘાત બાદ દર્શન-3 ની સ્થિતિસત્તા અસંજ્ઞીપંચે૦ની સ્થિતિસત્તા તુલ્ય થાય. ત્યાર પછી હજારો સ્થિતિઘાત બાદ દર્શન-3 ની સ્થિતિસત્તા ચઉ૦ની સ્થિતિસત્તા તુલ્ય થાય. ત્યાર પછી હજારો સ્થિતિઘાત બાદ દર્શન-3 ની સ્થિતિસત્તા તેઈ૦ની સ્થિતિસત્તા તુલ્ય થાય. ત્યાર પછી હજારો સ્થિતિઘાત બાદ દર્શન-3 ની સ્થિતિસત્તા બેઈ૦ની સ્થિતિસત્તા તુલ્ય થાય. ત્યાર પછી હજારો સ્થિતિઘાત બાદ દર્શન-3 ની સ્થિતિસત્તા એકે૦ની સ્થિતિસત્તા તુલ્ય થાય. ત્યાર પછી હજારો સ્થિતિઘાત બાદ

દર્શન-૩ ની સ્થિતિસત્તા પલ્યો૦/અસં૦ની થાય. પછી ત્રણેનો ૧-૧ સં૦ મો ભાગ રાખી શેષનો ઘાત કરે. પછી તે સં૦ મા ભાગનો સં૦ મો ભાગ રાખી શેષનો ઘાત કરે. એમ હજારો સ્થિતિઘાત થાય. પછી મિથ્યા૦ ના અસં૦ ભાગોનો ઘાત કરે. શેષ ૨ ના સં૦ ભાગોનો ઘાત કરે. ઘણા સ્થિતિઘાત બાદ મિથ્યા૦ ની સ્થિતિ ૧ આવ૦ રહે છે, શેષ ૨ ની સ્થિતિ પલ્યો૦/અસં૦ થાય છે. સ્થિતિઘાતમાં મિથ્યા૦નું દલિક સમ૦-મિશ્ર૦માં નાંખે, મિશ્ર૦ નું દલિક સમ૦માં નાંખે, સમ૦નું દલિક તેની પ્રથમસ્થિતિમાં નાંખે. મિથ્યા૦ ની ૧ આવ૦નું દલિક સ્તિબુક સંક્રમથી સમ૦માં નાંખે. પછી સમ૦-મિશ્ર૦ ના અસં૦ ભાગોનો ઘાત કરે, ૧ રાખે. પછી તે ૧ ભાગના પણ અંસ૦ ભાગોનો ઘાત કરે, ૧ રાખે. એમ કેટલાક સ્થિતિઘાત પછી મિશ્ર૦ ની સ્થિતિ ૧ આવ૦ થાય. તે ૧ આવ૦ નું દલિક સ્તિબુકસંક્રમથી સમ૦ માં નાંખે. ત્યારે સમ૦ની સ્થિતિ ૮ વર્ષ હોય. નિશ્ચયમતે ત્યારે જ દર્શનમોહનીય ક્ષપક કહેવાય. ત્યારપછી સમ૦ના અંતર્મુહૂર્ત-પ્રમાણ ખંડોનો ઘાત કરી તેનુ દલિક ઉદયસમયથી ગુણશ્રેણીશીર્ષ સુધી અસં૦ ગુણાકારે નાંખે, ત્યારપછી ચરમસ્થિતિસુધી વિશેષહીન-વિશેષહીન નાંખે. આમ અંતર્મુહૂર્ત પ્રમાણવાળા ખંડોનો ઘાત કરે. દ્વિચરમ સ્થિતિખંડ કરતા ચરમખંડ સં૦ ગુણ હોય. ચરમ સ્થિતિખંડ ઉકેરાયે છતે તે કૃતકરણ કહેવાય. ત્યારે કોઈક કાળ કરી ચારમાંથી કોઈ પણ ગતિમાં ઉત્પન્ન થાય. ત્યાં કોઈ પણ લેશ્યા હોય. ત્યાં સમ૦ની શેષ સ્થિતિ ઉદય વડે ભોગવી ક્ષાયિક સમ્યક્ત્વ પામે.

જો બદ્ધાયુ૦ જીવ ક્ષપકશ્રેણી માંડે તો અનંતા૦ વિસંયોજના કર્યા પછી મરણ થવાથી અટકી જાય. જો મરણ ન થાય તો પણ દર્શન-૩ નો ક્ષય કરીને અટકી જાય. જો અબદ્ધાયુ૦ જીવ ક્ષપકશ્રેણી માંડે તો દર્શન-૭ ક્ષય થયા પછી ચારિત્રમોહ૦નો ક્ષય કરવાનું શરુ કરે. તે આ પ્રમાણે-

**ચારિત્ર મોહ૦ ક્ષપણા૦** - પૂર્વેની જેમ ૭,૮,૯ ગુણઠાણે ક્રમશઃ

૩ કરણ કરે. ૮મા ગુણઠાણે સ્થિતિઘાતાદિથી અપ્રત્યા૦ ૪ - પ્રત્યા૦ ૪ તેવી રીતે ખપાવે જેથી ૯મા ગુણઠાણાના પ્રથમસમયે તેની સ્થિતિ પલ્યો૦/અસં૦ થાય. ૯મા ગુણ૦નો સં૦મો ભાગ શેષ રહે ત્યારે થિણદ્ધિ ૩, નરક ૨, તિ૦ ૨, જાતિ૦ ૪, સ્થાવર, આતપ, ઉદ્યોત, સૂક્ષ્મ, સાધારણ એ ૧૬ પ્રકૃતિની સ્થિતિસત્તા ઉદ્વલના કરતા કરતા પલ્યો૦/અસં૦ જેટલી થાય. પછી ગુણસંક્રમથી બધ્યમાન પ્રકૃતિમાં તે ૧૬ પ્રકૃતિઓ સંક્રમાવી સર્વથા ક્ષય કરે. ત્યાર પછી બાકી રહેલ અપ્રત્યા૦ ૪ - પ્રત્યા૦ ૪નો પણ સર્વથા ક્ષય કરે. મતાંતરે, પહેલા ૧૬ પ્રકૃતિ ખપાવવાનું શરુ કરે, વચ્ચે ૮ કષાયનો ક્ષય કરે, પછી બાકી રહેલ ૧૬ પ્રકૃતિ ખપાવે. ત્યાર પછી અંતર્મુહૂર્તમાં ૯ નોકષાય અને સં૦ ૪ નું અંતરકરણ કરે. ત્યારપછી બીજી સ્થિતિમાં રહેલ નપું૦ વેદને ઉદ્વલનાસંક્રમથી ખપાવવાનું શરુ કરે. અંતર્મુહૂર્તમાં તેની સ્થિતિસત્તા પલ્યો૦/અસં૦ જેટલી થાય. ત્યાર પછી ગુણસંક્રમથી બધ્યમાન પરપ્રકૃતિમાં સંક્રમાવે. અંતર્મુહૂર્તમાં તેનો સર્વથા ક્ષય થાય. જો નપું૦ વેદે શ્રેણી માંડી હોય તો પ્રથમસ્થિતિનું દલિક ભોગવીને ખપાવે. જો અન્યવેદે શ્રેણી માંડી હોય તો પ્રથમસ્થિતિનું આવ૦ પ્રમાણ દલિક સ્તિબુકસંક્રમથી વેદ્યમાનપ્રકૃતિમાં સંક્રમાવે.

ત્યારપછી તે જ રીતે સ્ત્રી૦ નો ક્ષય કરે. ત્યારપછી ૬ નોકષાય ખપાવવાનું શરુ કરે. ત્યારથી તેમનું બીજી સ્થિતિનું દલિક પું૦ વેદમાં ન સંક્રમાવે પણ સં૦ક્રોધમાં નાંખે. આમ અંતર્મુહૂર્તમાં ૬ નોકષાયનો સર્વથા ક્ષય થાય. તે જ સમયે પુ૦ વેદના બંધ-ઉદય-ઉદીરણાવિચ્છેદ થાય અને સમયન્યૂન બે આવ૦ માં બંધાયેલા સિવાયનું દલિક ક્ષય થાય. પુ૦ વેદે શ્રેણી માંડનારને આ પ્રમાણે સમજવું. નપું૦ વેદે શ્રેણી માંડનાર પહેલા સ્ત્રીવેદ-નપું૦વેદ એકસાથે ખપાવે. તે જ સમયે પુ૦ વેદનો બંધવિચ્છેદ થાય. પછી અવેદક થઈને પુ૦વેદ અને હાસ્ય-૬ સાથે ખપાવે. સ્ત્રીવેદે શ્રેણી માંડનાર પહેલા નપું૦વેદ ખપાવે, પછી સ્ત્રી૦વેદ ખપાવે. તે જ વખતે પુ૦ વેદનો બંધવિચ્છેદ થાય. પછી અવેદક થઈને પુ૦વેદ અને હાસ્ય-૬ સાથે ખપાવે.

પુ૦ વેદે શ્રેણી માંડનાર પુ૦વેદના બંધવિચ્છેદ પછી ક્રોધના ઉદયમાં વર્તમાન હોય તો ક્રોધાદ્ધાના ૩ વિભાગ કરે - અશ્વકર્ણકરણાદ્ધા, કિટ્ટિકરણાદ્ધા અને કિટ્ટિવેદનાદ્ધા. અશ્વકર્ણકરણાદ્ધામાં સં૦ ૪ની બીજીસ્થિતિમાં પ્રતિસમય અનંતા અપૂર્વસ્પર્ધકો બનાવે. અહીં સમયન્યૂન બે આવ૦માં પુ૦ વેદને ગુણસંક્રમથી સં૦ ક્રોધમાં સંક્રમાવી ક્ષય કરે. કિટ્ટિકરણાદ્ધામાં સં૦ ૪ના બીજીસ્થિતિના દલિકની કિટ્ટિઓ કરે. તે કિટ્ટિઓ અનંત હોવા છતા સ્થૂલજાતિભેદની અપેક્ષાએ ૧૨ કલ્પાય છે. ૧-૧ કષાયની ૩-૩ કિટ્ટિ હોય છે. ક્રોધના ઉદયે શ્રેણી માંડનારને આ પ્રમાણે જાણવું.

માનના ઉદયે શ્રેણી માંડનાર ઉદ્ધલના સંક્રમથી ક્રોધનો ક્ષય કર્યા પછી સં૦૩ ની પૂર્વક્રમે ૯ કિટ્ટિ કરે. માયા ના ઉદયે શ્રેણી માંડનાર ઉદ્ધલના સંક્રમથી ક્રોધ-માનનો ક્ષય કર્યા પછી પૂર્વક્રમે સં૦ ૨ ની ૬ કિટ્ટિ કરે. લોભના ઉદયે શ્રેણી માંડનાર ઉદ્ધલના સંક્રમથી ક્રોધ-માન-માયાનો ક્ષય કર્યા પછી પૂર્વક્રમે સં૦ લોભની ૩ કિટ્ટિ કરે છે. કિટ્ટિકરણાદ્ધા પૂર્ણ થયા પછી ક્રોધના ઉદયે શ્રેણી માંડનાર ક્રોધની દ્વિતીય સ્થિતિમાં રહેલ પ્રથમકિટ્ટિનું દલિક ખેંચી તેની પ્રથમસ્થિતિ કરે અને ભોગવે. તેની આવ૦ શેષે બીજીસ્થિતિમાંથી બીજીકિટ્ટિનું દલિક ખેંચી તેની પ્રથમસ્થિતિ કરે અને ભોગવે. તેની આવ૦ શેષે બીજીસ્થિતિમાંથી ત્રીજીકિટ્ટિનું દલિક ખેંચી તેની પ્રથમસ્થિતિ કરીને ભોગવે. આ ત્રણે કિટ્ટિવેદનાદ્ધામાં બીજીસ્થિતિનું દલિક ગુણસંક્રમથી સં૦માનમાં નાખે. ત્રીજી કિટ્ટિવેદનાદ્ધાની આવ૦ શેષે સં૦ ક્રોધના બંધ-ઉદય-ઉદીરણા-વિચ્છેદ થાય. સમયન્યૂન બે આવ૦ માં બંધાયેલા સિવાયનું સં.ક્રોધનું બાકીનું બધુ દલિક ક્ષય થઈ ગયું છે.

ત્યારપછી બીજીસ્થિતિમાંથી સં૦ માનનું પ્રથમકિટ્ટિનું દલિક ખેંચી તેની પ્રથમસ્થિતિ કરીને અંતર્મુહૂર્ત સુધી ભોગવે. સં૦ ક્રોધનું સમયન્યૂન બે આવ૦ બદ્ધ દલિક ગુણસંક્રમથી સંક્રમાવી તેટલા કાળે સર્વથા ખપાવે.

સં. માનની પ્રથમકિટ્ટિવેદનાદ્ધાની આવ૦ શેષે બીજી સ્થિતિમાંથી તેની બીજી કિટ્ટિનું દલિક ખેંચી તેની પ્રથમસ્થિતિ કરીને ભોગવે. આવ૦ શેષે બીજી સ્થિતિમાંથી તેની ત્રીજી કિટ્ટિનું દલિક ખેંચી તેની પ્રથમસ્થિતિ કરીને ભોગવે. આવ૦ શેષે સં૦ માનના બંધ-ઉદય-ઉદીરણાવિચ્છેદ થાય. સમયન્યૂન બે આવ૦ માં બંધાયેલા સિવાયનું બાકીનું બધું દલિક ક્ષય થઈ ગયું છે.

ત્યારપછી બીજીસ્થિતિમાંથી સં૦ માયાનું પ્રથમકિટ્ટિનું દલિક ખેંચી તેની પ્રથમસ્થિતિ કરીને અંતર્મુહૂર્ત સુધી ભોગવે. સં૦માનનું સમયન્યૂન બે આવ૦ બદ્ધ દલિક સં૦માયામાં ગુણસંક્રમથી સંક્રમાવી સર્વથા ખપાવે. સં૦ માયાની પ્રથમકિટ્ટિવેદનાદ્ધાની આવ૦ શેષે બીજી સ્થિતિમાંથી તેની બીજી કિટ્ટિનું દલિક ખેંચી તેની પ્રથમસ્થિતિ કરીને ભોગવે. આવ૦ શેષે બીજી સ્થિતિમાંથી તેની ત્રીજી કિટ્ટિનું દલિક ખેંચી તેની પ્રથમસ્થિતિ કરીને ભોગવે. આવ૦ શેષે સં૦ માયાના બંધ-ઉદય-ઉદીરણાવિચ્છેદ થાય અને સમયન્યૂન બે આવ૦માં બંધાયેલા સિવાયનું બધુ દલિક ક્ષય થઈ ગયું છે.

ત્યારપછી સં૦ લોભની બીજી સ્થિતિમાંથી પ્રથમકિટ્ટિનું દલિક ખેંચીને પ્રથમસ્થિતિ કરીને અંતર્મુહૂર્ત સુધી ભોગવે. સં૦ માયાનું સમયન્યૂન બે આવ૦ બદ્ધ દલિક સં૦ લોભમાં ગુણસંક્રમથી સંક્રમાવી સર્વથા ખપાવે. સં૦ લોભની પ્રથમકિટ્ટિવેદનાદ્ધાની આવ૦ શેષે બીજી સ્થિતિમાંથી તેની બીજી કિટ્ટિનું દલિક ખેંચી તેની પ્રથમસ્થિતિ કરીને ભોગવે. તે વખતે બીજી સ્થિતિમાં રહેલ ત્રીજી કિટ્ટિના દલિકની સૂક્ષ્મકિટ્ટિઓ કરે. આવ૦ શેષે સં૦ લોભનો બંધવિચ્છેદ થાય, બાદર સં૦ લોભના ઉદય-ઉદીરણા વિચ્છેદ થાય અને ૯મા ગુણ૦નો વિચ્છેદ થાય.

ત્યારપછી બીજીસ્થિતિમાંથી સૂક્ષ્મકિટ્ટિનું દલિક ખેંચી તેની પ્રથમસ્થિતિ કરી ભોગવે. ત્યારે તે સૂક્ષ્મસંપરાય કહેવાય. ઉપર સર્વત્ર ૧લી-બીજી કિટ્ટિની છેલ્લી આવ૦ ક્રમશઃ બીજી-ત્રીજી કિટ્ટિમાં સ્તિબુકસંક્રમથી સંક્રમાવે. ત્રીજી કિટ્ટિની છેલ્લી આવ૦ વેદ્યમાન પરપ્રકૃતિમાં સ્તિબુકસંક્રમથી

સંક્રમાવે. સૂક્ષ્મકિટ્ટિ ભોગવતો જીવ સૂક્ષ્મકિટ્ટિના દલિકને અને સમયન્યૂન બે આવ૦ બદ્ધ દલિકને પ્રતિસમય સ્થિતિઘાતાદિથી ખપાવે છે. ૧૦મા ગુણ૦નો સં૦ મો ભાગ શેષ રહે ત્યારે સં૦ લોભને સર્વાપવર્તનાથી અપવર્તીને ૧૦મા ગુણ૦ના કાળ તુલ્ય કરે. ત્યારથી સં૦ લોભના સ્થિતિઘાતાદિ ન થાય, શેષકર્મોના થાય. તે અપવર્તિત સ્થિતિને ઉદય-ઉદીરણાથી ભોગવે. આવ૦ શેષે ઉદીરણાવિચ્છેદ થાય. પછી ચરમસમયસુધી માત્ર ઉદયથી જ ભોગવે. ચરમસમયે જ્ઞાના૦ ૫ - દર્શના૦ ૪ - અંતરાય ૫-યશ-ઉચ્ચ૦ એ ૧૬ પ્રકૃતિનો બંધવિચ્છેદ થાય, મોહ૦ ના ઉદય-સત્તા-વિચ્છેદ થાય.

ત્યારપછી ૧૨મા ગુણઠાણે આવે. ત્યાં શેષકર્મોના સ્થિતિઘાતાદિ પૂર્વેની જેમ પ્રવર્તે છે. ૧૨મા ગુણ૦નો સં૦ મો ભાગ શેષ રહે ત્યારે જ્ઞાના૦ ૫ - દર્શના૦ ૪ - અંતરાય ૫ - નિદ્રા ૨ એ ૧૬ પ્રકૃતિની સ્થિતિસત્તા સર્વાપવર્તનાથી અપવર્તીને ૧૨મા ગુણ૦ના કાળ તુલ્ય કરે છે, નિદ્રા-૨ની સ્થિતિસત્તા સ્વરૂપની અપેક્ષાએ સમય ન્યૂન કરે છે. ત્યારથી તે પ્રકૃતિના સ્થિતિઘાતાદિ ન થાય, શેષ પ્રકૃતિના થાય. પછી નિદ્રા-૨ સિવાયની ૧૪ પ્રકૃતિઓ ઉદય-ઉદીરણાથી ભોગવે. આવ૦ શેષે ઉદીરણાવિચ્છેદ થાય. પછી માત્ર ઉદયથી જ ભોગવે. દ્વિચરમસમયે નિદ્રા-૨નો ક્ષય થાય, ચરમસમયે ૧૪ પ્રકૃતિનો ક્ષય થાય.

ત્યારપછી ૧૩મા ગુણઠાણે આવે. ત્યાં કેવળજ્ઞાન-કેવળદર્શનથી લોકાલોકને જાણે અને જુવે. તેઓ જ૦ થી અંતર્મુહૂર્ત અને ઉ૦ થી દેશોનપૂર્વકોટી સુધી વિચરે. પછી જેના વેદનીયાદિ કર્મો આયુ૦ કરતા વધુ હોય તેઓ સ્થિતિને સમાન કરવા સમુદ્ઘાત કરે. ત્યારપછી યોગનિરોધ કરે. તેમાં પહેલા બાદર કાયયોગના આલંબનથી બાદર મનોયોગનો નિરોધ કરે, પછી બાદર વચનયોગનો નિરોધ કરે, પછી સૂક્ષ્મ કાયયોગના આલંબનથી બાદર કાયયોગનો નિરોધ કરે, પછી સૂક્ષ્મ મનોયોગનો નિરોધ કરે, પછી સૂક્ષ્મ વચનયોગનો નિરોધ કરે. પછી સૂક્ષ્મ કાયયોગનો નિરોધ કરતા તે સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ ધ્યાન કરે. તેનાથી શરીરના

છિદ્રો પૂરાઈ જવાથી શરીરના ત્રીજા ભાગ જેટલા આત્મપ્રદેશો સંકોચાઈ જાય. પછી ૧૩મા ગુણ૦ના ચરમસમય સુધી આયુ૦ સિવાયના અઘાતી કર્મોની સ્થિતિઘાતાદિથી અપવર્તના કરે. ચરમસમયે બધા કર્મો ૧૪મા ગુણ૦ના કાળ તુલ્ય સ્થિતિવાળા થાય. જેમનો ૧૪મા ગુણઠાણે ઉદય નથી તે કર્મોની સ્થિતિ સ્વરૂપની અપેક્ષાએ સમય ન્યૂન કરે. ત્યારે ૧ વેદનીય, ઔદા૦ ૨, તૈ૦, કા૦, ૧લુ સંઘ૦, ૬ સંસ્થાન, વર્ણાદિ-૪, અગુરુ૦, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્૦, ખગતિ ૨, પ્રત્યેક, સ્થિર-૨, અસ્થિર-૨, સુસ્વર, દુઃસ્વર, નિર્માણ એ ૩૦ પ્રકૃતિના ઉદય-ઉદીરણાવિચ્છેદ થાય.

ત્યારપછી ૧૪મા ગુણઠાણે આવે. ત્યાં અજઘન્યોત્કૃષ્ટ અંતર્મુહૂર્ત કાળ છે. ત્યાં વ્યુપરતક્રિયા અપ્રતિપાતિ ધ્યાન કરે. ઉદયવાળી પ્રકૃતિઓ ભોગવીને ખપાવે. અનુદયવાળી પ્રકૃતિઓ વેદ્યમાન પ્રકૃતિઓમાં સ્તિબુકસંક્રમથી સંક્રમાવે. દ્વિચરમસમયે ઔદા૦ ૪, તૈ૦ શરીર-બંધન-સંઘાતન, કા૦ શરીર-બંધન-સંઘાતન, ૬ સંઘ૦, ૬ સંસ્થાન, વર્ણાદિ ૪, મનુ૦ આનુ૦, પરાઘાત, ઉપઘાત, અગુરુ૦, ખગતિ ૨, પ્રત્યેક, અપર્યા૦, ઉચ્છ્વાસ, સ્થિર-૨, અસ્થિર-૨, સુસ્વર, દુઃસ્વર, દુર્ભગ, અનાદેય, અયશ, નિર્માણ, નીચ૦, ૧ વેદનીય, વૈ૦ ૪, આહા૦ ૪, દેવ-૨ એ ૫૭ પ્રકૃતિઓનો ક્ષય થાય. ૧ વેદનીય, મનુ૦આયુ૦,ઉચ્ચ૦, મનુ૦ગતિ, પંચે૦, ત્રસ-૩, સુભગ, આદેય, યશ, જિન૦ એ ૧૨ પ્રકૃતિઓનો ઉદય ૧૪મા ગુણઠાણે હોય છે. ચરમસમયે આ ૧૨ પ્રકૃતિનો ક્ષય થાય. મતાંતરે દ્વિચરમસમયે મનુ૦આનુ૦સિવાય ૫૬નો ક્ષય થાય અને ચરમસમયે મનુ૦આનુ૦સહિત ૧૩ નો ક્ષય થાય.

ત્યારપછીના સમયે જીવ ઊર્ધ્વલોકના અંતે જાય છે. ત્યાં હંમેશ માટે સિદ્ધિસુખને ભોગવે છે.

**છટ્ઠા કર્મગ્રંથના પદાર્થ સંપૂર્ણ.**

આ પદાર્થનિરૂપણમાં જિનાજ્ઞાવિરુદ્ધ કંઈ પણ પ્રરૂપણા થઈ હોય તો તેનું ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્ દઉં છું.

◆ ◆ ◆ ◆ ◆

# સપ્તતિકા

# છઠ્ઠો કર્મગ્રંથ

## (મૂળગાથા અને શબ્દાર્થ)

**સિદ્ધપએહિં મહત્થં, બંધોદયસંતપયડિઠાણાણં ।**
**વુચ્છં સુણ સંખેવં, નિસંદં દિટ્ઠિવાયસ્સ ॥૧॥**

મહાન અર્થવાળા, દષ્ટિવાદના ઝરણારૂપ, બંધ-ઉદય-સત્તાના પ્રકૃતિસ્થાનોના સંક્ષેપને સિદ્ધ પદો વાળા ગ્રંથોમાંથી હું કહીશ. તે સાંભળ. (૧)

**કઈ બંધંતો વેયઈ ? કઈ કઈ વા સંતપયડિઠાણાણિ ।**
**મૂલુત્તરપગઈસું, ભંગવિગપ્પા મુણેઅવ્વા ॥૨॥**

પ્રશ્ન - કેટલી પ્રકૃતિ બાંધતો થકો કેટલી પ્રકૃતિ વેદે ? અથવા તે તે પ્રકૃતિ બાંધનારા અને વેદનારાને કેટલા પ્રકૃતિસત્તાસ્થાન હોય ?

જવાબ - મૂળ અને ઉત્તર પ્રકૃતિને વિષે ભાંગાના વિકલ્પો જાણવા. (૨)

**અટ્ઠવિહસત્તછબ્બંધએસુ, અટ્ઠેવ ઉદયસંતંસા ।**
**એગવિહે તિવિગપ્પો, એગવિગપ્પો અબંધંમિ ॥૩॥**

આઠવિધ - સાતવિધ - છવિધ બંધકોમાં આઠ પ્રકૃતિના ઉદય અને સત્તા હોય. એકવિધ બંધકમાં ત્રણ વિકલ્પ છે. અબંધમાં એક વિકલ્પ છે. (૩)

**સત્તટ્ઠબંધ અટ્ઠુદય-સંત, તેરસસુ જીવઠાણેસુ ।**
**એગંમિ પંચ ભંગા, દો ભંગા હુંતિ કેવલિણો ॥૪॥**

૧૩ જીવસ્થાનોમાં ૭ કે ૮ નો બંધ, ૮ ના ઉદય અને સત્તા હોય. એક જીવસ્થાનમાં પાંચ ભાંગા છે. કેવળીને બે ભાંગા છે. (૪)

**અટ્ઠસુ એગવિગપ્પો, છસ્સુવિ ગુણસન્નિએસુ દુવિગપ્પો ।**
**પત્તેઅં પત્તેઅં, બંધોદયસંતકમ્માણં ।।૫।।**

બંધ-ઉદય-સત્તાના કર્મોનો આઠ ગુણઠાણામાં દરેકમાં ૧ વિકલ્પ હોય, છ ગુણઠાણામાં બે વિકલ્પ હોય. (૫)

**પંચ નવ દુન્નિ અટ્ઠા-વીસા, ચઉરો તહેવ બાયાલા ।**
**દુન્નિ અ પંચ ય ભણિયા, પયડીઓ આણુપુવ્વીએ ।।૬।।◆**

આઠ કર્મની અનુક્રમે ૫,૯,૨,૨૮,૪,૪૨,૨,૫ પ્રકૃતિઓ કહી છે. (૬)

**બંધોદયસંતંસા, નાણાવરણંતરાઈએ પંચ ।**
**બંધોવરમેવિ ઉદય, સંતંસા હુંતિ પંચેવ ।।૭।।**

જ્ઞાનાવરણ અને અંતરાયમાં બંધ-ઉદય-સત્તારૂપ અંશો પાંચ હોય છે. તથા બંધના અભાવમાં પણ ઉદય અને સત્તા પાંચ જ હોય છે. (૭)

**બંધસ્સ ય સંતસ્સ ય, પગઈઠ્ઠાણાઈ તિણ્ણિ તુલ્લાઈ ।**
**ઉદયઠ્ઠાણાઈ દુવે, ચઉ પણગં દંસણાવરણે ।।૮।।**

દર્શનાવરણમાં બંધના અને સત્તાના પ્રકૃતિસ્થાનો ૩ છે. તે સમાન છે. ઉદયસ્થાનો ૪ અને ૫ એમ બે છે. (૮)

**બીઆવરણે નવબંધએ(ગે)સુ, ચઉપંચઉદય નવસંતા ।**
**છચ્ચઉબંધે ચેવં, ચઉબંધુદએ છલંસા ય ।।૯।।**

**ઉવરયબંધે ચઉ પણ, નવંસ ચઉરુદય છચ્ચ ચઉસંતા ।**
**વેઅણિઆઉયગોએ, વિભજ્જ મોહં પર વુચ્છં ।।૧૦।।**

---

◆ આ નિશાનીવાળી ગાથાઓ ટીકામાં રચાયેલી છે, શેષ મૂળગાથાઓ છે.

દર્શનાવરણમાં ૯ના બંધકોમાં ૪ કે ૫ નો ઉદય અને ૯ની સત્તા હોય. છ અને ચારના બંધમાં પણ આ પ્રમાણે. ૪ ના બંધ-ઉદયમાં ૬ની સત્તા હોય. બંધના અભાવમાં ૪ કે ૫ નો ઉદય અને ૯ની સત્તા તેમજ ૪ નો ઉદય અને ૬ કે ૪ ની સત્તા હોય. વેદનીય-આયુષ્ય-ગોત્રમાં વિકલ્પ કરવા. પછી મોહનીયના વિકલ્પ કહીશ. (૯)(૧૦)

**ગોઅંમિ સત્ત ભંગા, અટ્ઠ ય ભંગા હવંતિ વેઅણિએ ।**
**પણ નવ નવ પણ ભંગા, આઉચઉક્કેવિ કમસો ઉ ॥૧૧॥**

ગોત્રમાં ૭ ભાંગા છે. વેદનીયના ૮ ભાંગા છે. ચાર આયુષ્યમાં પણ ક્રમશઃ ૫,૯,૯,૫ ભાંગા છે. (૧૧)

**બાવીસ ઈક્કવીસા, સત્તરસં તેરસેવ નવ પંચ ।**
**ચઉ તિગ દુગં ચ ઈક્કં, બંધટ્ઠાણાણિ મોહસ્સ ॥૧૨॥**

૨૨,૨૧,૧૭,૧૩,૯,૫,૪,૩,૨,૧ - આ મોહનીયના બંધસ્થાનો છે. (૧૨)

**એગં વ દો વ ચઉરો, એત્તો એગાહિઆ દસુક્કોસા ।**
**ઓહેણ મોહણિજ્જે, ઉદયટ્ઠાણાણિ નવ હુંતિ ॥૧૩॥**

૧ કે ૨ કે ૪ અહીંથી એક અધિક ઉત્કૃષ્ટથી ૧૦ સુધી - મોહનીયમાં ઓઘથી આ ૯ ઉદયસ્થાન હોય છે. (૧૩)

**અટ્ઠ ય સત્ત ય છચ્ચઉ, તિગ દુગ એગાહિઆ ભવે વીસા ।**
**તેરસ બારિક્કારસ, ઈત્તો પંચાઈ એગૂણા ॥૧૪॥**

**સંતસ્સ પયડિઠાણાણિ, તાણિ મોહસ્સ હુંતિ પન્નરસ ।**
**બંધોદયસંતે પુણ, ભંગવિપ્પા બહૂ જાણ ॥૧૫॥**

૮,૭,૬,૪,૩,૨,૧ અધિક એવા ૨૦ (એટલે ૨૮,૨૭,૨૬,

૨૪,૨૩,૨૨,૨૧) ૧૩,૧૨,૧૧, અહીંથી ૫ વગેરે ૧-૧ ન્યૂન (૫,૪,૩,૨,૧)- તે મોહનીયના સત્તાના ૧૫ પ્રકૃતિસ્થાનો છે. વળી બંધ-ઉદય-સત્તામાં ભાંગાના ઘણા વિકલ્પો જાણવા. (૧૪)(૧૫)

**છબ્બાવીસે ચઉ ઈગવીસે, સત્તરસ તેરસે દો દો ।**
**નવબંધગે વિ દુણ્ણિ ઉ, ઈક્કિક્કમઓ પરં ભંગા ॥૧૬॥**

૨૨ના બંધમાં ૬,૨૧ના બંધમાં ૪, ૧૭ અને ૧૩ ના બંધમાં ૨-૨, ૯ના બંધકમાં પણ ૨ ભાંગા હોય. પછી ૧-૧ ભાંગો હોય. (૧૬)

**દસ બાવીસે નવ ઈગવીસે, સત્તાઈ ઉદયકમ્મંસા ।**
**છાઈ નવ સત્તરસે, તેરે પંચાઈ અટ્ઠેવ ॥૧૭॥**

૨૨ના બંધમાં ૭ થી ૧૦, ૨૧ના બંધમાં ૭ થી ૯, ૧૭ના બંધમાં ૬ થી ૯, ૧૩ના બંધમાં ૫ થી ૮ના ઉદયસ્થાન હોય. (૧૭)

**ચત્તારિઆઈ નવબંધએસુ, ઉક્કોસા સત્તમુદયંસા ।**
**પંચવિહબંધગે પુણ, ઉદઓ દુણ્હં મુણેઅવ્વો ॥૧૮॥**

૯ના બંધકમાં ૪ થી ઉત્કૃષ્ટ ૭ના ઉદયસ્થાન હોય, પાંચવિધબંધકમાં બેનો ઉદય જાણવો. (૧૮)

**ઈત્તો ચઉબંધાઈ, ઇક્કિક્કુદયા હવંતિ સવ્વેવિ ।**
**બંધોવરમે વિ તહા, ઉદયાભાવે વિ વા હુજ્જા ॥૧૯॥**

અહીંથી ૪ વગેરેના બંધો બધાય ૧-૧ ઉદયવાળા હોય છે. બંધના અભાવમાં પણ તે પ્રમાણે હોય. ઉદયના અભાવમાં પણ સત્તા વિકલ્પે હોય. (૧૯)

**ઇક્કગ છક્કિક્કારસ, દસ સત્ત ચઉક્ક ઇક્કગં ચેવ ।**
**એએ ચઉવીસગયા, બાર દુગિક્કંમિ ઇક્કારા ॥૨૦॥**

મોહનીયના ઉદયસ્થાનો (૧૦,૯,૮,૭,૬,૫,૪) આશ્રયી અનુક્રમે ૧,૬,૧૧,૧૦,૭,૪,૧ ચોવીશી નિશ્ચયે હોય. બેના ઉદયમાં ૧૨ (મતાંતરે ૨૪) અને ૧ ના ઉદયમાં ૧૧ ભાંગા હોય. (૨૦)

**નવતેસીઈસએહિં, ઉદયવિગપ્પેહિં મોહિઆ જીવા ।**
**અઉણુત્તરિ-સીઆલા, પયવિંદ-સએહિં વિન્નેઆ ॥૨૧॥**

૯૮૩ ઉદયવિકલ્પોથી અને ૬,૯૪૭ પદવૃંદોથી જીવો મોહ પામેલા જાણવા. (૨૧)

**નવપંચાણઉઅસએ, ઉદયવિગપ્પેહિં મોહિઆ જીવા ।**
**અઉણુત્તરિ એગુત્તરિ, પયવિંદસએહિં વિન્નેઆ ॥૨૨॥**

(મતાંતરે) ૯૯૫ ઉદયવિકલ્પો અને ૬,૯૭૧ પદવૃંદોથી જીવો મોહ પામેલા જાણવા. (૨૨)

**તિન્નેવ ય બાવીસે, ઈગવીસે અટ્ઠવીસ સત્તરસે ।**
**છચ્ચેવ તેર-નવ-બંધએસુ, પંચેવ ઠાણાણિ ॥૨૩॥**

૨૨ના બંધમાં ૩, ૨૧ના બંધમાં ૨૮નું, ૧૭ના બંધમાં છ, ૧૩ અને ૯ના બંધમાં ૫ સત્તાસ્થાનો છે. (૨૩)

**પંચવિહ-ચઉવિહેસું, છ છક્ક સેસેસુ જાણ પંચેવ ।**
**પત્તેઅં પત્તેઅં, ચત્તારિ અ બંધવુચ્છેએ ॥૨૪॥**

પાંચવિધ અને ચારવિધ બંધમાં છ-છ, શેષ દરેકમાં ૫ અને બંધવિચ્છેદ બાદ ચાર સત્તાસ્થાન જાણવા. (૨૪)

**દસ-નવ-પન્નરસાઈ, બંધોદય-સંત-પયડિઠાણાણિ ।**
**ભણિઆણિ મોહણિજ્જે, ઈત્તો નામં પરં વુચ્છં ॥૨૫॥**

મોહનીયમાં બંધ-ઉદય-સત્તા સ્થાનો અનુક્રમે ૧૦,૯,૧૫ કહ્યા. હવે

પછી નામકર્મ વિષે કહીશ. (૨૫)

**તેવીસ પન્નવીસા, છવ્વીસા અટ્ઠવીસ ગુણતીસા ।**
**તીસેગતીસમેગં, બંધટ્ઠાણાણિ નામસ્સ ॥૨૬॥**

૨૩,૨૫,૨૬,૨૮,૨૯,૩૦,૩૧,૧ - આ નામકર્મના બંધસ્થાન છે. (૨૬)

**ચઉ પણવીસા સોલસ, નવ બાણઉઈ સયા ય અડયાલા ।**
**એયાલુત્તર છાયાલ સયા, ઈક્કિક્ક બંધવિહી ॥૨૭॥**

તે બંધસ્થાનોના અનુક્રમે ૪, ૨૫, ૧૬, ૯, ૯,૨૪૮, ૪,૬૪૧, ૧, ૧ બંધના ભાંગા છે. (૨૭)

**વીસિગવીસા ચઉવીસગા ઉ, એગાહિઆ ય ઈગતીસા ।**
**ઉદયટ્ઠાણાણિ ભવે, નવ અટ્ઠ ય હુંતિ નામસ્સ ॥૨૮॥**

૨૦,૨૧,૨૪ થી એકાધિક ૩૧ સુધી (૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯, ૩૦,૩૧) ૯,૮ - આ નામકર્મના ઉદયસ્થાન છે. (૨૮)

**ઈક્ક બિઆલિક્કારસ, તિત્તીસા છસ્સયાણિ તિત્તીસા ।**
**બારસ સત્તરસસયાણ-હિગાણિ-બિપંચસીઈહિં ॥૨૯॥**

**અઉણત્તીસિક્કારસ, સયાણિહિઅ સતરપંચસટ્ઠીહિં ।**
**ઈક્કિક્કગં ચ વીસા - દટ્ઠુદયંતેસુ ઈદયવિહી ॥૩૦॥**

૨૦ થી ૮ના ઉદયસ્થાનોના અનુક્રમે ૧, ૪૨, ૧૧, ૩૩, ૬૦૦, ૩૩, ૧,૨૦૨, ૧,૭૮૫, ૨,૯૧૭, ૧,૧૬૫, ૧, ૧ ઉદયભાંગા છે. (૨૯)(૩૦)

**તિદુનઉઈ ગુણનઉઈ, અડસી છલસી અસીઈ ગુણસીઈ ।**
**અટ્ઠ ય છપ્પન્નત્તરિ, નવ અટ્ઠ ય નામસંતાણિ ॥૩૧॥**

૯૩,૯૨,૮૯,૮૮,૮૬,૮૦,૭૯,૭૮,૭૬,૭૫,૯,૮ - આ નામકર્મના સત્તાસ્થાનો છે. (૩૧)

**અટ્ઠ ય બારસ બારસ, બંધોદયસંત-પયડિઠાણાણિ ।**
**ઓહેણાએસેણ ય, જત્થ જહાસંભવં વિભજે ॥૩૨॥**

નામકર્મના બંધ-ઉદય-સત્તા ના પ્રકૃતિસ્થાનો અનુક્રમે ૮,૧૨ અને ૧૨ છે. તે સામાન્યે અને વિશેષે જ્યાં જેટલા સંભવતા હોય ત્યાં તેટલા વિકલ્પ કરવા. (૩૨)

**નવ પણગોદયસંતા, તેવીસે પન્નવીસ છવ્વીસે ।**
**અટ્ઠ ચઉરટ્ઠવીસે, નવ સગિ ગુણતીસ તીસંમિ ॥૩૩॥**

૨૩,૨૫ અને ૨૬ના બંધમાં ૯-૯ ઉદયસ્થાનક અને ૫-૫ સત્તાસ્થાનક હોય છે. ૨૮ના બંધમાં ૮ ઉદયસ્થાનક અને ૪ સત્તાસ્થાનક હોય છે. ૨૯ અને ૩૦ના બંધમાં ૯ ઉદયસ્થાનક અને ૭ સત્તાસ્થાનક હોય છે. (૩૩)

**એગેગમેગતીસે, એગે એગુદય અટ્ઠ સંતંમિ ।**
**ઉવરયબંધે દસ દસ, વેઅગસંતંમિ ઠાણાણિ ॥૩૪॥**

૩૧ ના બંધમાં ૧ ઉદયસ્થાનક અને ૧ સત્તાસ્થાનક હોય છે. ૧ ના બંધમાં ૧ ઉદયસ્થાનક અને ૮ સત્તાસ્થાનક હોય છે. બંધના અભાવમાં, ઉદયમાં અને સત્તામાં ૧૦-૧૦ સ્થાનો હોય છે. (૩૪)

**તિવિગપ્પ-પગઈ-ઠાણેહિં, જીવ-ગુણસન્નિએસુ ઠાણેસુ ।**
**ભંગા પઉંજિઅવ્વા, જત્થ જહા સંભવો ભવઈ ॥૩૫॥**

બંધસ્થાનક, ઉદયસ્થાનક અને સત્તાસ્થાનક રૂપી ત્રણ પ્રકારના પ્રકૃતિસ્થાનો વડે જીવસ્થાનોમાં અને ગુણઠાણામાં જ્યાં જેટલા ભાંગા સંભવતા હોય ત્યાં તેટલા કહેવા. (૩૫)

**તેરસસુ જીવ-સંખેવએસુ, નાણંતરાયતિવિગપ્પો ।**
**ઈક્કંમિ તિદુવિગપ્પો, કરણં પઈ ઈત્થ અવિગપ્પો ॥૩૬॥**

૧૩ જીવસ્થાનોમાં જ્ઞાનાવરણ અને અંતરાય કર્મનો ૩ વિકલ્પવાળો ભાંગો હોય છે. ૧ જીવસ્થાનમાં ૩ અને ૨ વિકલ્પવાળા ભાંગા હોય છે. અહીં દ્રવ્યમનને આશ્રયીને વિકલ્પોનો અભાવ હોય છે. (૩૬)

**તેરે નવ ચઉ પણગં, નવ સંતેગંમિ ભંગમિક્કારા ।**
**વેઅણિ-આઉય-ગોએ, વિભજ્જ મોહં પરં વુચ્છં ॥૩૭॥**

દર્શનાવરણકર્મના ૧૩ જીવસ્થાનોમાં ૯નો બંધ, ૪ કે ૫ નો ઉદય અને ૯ની સત્તા હોય છે. ૧ જીવસ્થાનમાં ૧૧ ભાંગા હોય છે. વેદનીય, આયુષ્ય અને ગોત્ર કર્મને વિષે વિકલ્પો કરીને પછી મોહનીયકર્મને કહીશ. (૩૭)

**પજ્જત્તગ-સન્નિઅરે, અટ્ઠ ચઉક્કં ચ વેઅણિઅભંગા ।**
**સત્ત ચ તિગં ચ ગોએ, પત્તેઅં જીવઠાણેસુ ॥૩૮॥**

વેદનીયકર્મના પર્યાપ્તા સંજ્ઞીમાં ૮ ભાંગા હોય છે અને શેષ ૧૩ જીવસ્થાનોમાં ૪ ભાંગા હોય છે. ગોત્રકર્મના પર્યાપ્તા સંજ્ઞીમાં ૭ ભાંગા હોય છે અને શેષ ૧૩ જીવસ્થાનોમાં દરેકમાં ૩ ભાંગા હોય છે. (૩૮)

**પજ્જત્તાઽપજ્જત્તગ, સમણે પજ્જત્તઅમણ સેસેસુ ।**
**અટ્ઠાવીસં દસગં, નવગં પણગં ચ આઉસ્સ ॥૩૯॥**

આયુષ્યકર્મના પર્યાપ્તા સંજ્ઞી, અપર્યાપ્તા સંજ્ઞી, પર્યાપ્તા અસંજ્ઞી અને શેષ જીવસ્થાનોમાં ક્રમશઃ ૨૮,૧૦,૯ અને ૫ ભાંગા હોય છે. (૩૯)

**અટ્ઠસુ પંચસુ એગે, એગ દુગં દસ ચ મોહબંધગએ ।**
**તિગ ચઉ નવ ઉદયગએ, તિગ તિગ પન્નરસ સંતંમિ ॥૪૦॥**

૮,૫ અને ૧ જીવસ્થાનમાં મોહનીયના ક્રમશઃ ૧,૨ અને ૧૦ બંધસ્થાનો, ૩,૪ અને ૯ ઉદયસ્થાનો અને ૩,૩ અને ૧૫ સત્તાસ્થાનો હોય છે. (૪૦)

**પણ દુગ પણગં પણ ચઉ, પણગં પણગા હવંતિ તિન્નેવ ।**
**પણ છપ્પણગં છચ્છ-પ્પણગં અટ્ઠઅટ્ઠ દસગં તિ ॥૪૧॥**

**સત્તેવ અપજ્જત્તા, સામી સુહુમા ય બાયરા ચેવ ।**
**વિગલિંદિઆઉ તિન્નિ ઉ, તહ ય અસન્ની અ સન્ની અ ॥૪૨॥**

૫-૨-૫, ૫-૪-૫, ૫-૫-૫, ૫-૬-૫, ૬-૬-૫, ૮-૮-૧૦ નામકર્મના બંધસ્થાન - ઉદયસ્થાન - સત્તાસ્થાન છે. તેમના સ્વામી ક્રમશઃ સાત અપર્યાપ્તા, પર્યાપ્તા સૂક્ષ્મ એકે૦, પર્યાપ્તા બાદર એકે૦, પર્યાપ્તા વિકલેન્દ્રિય ૩, પર્યાપ્તા અસંજ્ઞી અને પર્યાપ્તા સંજ્ઞી છે. (૪૧)(૪૨)

**નાણંતરાય તિવિહમવિ, દસસુ દો હુંતિ દોસુ ઠાણેસુ ।**
**મિચ્છાસાણે બીએ, નવ ચઉ પણ નવ ય સંતંસા ॥૪૩॥**

૧૦ ગુણઠાણામાં જ્ઞાનાવરણ અને અંતરાય કર્મ ત્રણે વિકલ્પવાળા હોય છે. બે ગુણઠાણામાં બે વિકલ્પ હોય છે. દર્શનાવરણકર્મમાં, મિથ્યાત્વ અને સાસ્વાદન ગુણઠાણામાં ૯ નો બંધ, ૪ કે ૫નો ઉદય અને ૯ની સત્તા હોય છે. (૪૩)

**મિસ્સાઈ નિઅટ્ટીઓ, છચ્ચઉ પણ નવ ય સંતકમ્મંસા ।**
**ચઉબંધ તિગે ચઉ પણ, નવંસ દુસુ જુઅલ છસ્સંતા ॥૪૪॥**

મિશ્રથી નિવૃત્તિ (૮મા) ગુણઠાણા સુધી ૬નો બંધ, ૪ કે ૫નો ઉદય અને ૯ની સત્તા હોય છે. ૮ થી ૧૦ સુધીના ત્રણ ગુણઠાણામાં ૪ નો બંધ, ૪ કે ૫ નો ઉદય અને ૯ની સત્તા હોય છે. ક્ષપકશ્રેણીમાં ૯,૧૦ - આ બે ગુણઠાણામાં ૪ નો બંધ અને ઉદય અને ૬ ની સત્તા હોય છે. (૪૪)

**ઉવસંતે ચઉ પણ નવ, ખીણે ચઉરુદય છચ્ચ ચઉ સંતા ।**
**વેઅણિ-આઉઅ-ગોએ, વિભજ્જ મોહં પરં વુચ્છં ॥૪૫॥**

ઉપશાંતમોહ ગુણઠાણે ૪ કે ૫ નો ઉદય અને ૯ની સત્તા હોય છે. ક્ષીણમોહ ગુણઠાણે ૪ નો ઉદય અને ૬ કે ૪ ની સત્તા હોય છે. વેદનીય, આયુષ્ય અને ગોત્રકર્મ વિષે વિકલ્પો કરીને પછી મોહનીયને કહીશ. (૪૫)

**ચઉ છસ્સુ દુન્નિ સત્તસુ, એગે ચઉ ગુણિસુ વેઅણિઅભંગા ।**
**ગોએ પણ ચઉ દો તિસુ, એગટ્ઠસુ દુન્નિ ઈક્કંમિ ॥૪૬॥**

વેદનીયકર્મના ૬ ગુણઠાણામાં ૪ ભાંગા, ૭ ગુણઠાણામાં બે ભાંગા અને ૧ ગુણઠાણામાં ૪ ભાંગા હોય છે. ગોત્રકર્મમાં ૧લા ગુણઠાણે ૫, ૨જા ગુણઠાણે ૪, મિશ્રાદિ ૩ ગુણઠાણામાં બે, પ્રમત્તાદિ આઠ ગુણઠાણામાં ૧ અને ૧ (અયોગી) ગુણઠાણામાં ૨ ભાંગા હોય છે. (૪૬)

**અટ્ઠચ્છાહિગવીસા, સોલસ વીસં ચ બારસ છ દોસુ ।**
**દો ચઉસુ તીસુ ઈક્કં, મિચ્છાઈસુ આઉએ ભંગા ॥૪૭॥**

આયુષ્યકર્મમાં મિથ્યાત્વાદિ ગુણઠાણામાં ૨૮,૨૬,૧૬,૨૦,૧૨, બે ગુણઠાણામાં ૬, ૪ ગુણઠાણામાં ૨, ૩ ગુણઠાણામાં ૧ ભાંગો હોય છે. (૪૭)

**ગુણઠાણએસુ અટ્ઠસુ, ઈક્કિક્કં મોહબંધઠાણં તુ ।**
**પંચ અનિઅટ્ઠિઠાણે, બંધોવરમો પરં તત્તો ॥૪૮॥**

૮ ગુણઠાણામાં મોહનીયકર્મનું ૧-૧ બંધસ્થાન હોય છે, અનિવૃત્તિ ગુણઠાણે ૫ બંધસ્થાન હોય છે, ત્યાર પછી બંધનો અભાવ હોય છે. (૪૮)

**સત્તાઈ દસ ઉ મિચ્છે, સાસાયણમીસએ નવુક્કોસા ।**
**છાઈ નવ ઉ અવિરએ, દેસે પંચાઈ અટ્ઠેવ ॥૪૯॥**

**વિરએ ખઓવસમિએ, ચઉરાઈ સત્ત છચ્ચ પુવ્વંમિ ।**
**અનિઅટ્ટિબાયરે પુણ, ઈક્કો વ દુવે વ ઉદયંસા ।।૫૦।।**

મોહનીયકર્મના મિથ્યાત્વ ગુણઠાણે ૭ થી ૧૦ ના, સાસ્વાદન-મિશ્ર ગુણઠાણે ૭ થી ૯ના, અવિરત ગુણઠાણે ૬ થી ૯ના, દેશવિરત ગુણઠાણે ૫ થી ૮ના, ક્ષાયોપશમિક વિરતરૂપ ૬-૭ ગુણઠાણે ૪ થી ૭ના, અપૂર્વકરણ ગુણઠાણે ૪ થી ૬ ના, અનિવૃત્તિ બાદર ગુણઠાણે ૧ કે ૨ ના ઉદયસ્થાન હોય છે. (૪૯)(૫૦)

**એગં સુહુમસરાગો, વેએઈ અવેઅગા ભવે સેસા ।**
**ભંગાણં ચ પમાણં, પુવ્વુદ્દિટ્ઠેણ નાયવ્વં ।।૫૧।।**

સૂક્ષ્મસંપરાયગુણઠાણાવાળો ૧ પ્રકૃતિને વેદે છે, શેષ ગુણઠાણાવાળા અવેદક હોય છે. ભાંગાનું પ્રમાણ પૂર્વે કહ્યા પ્રમાણે જાણવું. (૫૧)

**ઈક્ક છડિક્કારિક્કારસેવ, ઈક્કારસેવ નવ તિન્નિ ।**
**એએ ચઉવીસગયા, બાર દુગે પંચ ઈક્કંમિ ।।૫૨।।**

૧૦ થી ૪ સુધીના ઉદયસ્થાનો આશ્રયીને ક્રમશઃ ભાંગાની ૧,૬,૧૧,૧૧,૧૧,૯,૩ ચોવીશી હોય છે. ૨ના ઉદયસ્થાનના ૧૨ અને ૧ ના ઉદયસ્થાનના ૫ ભાંગા હોય છે. (૫૨)

**બારસ-પણસટ્ઠિ સયા, ઉદયવિગપ્પેહિં મોહિઆજીવા ।**
**ચુલસીઈ સત્તુત્તરિ, પયવિંદસએહિં વિન્નેઆ ।।૫૩।।**

૧,૨૬૫ ઉદયભાંગાઓથી અને ૮,૪૭૭ પદવૃંદોથી જીવો મોહ પામેલા જાણવા. (૫૩)

**અટ્ઠગ ચઉ ચઉ ચઉરટ્ઠગા ય, ચઉરો અ હુંતિ ચઉવીસા ।**
**મિચ્છાઈ-અપુવ્વંતા, બારસ પણગં ચ અનિઅટ્ટી ।।૫૪।।**

મિથ્યાત્વથી અપૂર્વકરણ ગુણઠાણા સુધી ઉદયસ્થાનોના ભાંગાની ક્રમશઃ ૮,૪,૪,૮,૮,૮,૮,૪ ચોવિશીઓ હોય છે. અનિવૃત્તિ ગુણઠાણે ૧૨ અને ૫ ભાંગા હોય છે. (૫૪)

**જોગોવઓગલેસાઈએહિં, ગુણિઆ હવંતિ કાયવ્વા ।**
**જે જત્થ ગુણટ્ઠાણે, હવંતિ તે તત્થ ગુણકારા ।।૫૫।।**

યોગ-ઉપયોગ-લેશ્યા વગેરેથી ઉદયભાંગા ગુણવા. જે ગુણઠાણે જેટલા યોગ વગેરે હોય તે ગુણઠાણે તે ગુણકાર જાણવો. (૫૫)

**અટ્ઠટ્ઠી બત્તીસં, બત્તીસં સટ્ઠિમેવ બાવન્ના ।**
**ચોઆલં દોસુ વીસા વિ અ, મિચ્છમાઈસુ સામન્નં ।।૫૬।।**

મિથ્યાત્વ વગેરે ગુણઠાણે સામાન્યથી ૬૮,૩૨,૩૨,૬૦,૫૨, બે ગુણઠાણે ૪૪ અને ૨૦ ઉદયપદો હોય છે. (૫૬)

**તિન્નેગે એગેગં, તિગ મીસે પંચ ચઉસુ તિગ પુવ્વે ।**
**ઈક્કાર બાયરંમિ ઉ, સુહુમે ચઉ તિન્નિ ઉવસંતે ।।૫૭।।**

મોહનીયકર્મના મિથ્યાત્વ ગુણઠાણે ૩, સાસ્વાદન ગુણઠાણે ૧, મિશ્ર ગુણઠાણે ૩, ચાર ગુણઠાણામાં ૫, અપૂર્વકરણ ગુણઠાણે ૩, અનિવૃત્તિબાદર ગુણઠાણે ૧૧, સૂક્ષ્મ સંપરાય ગુણઠાણે ૪, ઉપશાંતમોહ ગુણઠાણે ૩ સત્તાસ્થાન હોય. (૫૭)

**છન્નવ છક્કં તિગ સત્ત દુગં, દુગ તિગ દુગં તિ અટ્ઠ ચઊ ।**
**દુગ છચ્ચઉ દુગ પણ ચઉ, ચઉ દુગ ચઉ પણગ એગ ચઊ ।।૫૮।।**

**એગેગમટ્ઠ એગેગમટ્ઠ, છઉમત્થ-કેવલિજિણાણં ।**
**એગ ચઊ એગ ચઊ, અટ્ઠ ચઊ દુ છક્કમુદયંસા ।।૫૯।।**

નામકર્મના ૧ થી ૧૦ ગુણઠાણાસુધી ક્રમશઃ ૬-૯-૬, ૩-૭-૨, ૨-૩-૨, ૩-૮-૪, ૨-૬-૪, ૨-૫-૪, ૪-૨-૪, ૫-૧-૪, ૧-૧-૮, ૧-૧-૮ બંધ-

ઉદય-સત્તાના સ્થાનો હોય છે. છદ્મસ્થજિન-કેવલિજિનરૂપ ૧૧ થી ૧૪ ગુણઠાણા સુધી ક્રમશઃ ૧-૪, ૧-૪, ૮-૪, ૨-૬ ઉદય-સત્તાના સ્થાનો હોય છે. (૫૮)(૫૯)

**ચઉ પણવીસા સોલસ, નવ ચત્તાલા સયા ય બાણઉઈ ।**
**બત્તીસુત્તર છાયાલ સયા, મિચ્છસ્સ બંધવિહી ॥૬૦॥**

મિથ્યાત્વ ગુણઠાણાના ૨૩ વગેરે બંધસ્થાનોના ક્રમશઃ ૪, ૨૫, ૧૬, ૯, ૯,૨૪૦, ૪,૬૩૨ ભાંગા છે. (૬૦)

**અટ્ઠ સયા ચઉસટ્ઠી, બત્તીસસયાઈં સાસણે ભેઆ ।**
**અટ્ઠાવીસાઈસું, સવ્વાણડ્ઠહિગછન્નઉઈ ॥૬૧॥**

સાસ્વાદન ગુણઠાણાના ૨૮,૨૯,૩૦ના બંધસ્થાનોના ક્રમશઃ ૮, ૬,૪૦૦, ૩,૨૦૦ ભાંગા છે. બધા બંધસ્થાનોના કુલ ૯,૬૦૮ ભાંગા છે. (૬૧)

**ઈગચત્તિગાર બત્તીસ, છસય ઈગતીસિગારનવનઉઈ ।**
**સતરિગસિ ગુતીસચઉદ, ઈગારચઉસટ્ઠિ મિચ્છુદયા ॥૬૨॥**

મિથ્યાત્વ ગુણઠાણે ૨૧,૨૪,૨૫,૨૬,૨૭,૨૮,૨૯,૩૦,૩૧ ના ઉદયસ્થાનોના ક્રમશઃ ૪૧, ૧૧, ૩૨, ૬૦૦, ૩૧, ૧,૧૯૯, ૧,૭૮૧, ૨,૯૧૪, ૧,૧૬૪ ભાંગા છે. (૬૨)

**બત્તીસ દુન્નિ અટ્ઠ ય, બાસીઈ સયા ય પંચ નવ ઉદયા ।**
**બારહિઆ તેવીસા, બાવન્નિક્કારસ સયા ય ॥૬૩॥**

સાસ્વાદન ગુણઠાણે ૨૧,૨૪,૨૫,૨૬,૨૯,૩૦,૩૧ ના ઉદયસ્થાનોના ક્રમશઃ ૩૨, ૨, ૮, ૫૮૨, ૯, ૨,૩૧૨, ૧,૧૫૨ ભાંગા છે. (૬૩)

**દો છક્કટ્ઠ ચઉક્કં, પણ નવ ઈક્કાર છક્કગં ઉદયા ।**
**નેરઈઆઈસુ સત્તા, તિ પંચ ઈક્કારસ ચઉક્કં ॥૬૪॥**

નરક-તિર્યંચ-મનુષ્ય-દેવ ગતિમાં નામકર્મના ક્રમશઃ ૨-૬-૮-૪ બંધસ્થાનો ૫-૯-૧૧-૬ ઉદયસ્થાનો અને ૩-૫-૧૧-૪ સત્તાસ્થાનો છે. (૬૪)

**ઈગ વિગલિંદિઅ સગલે, પણ પંચ ય અટ્ઠ બંધઠ્ઠાણાણિ ।**
**પણ છક્કિક્કારુદયા, પણ પણ બારસ ય સંતાણિ ।।૬૫।।**

એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સકલ (પંચેન્દ્રિય)માં નામકર્મના ક્રમશઃ ૫-૫-૮ બંધસ્થાનો, ૫-૬-૧૧ ઉદયસ્થાનો, ૫-૫-૧૨ સત્તાસ્થાનો છે. (૬૫)

**ઈઅ કમ્મપગઈ-ઠાણાણિ, સુટ્ઠુ બંધુદય-સંતકમ્માણં ।**
**ગઈઆઈએહિં અટ્ઠસુ, ચઉપ્પયારેણ નેઆણિ ।।૬૬।।**

આ રીતે આઠ અનુયોગદ્વારોમાં ગતિ વગેરે માર્ગણાસ્થાનો વડે પ્રકૃતિ-સ્થિતિ-રસ-પ્રદેશ રૂપ ચારે પ્રકારે બંધ-ઉદય-સત્તાના કર્મપ્રકૃતિસ્થાનો સારી રીતે જાણવા. (૬૬)

**ઉદયસ્સુદીરણાએ, સામિત્તાઓ ન વિજ્જઈ વિસેસો ।**
**મુત્તૂણ ય ઈગયાલં, સેસાણં સવ્વપયડીણં ।।૬૭।।**

૪૧ પ્રકૃતિ સિવાયની શેષ બધી પ્રકૃતિઓના ઉદયના અને ઉદીરણાના સ્વામિત્વને આશ્રયીને ભેદ નથી. (૬૭)

**નાણંતરાય-દસગં, દંસણ નવ વેઅણિજ્જ મિચ્છત્તં ।**
**સમ્મત્ત લોભ વેઆ-ઉઆણિ નવનામ ઉચ્ચં ચ ।।૬૮।।**

જ્ઞાનાવરણ અને અંતરાયની ૧૦, દર્શનાવરણ ૯, વેદનીય ૨, મિથ્યા૦ મોહ૦, સમ૦ મોહ૦, સં૦ લોભ, વેદ ૩, આયુષ્ય ૪, નામકર્મની ૯, ઉચ્ચ૦ - આ ૪૧ પ્રકૃતિની ઉદીરણા વિના પણ ઉદય હોય. (૬૮)

**તિત્થયરાહારગ-વિરહિઆઉ, અજ્જેઈ સવ્વપયડીઓ ।**
**મિચ્છત્તવેઅગો સાસણો વિ, ગુણવીસસેસાઓ ॥૬૯॥**

મિથ્યાદૃષ્ટિ જિન૦ અને આહા૦ ૨ સિવાયની બધી પ્રકૃતિઓ બાંધે. સાસ્વાદન ગુણઠાણાવાળો ૧૯ પ્રકૃતિ સિવાયની પ્રકૃતિઓ બાંધે. (૬૯)

**છાયાલસેસ મીસો, અવિરયસમ્મો તિઆલપરિસેસા ।**
**તેવન્ન દેસવિરઓ, વિરઓ સગવન્નસેસાઓ ॥૭૦॥**

મિશ્ર ગુણઠાણાવાળો ૪૬ પ્રકૃતિ સિવાયની, અવિરત સમ્યગ્દષ્ટિ ૪૩ પ્રકૃતિ સિવાયની, દેશવિરત ૫૩ પ્રકૃતિ સિવાયની, સર્વવિરત ૫૭ પ્રકૃતિ સિવાયની પ્રકૃતિઓ બાંધે. (૭૦)

**ઈગુણટ્ઠિ-મપ્પમત્તો, બંધઈ દેવાઉઅસ્સ ઈઅરોવિ ।**
**અટ્ઠાવન્નમપુવ્વો, છપ્પન્નં વાવિ છવ્વીસં ॥૭૧॥**

અપ્રમત્તસંયત ૫૯ પ્રકૃતિ બાંધે છે. અપ્રમત્ત પણ દેવાયુષ્યનો બંધક છે. અપૂર્વકરણગુણઠાણાવાળો ૫૮,૫૬ કે ૨૬ પ્રકૃતિ બાંધે છે. (૭૧)

**બાવીસા એગૂણં, બંધઈ અટ્ઠારસંત-મનિઅટ્ટી ।**
**સત્તરસ સુહુમસરાગો, સાયમમોહો સજોગુત્તિ ॥૭૨॥**

અનિવૃત્તિ બાદર ગુણઠાણાવાળો ૨૨ અથવા ૧૮ સુધી ૧-૧ ઓછી પ્રકૃતિ (૨૧,૨૦,૧૯,૧૮) બાંધે છે. સૂક્ષ્મ સંપરાય ગુણઠાણાવાળો ૧૭ પ્રકૃતિ બાંધે. મોહનીયના ઉદય વિનાના સયોગી જીવો (એટલે કે ૧૧-૧૨-૧૩ ગુણઠાણાવાળા) સાતા વેદનીય બાંધે છે. (૭૨)

**એસો ઉ બંધસામિત્તઓહો, ગઈઆઈએસુ વિ તહેવ ।**
**ઓહાઓ સાહિજ્જઈ, જત્થ જહા પગઈસબ્ભાવો ॥૭૩॥**

આ ઓઘથી (સામાન્યથી) બંધસ્વામિત્વ કહ્યું. તે જ રીતે ગતિ

વગેરેમાં જ્યાં જેટલી પ્રકૃતિનો સદ્‌ભાવ હોય ત્યાં ઓઘમાં કહ્યા પ્રમાણે તે કહેવો. (૭૩)

**તિત્થયર-દેવનિરયાઉઅં ચ, તિસુ તિસુ ગઈસુ બોધવ્વં ।**
**અવસેસા પયડીઓ, હવંતિ સવ્વાસુ વિ ગઈસુ ॥૭૪॥**

જિન૦, દેવાયુષ્ય અને નરકાયુષ્ય ૩-૩ ગતિમાં જાણવું. બાકીની પ્રકૃતિઓ બધી ય ગતિમાં હોય છે. (૭૪)

**પઢમકસાયચઉક્કં, દંસણતિગ સત્તગા વિ ઉવસંતા ।**
**અવિરયસમ્મત્તાઓ, જાવ નિઅટ્ટિત્તિ નાયવ્વા ॥૭૫॥**

અવિરત સમ્યગ્દૃષ્ટિથી નિવૃત્તિ એટલે અપૂર્વકરણ ગુણઠાણા સુધી પહેલા ચાર કષાય અને દર્શન ૩ એ સાતે ય પ્રકૃતિ ઉપશાંત થયેલી જાણવી. (૭૫)

**સત્તટ્ઠ નવ ય પનરસ, સોલસ અટ્ઠારસેવ ગુણવીસા ।**
**એગાહિ દુ ચઉવીસા, પણવીસા બાયરે જાણ ॥૭૬॥**

અનિવૃત્તિબાદર ગુણઠાણે ૭,૮,૯,૧૫,૧૬,૧૮,૧૯,૨૧,૨૨,૨૪,૨૫ પ્રકૃતિઓ ઉપશાંત થયેલી જાણવી. (૭૬)

**સત્તાવીસં સુહુમે, અટ્ઠાવીસં ચ મોહપયડીઓ ।**
**ઉવસંતવીઅરાએ, ઉવસંતા હુંતિ નાયવ્વા ॥૭૭॥**

સૂક્ષ્મસંપરાય ગુણઠાણે ૨૭, ઉપશાંત વીતરાગ ગુણઠાણે મોહનીયની ૨૮ પ્રકૃતિઓ ઉપશાંત થયેલી છે એમ જાણવું. (૭૭)

**પઢમકસાયચઉક્કં, ઈત્તો મિચ્છત્ત-મીસ-સમ્મત્તં ।**
**અવિરયસમ્મે દેસે, પમત્તિ અપમત્તિ ખીઅંતિ ॥૭૮॥**

અવિરત સમ્યગ્દૃષ્ટિ-દેશવિરત-પ્રમત્તસંયત-અપ્રમત્તસંયત ગુણઠાણે પહેલા

ચાર કષાયનો પછી મિથ્યાત્વ મોહ૦-મિશ્ર૦ મોહ૦-સમ૦ મોહ૦ નો ક્ષય થાય છે. (૭૮)

**અનિઅટ્ટિબાયરે, થીણગિદ્ધિતિગ-નિરયતિરિઅનામાઓ ।**
**સંખિજ્જઈમે સેસે, તપ્પાઉગ્ગાઓ ખીઅંતિ ॥૭૯॥**

અનિવૃત્તિબાદર ગુણઠાણે સંખ્યાતમો ભાગ બાકી હોતે છતે થિણદ્ધિ ૩, નરકગતિ નામકર્મ, તિર્યંચગતિ નામકર્મ અને નરકગતિ-તિર્યંચગતિ યોગ્ય પ્રકૃતિઓ ક્ષય પામે છે. (૭૯)

**ઈત્તો હણઈ કસાયટ્ઠગં પિ, પચ્છા નપુંસગં ઈત્થિં ।**
**તો નોક્સાયછક્કં, છુહઈ સંજલણકોહંમિ ॥૮૦॥**

ત્યાર પછી આઠે ય કષાયોને હણે છે, પછી નપુંસકવેદ-સ્ત્રીવેદને હણે છે. પછી ૬ નોકષાયને સંજ્વલન ક્રોધમાં નાંખે છે. (૮૦)

**પુરિસં કોહે કોહં માણે, માણં ચ છુહઈ માયાએ ।**
**માયં ચ છુહઈ લોહે, લોહં સુહુમંપિ તો હણઈ ॥૮૧॥**

પુરુષવેદને સંજ્વલન ક્રોધમાં, સંજ્વલન ક્રોધને સંજ્વલન માનમાં, સંજ્વલન માનને સંજ્વલન માયામાં નાંખે છે અને સંજ્વલન માયાને સંજ્વલન લોભમાં નાંખે છે. પછી સૂક્ષ્મ લોભને પણ હણે છે. (૮૧)

**ખીણકસાયદુચરિમે, નિદ્દં પયલં ચ હણઈ છઉમત્થો ।**
**આવરણમંતરાએ, છઉમત્થો ચરમસમયંમિ ॥૮૨॥**

છદ્મસ્થ જીવ ક્ષીણ કષાય ગુણઠાણાના દ્વિચરમસમયે નિદ્રા અને પ્રચલાને હણે છે અને ચરમસમયે આવરણ ૯ અને અંતરાય ૫ને હણે છે. (૮૨)

**દેવગઈસહગયાઓ, દુચરમસમયભવિઅંમિ ખીઅંતિ ।**
**સવિવાગેઅરનામા, નીઆગોઅં પિ તત્થેવ ॥૮૩॥**

ભવ્ય જીવના દ્વિચરમસમયે દેવગતિ સાથે બંધાતી ૧૦ પ્રકૃતિઓ, નામકર્મની અનુદયવતી પ્રકૃતિઓ, નીચગોત્ર અને ૧ વેદનીય ત્યાં જ ક્ષય પામે છે. (૮૩)

**અન્નયર-વેઅણીઅં, મણુઆઉઅ-મુચ્ચગોઅ-નવનામે ।**
**વેએઈ અજોગિજિણો, ઉક્કોસ જહન્નમિક્કારા ॥૮૪॥**

અયોગી જિન એક વેદનીય, મનુષ્યાયુષ્ય, ઉચ્ચગોત્ર, નામકર્મની ૯ પ્રકૃતિ ઉત્કૃષ્ટથી વેદે છે અને જઘન્યથી ૧૧ પ્રકૃતિ વેદે છે. (૮૪)

**મણુઅગઈ જાઈ તસ બાયરં ચ, પજ્જત્તસુભગમાઈજ્જં ।**
**જસકિત્તી તિત્થયરં, નામસ્સ હવંતિ નવ એઆ ॥૮૫॥**

મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, સુભગ, આદેય, યશકીર્તિ, જિન૦-આ નામકર્મની ૯ પ્રકૃતિઓ છે. (૮૫)

**તચ્ચાણુપુવ્વિસહિઆ, તેરસ ભવસિદ્ધિઅસ્સ ચરમંમિ ।**
**સંતંસગમુક્કોસં, જહન્નયં બારસ હવંતિ ॥૮૬॥**

તે મનુષ્યાનુપૂર્વી સહિત ૧૩ પ્રકૃતિઓની તદ્ભવ મોક્ષગામીને ચરમસમયે ઉત્કૃષ્ટથી સત્તા હોય છે અને જઘન્યથી ૧૨ની સત્તા હોય છે. (૮૬)

**મણુઅગઈસહગયાઓ, ભવખિત્તવિવાગ જિઅવિવાગાઓ ।**
**વેઅણિઅન્નયરુચ્ચં, ચરમ-સમયંમિ ખીઅંતિ ॥૮૭॥**

મનુષ્યગતિની સાથે ઉદયમાં આવનારી ભવવિપાકી - ક્ષેત્રવિપાકી અને જીવવિપાકી પ્રકૃતિઓ, ૧ વેદનીય, ઉચ્ચ૦ ભવ્યના ચરમસમયે ક્ષય પામે છે. (૮૭)

**અહ સુઈઅસયલજગસિહર-મરુઅનિરુવમસહાવસિદ્ધિસુહં ।**
**અનિહણમવ્વાબાહં, તિરયણસારં અણુહવંતિ ॥૮૮॥**

કર્મક્ષય થયા પછી જીવ એકાંતે શુદ્ધ, સંપૂર્ણ, સાંસારિક સુખના શિખરરૂપ, રોગરહિત, ઉપમારહિત, સ્વાભાવિક, અનંત, પીડારહિત, ત્રણ રત્નના સારભૂત મોક્ષસુખને અનુભવે છે. (૮૮)

**દુરહિગમ-નિઉણ-પરમત્થ-રુઈરબહુભંગદિટ્ઠિવાયાઓ ।**
**અત્થા અણુસરિઅવ્વા, બંધોદયસંતકમ્માણં ॥૮૯॥**

દુઃખેથી જાણી શકાય એવા, સુક્ષ્મબુદ્ધિથી જાણવા યોગ્ય, સાચા અર્થવાળા, મનને આનંદ કરનાર, ઘણા ભાંગાવાળા દૃષ્ટિવાદમાંથી બંધ-ઉદય-સત્તાકર્મના અર્થો જાણવા. (૮૯)

**જો જત્થ અપડિપુન્નો, અત્થો અપ્પાગમેણ બદ્ધોત્તિ ।**
**તં ખમિઊણ બહુસુઆ, પૂરેઊણં પરિકહંતુ ॥૯૦॥**

અલ્પશ્રુતવાળા મેં જ્યાં જે અર્થ અધૂરો રચ્યો હોય, બહુશ્રુતો ક્ષમા કરીને તે અર્થ પૂરીને સંપૂર્ણપણે કહે. (૯૦)

**ગાહગ્ગં સયરીએ, ચંદમહત્તર-મયાણુસારીએ ।**
**ટીગાઈ-નિઅમિઆણં, એગૂણા હોઈ નઉઈઓ ॥૯૧॥**

ચંદ્રમહત્તરના મતને અનુસરનારી સપ્તતિકામાં ગાથાનું પ્રમાણ ટીકામાં રચાયેલી ગાથાઓ સહિત ૮૯ ગાથાઓ થાય છે. (૯૧)

-o-o-o-o-o-

-o-o-o-

-o-o-

-o-

# પ્રશસ્તિ

પરમ પૂજ્ય તપાગચ્છીય, સિદ્ધાન્તમહોદધિ,
ચારિત્ર ચૂડામણિ, આચાર્યદેવ **શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા**ના પટ્ટાલંકાર પરમ પૂજ્ય વર્ધમાનતપોનિધિ,
ન્યાયવિશારદ, આચાર્યદેવ**શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**ના શિષ્યરત્ન પરમ પૂજ્ય સમતાસાગર,
ગુરુકૃપાપાત્ર, પંન્યાસપ્રવર **શ્રી પદ્મવિજયજી** ગણિવર્યના
શિષ્યરત્ન વૈરાગ્યદેશનાદક્ષ, સીમન્ધરજિનોપાસક,
આચાર્યદેવ **શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**એ
પરમ પૂજ્ય કર્મસાહિત્યનિષ્ણાત આચાર્યદેવ
**શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ**
પાસેથી વાચનાઓ પામી તેનું અવતરણ
કરી સપ્તતિકા-છઠ્ઠા કર્મગ્રન્થના આ
પદાર્થસંગ્રહ અને ગાથા - શબ્દાર્થનું
સંકલન કર્યું.

## સમર્પણ

શ્રીભુવનભાનુસૂરિ જન્મશતાબ્દી
વર્ષ નિમિત્તે આ ગ્રન્થપુષ્પ
ભવોદધિતારક પૂજ્ય પ્રગુરુદેવ
**શ્રીભુવનભાનુસૂરીશ્વરજી**
મહારાજાના કરકમલમાં સાદર
સમર્પણ કરું છું.

- આ. હેમચન્દ્રસૂરિ.

## ઉપકારી ઉપકાર તમારો કદિય ન વિસરીએ

અમારા કુટુંબમાંથી દીક્ષિત થયેલ

પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવશ્રીમદ્વિજય

**હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા

❊

પૂ. પ્રવર્ત્તિની શ્રી **વસંતપ્રભાશ્રીજી** મહારાજ

❊

પૂ. સાધ્વીજી શ્રી **સ્વયંપ્રભાશ્રીજી** મહારાજ

❊

પૂ. સાધ્વીજી શ્રી **દિવ્યયશાશ્રીજી** મહારાજ

❊

આ પૂજ્યોના ચરણોમાં ભાવભરી વંદના



## સુકૃતની કમાણી કરનાર
## પુણ્યશાળી પરિવાર

પદાર્થપ્રકાશ ભાગ-૭ના પ્રકાશનનો સંપૂર્ણ લાભ

**'હેમસુકૃતનિધિ'માંથી**

**સ્વ. મૂળીબેન અંબાલાલ શાહ ખંભાતવાળાએ** લીધેલ છે.

હ. પુત્રવધૂ રમાબેન પુંડરિકભાઈ,
પૌત્રવધૂ ખ્યાતિ શર્મેશકુમાર, મલય-દર્શી,
પૌત્રી પ્રેરણા દેવેશકુમાર, મેઘ-કુંજીતા,
પૌત્રી પ્રીતિ રાજેશકુમાર, દેવાંશ-નિર્જરા.

સંપત્તિનો સદ્વ્યય કરનાર સૌભાગ્યશાળી પરિવારની
અમે ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ છીએ.

MULTY GRAPHICS
(022) 23873222 • 23884222